દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 300 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 December 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20
બુધવાર ૧૮ ડિસેમ્બર ૨૦૨૪, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘એક દેશ, એક ચૂંટણી’ના ખરડા જેપીસીને મોકલાયા

નવી દિલ્હી: ‘એક દેશ, એક ચૂંટણી’ અંગેના ખરડા લોકસભામાં મંગળવારે રજૂ કરાયા બાદ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીસી)ને મોકલાયા હતા. આ ખરડામાં લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી એક સાથે યોજવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. લોકસભામાં આ ખરડાને ૨૬૯ વિરુદ્ધ ૧૯૮ મતથી મંજૂરી આપવામાં આવી હતી.

દરમિયાન, ભાજપ લોકસભામાં મંગળવારે મતદાન વખતે ગેરહાજર પોતાના અંદાજે ૨૦ સાંસદને કારણદર્શક નોટિસ આપવાનું વિચારતી હોવાનું કહેવાય છે.

કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે દરેક સ્તરે આ ખરડાની વ્યાપક અને વિગતવાર ચર્ચા થઈ શકે તે માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ખરડો જેપીસીને મોકલી આપવાની ભલામણ કરી હતી. જેપીસીમાં આ ખરડાની ઊંડાણપૂર્વક ચર્ચા થઈ શકશે અને ત્યાર બાદ જેપીસીના અહેવાલને કેબિનેટ મંજૂરી આપશે. ત્યાર બાદ ગૃહમાં ફરી આ ખરડાઓ અંગે ચર્ચા કરવામાં આવશે. સભ્યોએ મતદાન કર્યા બાદ કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ દ્વારા કન્સ્ટિટ્યૂશન (૧૨૯મા સુધારા) ખરડો ૨૦૨૪ અને યુનિયન ટેરિટરીસ લૉ સુધારા ખરડો ૨૦૨૪ ઔપચારિક રીતે લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

ગૃહમાં ખરડા અંગે થયેલા મતદાનનું પરિણામ જાહેર કરતા લોકસભાના સ્પીકરે મંગળવારે કહ્યું હતું કે વિગતવાર ચર્ચા માટે આ ખરડો જેપીસીને મોકલી આપવામાં આવશે.

લોકસભામાં બોલતાં અમિત શાહે કહ્યું હતું કે ‘એક દેશ, એક ચૂંટણી’ ખરડો મંજૂરી માટે જ્યારે કેબિનેટમાં રજૂ કરવામાં આવ્યો હતો ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ ખરડો ઊંડાણપૂર્વક અને વિગતવાર ચર્ચા કરવા માટે જેપીસીને મોકલી આપવા જણાવ્યું હતું. જો કાયદા પ્રધાન આ ખરડાને વિગતવાર ચર્ચા માટે જેપીસીને મોકલવા તૈયાર હોય તો આ ખરડા અંગેની ચર્ચા પૂરી કરી શકાય.

મેઘવાલે ગવર્નમેન્ટ ઑફ યુનિયન ટેરિટરી ઍક્ટ ૧૯૬૩, ગવર્નમેન્ટ ઑફ નેશનલ કેપિટલ ટેરિટરી ઑફ દિલ્હી ઍક્ટ ૨૦૧૯ અને જમ્મુ-કાશ્મીર રિઑર્ગેનાઈઝેશન ઍક્ટ ૨૦૧૯ સુધારા ખરડા પણ રજૂ કર્યા હતા. આ પ્રસ્તાવિત સુધારા ખરડાનો આશય દિલ્હી, જમ્મુ-કાશ્મીર અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણી એકસાથે યોજવાની ભલામણ કરવામાં આવી છે. વિપક્ષે આ કાયદાના મુસદ્દાને બંધારણીય સુધારા ખરડાને બંધારણના સ્વાયત્ત માળખા પરનો હુમલો લેખાવ્યો હતો.

ખરડા અંગેના મતદાન માટે લોકસભામાં પહેલી જ વાર ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિપક્ષને સુધારાની એલર્જી છે અને એક દેશ, એક ચૂંટણીને ટેકો આપવાની તેમની તૈયારી નથી , એમ શિવ સેનાના સભ્ય શ્રીકાંત શિંદેએ કહ્યું હતું. (એજન્સી)

# સેન્સેક્સમાં ૧૦૬૪ પોઈન્ટનો કડાકો

## માર્કેટ કૅપમાં ₹ ૪.૯૩ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: યુએસ ફેડના વ્યાજ દરના નિર્ણય પહેલા રોકાણકારોના સાવચેતીભર્યા અભિગમ વચ્ચે ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં વેચવાલીનું પ્રચંડ દબાણ આવવાથી સેન્સેક્સમાં ૧૦૬૪ પોઇન્ટનો જોરદાર કડાકો નોંધાયો હતો અને બીએસઇમાં લિસ્ટેડ તમામ કંપનીઓના કુલ માર્કેટ કેપિટલમાં રૂ. ૪.૯૩ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

ફેડરલ રિઝર્વના નિર્ણય અને સ્ટાન્સની ચિંતા ઉપરાંત સ્થાનિક સ્તરે ડોલર સામે રૂપિયો અત્યાર સુધીના સૌથી ઓલ ટાઇમ નીચી સપાટીએ પહોંચ્યો છે અને એ જ સાથે વિક્રમી ઊંચી સપાટીએ પહોંચેલી વેપાર ખાધ દબાણને વધારી રહી છે.

દરમિયાન, બજારમાં અસ્થિરતા હોવા છતાં, આ અઠવાડિયે સબ્સ્ક્રિપ્શન માટે આઠ નવા આઇપીઓ ખોલવાની સાથે પ્રાથમિક બજારોમાં હલચલ સતત ચાલુ રહી છે અને આજે સ્ટોક એક્સચેન્જમાં વન મોબિક્વિક, વિશાલ મેગા માર્ટ અને સાઇ લાઇફસાયન્સ, એમ ત્રણ આઇપીઓનું લિસ્ટિંગ થશે.

સાર્વત્રિક વેચવાલી વચ્ચે ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી મંગળવારે એક ટકાથી વધુ ઘટ્યા હતા. સેન્સેક્સના તમામ ત્રીસ શેર નેગેટિવ ઝોનમાં ખાબક્યા હતા. બીએસઇ પર ૨,૪૪૨ જેટલા શેરો ઘટ્યા હતા, જ્યારે ૧,૫૭૬માં સુધારો જોવા મળ્યો હતો અને ૮૯ મૂળ સપાટીએ પાછા ફર્યા હતા.

નાના શેરોમાં પણ વ્યાપક વેચવાલી અને ધોવાણ જોવા મળ્યું હતું. બીએસઇના મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૬૫ ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સમાં ૦.૫૨ ટકાનો ઘટાડો નોંધાયો છે.

સેન્સેક્સ ૧,૦૬૪.૧૨ પોઈન્ટ અથવા ૧.૩૦ ટકા ઘટીને ૮૧,૦૦૦ની નીચે ગબડીને ૮૦,૬૮૪.૪૫ની સપાટીએ પટકાયો હતો. જ્યારે નિફ્ટી ૩૩૨.૨૫ પોઈન્ટ્સ અથવા ૧.૩૫ ટકા ઘટીને ૨૪,૩૩૬ના સ્તરે સ્થિર થયો હતો.

સેન્સેક્સના શેરોમાં ભારતી એરટેલ, ઇન્ડસઇન્ડ બેન્ક, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, એશિયન પેઇન્ટ્સ, લાર્સન એન્ડ ટુબ્રો, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને એચડીએફસી બેન્ક સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા.

તમામ ક્ષેત્રિય સૂચકાંકો નીચા બંધ રહ્યા હતા, જેમાં ટેલિકોમ્યુનિકેશન ૨.૧૮ ટકા, મેટલ (૧.૭૭ ટકા), ઓટો (૧.૭૦ ટકા), એનર્જી (૧.૬૪ ટકા), ઓઇલ એન્ડ ગેસ (૧.૫૯ ટકા), કોમોડિટીઝ (૧.૩૯ ટકા) અને નાણાકીય સેવાઓ (૧.૩૭ ટકા) મુખ્ય ઘટનારા ઇન્ડેક્સ હતા.



અટકાયત: જમ્મુમાં વિરોધપ્રદર્શન કરી રહેલા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી)ના સભ્યોને પોલીસે મંગળવારે અટકાયતમાં લીધા હતા. (એજન્સી)

# નેશનલ ટેસ્ટિંગ એજન્સી માત્ર ઉચ્ચ શિક્ષણની પ્રવેશ પરીક્ષા લેશે

નવી દિલ્હી: નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) વર્ષ ૨૦૨૫થી માત્ર ઉચ્ચ શિક્ષણની પ્રવેશ પરીક્ષા લેશે અને ભરતી અંગેની કોઈ પરીક્ષા નહીં લે એમ જણાવતાં કેન્દ્રના શિક્ષણ ખાતાના પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને મંગળવારે કહ્યું હતું કે એનટીએ માત્ર ઉચ્ચ શિક્ષણની પ્રવેશ પરીક્ષાઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરશે.

અગાઉ આ વરસે મેડિકલ એન્ટ્રન્સ એક્ઝામ (એનઈઈટી)ના પેપર લીકને પગલે અન્ય અનેક પરીક્ષાઓ પણ રદ કરવાની બનેલી કથિત ઘટનાને ધ્યાનમાં રાખીને રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિએ કરેલી ભલામણને આધારે પરીક્ષામાં સુધારો કરવા આ પગલું લેવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

આ પરીક્ષા પરંપરાગત રીતે પેન-અને પેપર આધારિત માધ્યમથી લેવી કે પછી કમ્પ્યુર બેઝ્ડ ટેસ્ટ (સીબીટી)ના માધ્યમ થકી લેવી એ અંગે શિક્ષણખાતા અને આરોગ્યખાતા વચ્ચે વાતચીત ચાલી રહી હોવાનું તેમણે કહ્યું હતું.

આવતા વરસથી એનટીએ માત્ર ઉચ્ચ શિક્ષણની પ્રવેશ પરીક્ષા જ લેશે અને ભરતીની કોઈ પ્રવેશ પરીક્ષાનું આયોજન નહીં કરે, એમ તેમણે પત્રકારોને આપેલી મુલાકાતમાં કહ્યું હતું.

તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે વરસમાં એક વાર કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ (સીયુઈટી)-યુજીનું આયોજન કરવાનું ચાલુ રહેશે.

સરકાર નજીકના ભવિષ્યમાં કમ્પ્યુટર એડેપ્ટિવ ટેસ્ટ તેમ જ ટૅક્નોલોજી આધારિત પ્રવેશ પરીક્ષા લેવાની દિશામાં વિચારી રહી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૫માં એનટીએનાં માળખામાં સુધારો કરવામાં આવશે.

ઝીરો એરર ટેસ્ટિંગ માટે એનટીએમાં સુધારો લાવવા નવા દસ હોદ્દા ઊભા કરવામાં આવશે અને એનટીએની કામગીરીમાં પણ અનેક ફેરફાર કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# ગુજરાતમાં વિવિધ અકસ્માતમાં ૧૧નાં મોત



**અકસ્માત:** ગુજરાતના ભાવનગર જિલ્લામાં મંગળવારે હાઈ વે પર એક બસ અને ડમ્પર વચ્ચે થયેલા અકસ્માત બાદ સ્થાનિક લોકો એકઠાં થઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછાં છ જણનાં મોત થયાં હોવા ઉપરાંત અન્ય ૧૦ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. (એજન્સી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માટે મંગળવારનો દિવસ અમંગળ રહ્યો હતો. અકસ્માતની ચાર ઘટનામાં ૧૦ લોકોનાં મોત થયાં હતાં. ભાવનગર નજીક ત્રાપજ પાસે હાઈવે પર રોડની સાઇડમાં ઊભેલા ડમ્પર ટ્રકની પાછળ ખાનગી બસ અથડાતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ભાઇ-બહેન સહિત ૬ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૧૦ કરતાં વધુ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ભાવનગરના એસપી હર્ષદ પટેલનાં

જણાવ્યા મુજબ, મહુવા તરફ જતી લકઝરી બસ સવારે ૬ કલાકે ત્રાપજ ગામ નજીક ડમ્પર પાછળ ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ખાનગી ટ્રાવેલ્સ બસનો એક બાજુના અડધા ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

દાહોદના લીમખેડામાં શાસ્ત્રી ચોક પાસે પૂરઝડપે આવતાં ટેન્કરે એક પ્રૌઢને અડફેટે લીધા હતા. જેમાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. સુરતના સચિન વિસ્તારમાં હિટ એન્ડ રનની ઘટનામાં પોલીસ કોન્સ્ટેબલનું મોત થયું હતું.

વેસુ પોલીસ મથકમાં ફરજ બજાવતાં કોન્સ્ટેબલ ફરજ બજાવી ઘરે પરત ફરતા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પાછળથી ટક્કર મારતાં ગંભીર ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા હતા. ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં કન્ટેનર ચાલકે બાઇક સવારને અડફેટે લેતાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે એકને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાના પગલે રોડ પર ટ્રાફિક જામ થઈ ગયો હતો.

માંડલ વરમોર ગામથી એક કિમી દૂર એંછવાડા ગામ તરફ જવાના રસ્તે બાઇક અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં દંપત્તિનું મોત થયું હતું. દસાડા (પાટડી) તાલુકાના વણોદ ગામનું દંપત્તિ જખવાડા ગામે સામાજિક કામે બહાર ગયું હતું અને ત્યાંથી પરત ફરતા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. જેમાં પતિનું ઘટનાસ્થળે અને પત્નીનું સારવાર માટે લઈ જતી વખતે મોત થયું હતું.

# ધોરણ નવ થી બારના નવાં પાઠ્યપુસ્તકો ૨૦૨૬થી મળશે

નવી દિલ્હી: નવમા અને બારમા ધોરણના અપડેટ કરાયેલા નવા અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકો વર્ષ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષથી ઉપલબ્ધ બનશે અને અમુક ધોરણ માટેના એનસીઈઆરટી (નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ)નાં પાઠ્યપુસ્તકો આવતા વર્ષથી ઓછી કિંમતમાં મળશે એવી જાહેરાત કેન્દ્રના શિક્ષણ ખાતાના પ્રધાન ધમેન્દ્ર પ્રધાને મંગળવારે કરી હતી.

એનસીઈઆરટી વર્તમાનમાં દર વરસે પાંચ કરોડ કરતાં પણ વધુ પાઠચપુસ્તક પ્રિન્ટ કરે છે. એનસીઈઆરટી આવતા વર્ષથી તેની આ ક્ષમતા વધારીને પંદર કરોડ કરવાની દિશામાં કામ કરી રહ્યું છે. આવનારાં શૈક્ષણિક વર્ષમાં એનસીઈઆરટી ગુણવત્તાસભર અને પરવડી શકે તેવા દરનાં ૧૫ કરોડ પાઠ્યપુસ્તક પ્રકાશિત કરશે. હાલમાં એનસીઈઆરટી વરસે પાંચ કરોડ પાઠ્યપુસ્તક પ્રકાશિત કરે છે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે અગાઉ પાઠ્યપુસ્તકની માગ અને પુરવઠા સંબંધિત ચિંતા રહેતી હતી. જોકે હવે એ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવશે,

પ્રિન્ટિંગ કરવામાં આવનારાં પાઠ્યપુસ્તકના જથ્થાનું પ્રમાણ વધવાને કારણે અમુક ધોરણ માટેનાં પાઠ્યપુસ્તકો આવતા વર્ષથી ઓછી કિંમતમાં મળશે, એમ તેમણે કહ્યું હતું.

વાલીઓ પર બોજો ન વધે તે માટે કોઈપણ પાઠચપુસ્તકના ભાવમાં વધારો કરવામાં નહીં આવે, એમ તેમણે કહ્યું હતું. ન્યૂ નેશનલ કરિક્યૂલમ ફ્રેમવર્ક (એનસીએફ) મુજબ પાઠ્યપુસ્તકોને અપડેટ કરવાની પ્રક્રિયા ચાલુ છે અને વર્ષ ૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષમાં નવ થી બારમા ધોરણનાં પાઠ્યપુસ્તકો તૈયાર થઈ જશે.

પંદર ધોરણમાંથી સાત ધોરણના પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યાં છે. આવનારાં શૈક્ષણિક વર્ષમાં વધુ ચાર ધોરણ માટેનાં પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે. કલા, ત્રણ થી આઠ ધોરણ માટે શારીરિક શિક્ષણ અને કુશળતા, છ થી આઠ ધોરણ માટે વ્યાવસાયિક શિક્ષણનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

સીબીએસઈ સાથે સંલગ્ન શાળાઓની સંખ્યા વર્ષ ૨૦૧૪ની ૧૪,૮૭૫થી વર્ષ ૨૦૨૪માં વધીને ૩૦,૪૧૫ થઈ ગઈ હોવાનું તેમણે કહ્યું હતું. આ શાળાઓમાં એડમિશન, ટ્રાન્સફર સંપૂર્ણપણે ઑનલાઈન છે. કેન્દ્રીય વિદ્યાલય, નવોદય વિદ્યાલય અને સીબીએસઈ સંપૂર્ણપણે ઈ-ઑફિસ પ્લેટફોર્મના માધ્યમથી ઑપરેટ થાય છે.

છેલ્લાં દસ વર્ષમાં શૈક્ષણિક માળખામાં અસાધારણ પરિવર્તન આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું. આ કારણે ભારતની આઈઆઈટી-દિલ્હી, ખારઘર, કાનપુર, મુંબઈ અને મદ્રાસ આઈઆઈએસ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ)-બેંગલૂરુ અને દિલ્હી યુનિવર્સિટીએ વિશ્વની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવ્યું છે. (એજન્સી)


ટૉય ટ્રેન: કાંકરિયા કાર્નિવલ ૨૦૨૪ અગાઉ અમદાવાદમાં મંગળવારે ટૉય ટ્રેનને લીલીઝંડી દેખાડવામાં આવ્યા બાદ વિદ્યાર્થીઓએ તેમાં સવારી કરી હતી. (એજન્સી)

# રેપર બાદશાહને ટ્રાફિક નિયમના ભંગ બદલ દંડ

ગુરુગ્રામ : રેપર બાદશાહ જે એસયુવી મહિન્દ્રા થારમાં બેઠા હતા તે રોડની ખોટી બાજુ હાંકવા બદલ ૧૫,૦૦૦ રૂપિયાનું ચલન ટ્રાફિક પોલીસે બહાર પાડ્યું હતું. બાદશાહ ૧૫ ડિસેમ્બરની સાંજે સોહાના રોડના એરિયા મોલમાં પંજાબી ગાયક કરણ આહુજાના સંગીત જલસામાં ખાસ હાજરી આપવા ગયો ત્યારે આ બનાવ બન્યો હતો, એવી માહિતી પોલીસે આપી હતી. આ સ્પોટર્સ યુટિલિટી વેહિકલ જેમાં ગાયક બેઠો હતો એ પાણીપતના રહેવાસી દિપેન્દર મલિકના નામે હતી.

લાંબો ટ્રાફિક હોવાથી બાદશાહના કાફલાની એસયુવી અને બીજી બે કાર રોડની ખોટી બાજુ કાર હંકારવામાં આવી હતી. આના તરફ રાહદારીનું ધ્યાન જતાં તેણે વીડિયો બનાવીને એને સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યો હતો. આ વીડિયો વાઈરલ થતાં ટ્રાફિક પોલીસે આની નોંધ લઈને સોમવારે ૧૫,૦૦૦ રૂપિયાનું ચલન ફાડ્યું હતું. ગુરુગ્રામ પોલીસે સત્તાવાર નિવેદન બહાર પાડીને લોકોને ચેતવણી આપી હતી કે જો તમે ખોટી બાજુએ વાહન હાંકશો તો તમારે ભારે દંડ ચુકવવો પડશે.

# યુપીમાં બસ ખાડામાં પડી: દસ ઘાયલ

મુઝફ્ફરનગર (યુપી) : એક બસ મંગળવારે ખાડામાં પડીને ઊંધી વળતા ૧૦ જણ ઘાયલ થયા હતા. બસમાં ૨૫ ઉતારુ હતા. પોલીસે કહ્યું હતું કે બનાવ મોનચાંદની ગામમાં બન્યો હતો. ૧૦ ઘાયલમાં ચાર મહિલા છે અને ઈજાગ્રસ્તોને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. સર્કલ ઓફિસર રામઆશિષ યાદવે કહ્યું હતું કે બસ શુકરતાલથી હરિયાણાના પાણીપત જઈ રહી હતી અને એમાં ૨૫ ઉતારુ હતા. આગળ કાનૂની કાર્યવાહી ચાલુ છે. (એજન્સી)

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓમરની વાત સાચી, ઈવીએમ પર દોષારોપણ ક્યાં સુધી?

**મહારાષ્ટ્ર** વિધાનસભાની ચૂંટણીમાં મળેલી કારમી હારના પગલે કૉંગ્રેસ સહિતના વિપક્ષો ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)માં ગરબડનાં રોદણાં રડી રહ્યા છે ત્યારે નેશનલ કોન્ફરન્સના નેતા અને જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ઈવીએમ મુદ્દે કૉંગ્રેસને બરાબરની આડે હાથ લઈ લીધી છે. અબ્દુલ્લાએ પોતાના જ સાથી કોંગ્રેસના ઈવીએમ અંગેના વાંધાઓને ફગાવી દેતાં કહ્યું છે કે રાજકીય પક્ષો ચૂંટણી જીતે તો ઈવીએમના વખાણ નથ કરતા પણ હારી જાય તો ઈવીએમ પર દોષારોપણ કરવા બેસી જાય છે. આ માનસિકતા બદલવી જોઈએ અને હાર માટે ઈવીએમને બલિનો બકરો ન બનાવવા જોઈએ.

કૉંગ્રેસ ભાજપ જીત્યો હોય એવાં ચૂંટણી પરિણામો સામે સતત સવાલો ઉઠાવી રહી છે. ભાજપની જીતમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)ની ગરબડને કારણભૂત ગણાવે છે. કૉંગ્રેસે હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીમાં પોતાની હાર માટે ઈવીએમને પણ જવાબદાર ગણાવ્યા હતા. ઈવીએમની સાથે કૉંગ્રેસે ચૂંટણી પંચ સામે પણ આક્ષેપો કર્યા હતા ત્યારે ઓમર અબ્દુલ્લાએ કટાક્ષ કર્યો કે, તમારા સોથી વધુ સાંસદો એ જ ઈવીએમનો ઉપયોગ કરીને ચૂંટાઈ આવ્યા ત્યારે તમે તેને પાર્ટીની જીત ગણાવીને ઉજવણ કરી હતી પણ થોડા મહિનાઓ પછી કહી દો છો કે અમને ઈવીએમ પસંદ નથી કારણ કે ચૂંટણીના પરિણામો અમારી અપેક્ષા પ્રમાણે નથી આવ્યા. અબ્દુલ્લાએ તો ત્યાં સુધી કહ્યું કે તમને ઈવીએમ પર વિશ્વાસ ન હોય તો ચૂંટણી જ ન લડો. અબ્દુલ્લાએ એ પણ સાફ શબ્દોમાં કહ્યું કે, નેશનલ કોન્ફરન્સ અને પોતે પણ લોકસભાની ચૂંટણીમાં હારી ગયા હતા પણ પોતે ક્યારેય મશીનોને જવાબદાર ગણાવ્યા નથી.

અબ્દુલ્લા કૉંગ્રેસના સાથી છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સ અને કૉંગ્રેસે સાથે મળીને ચૂંટણી લડી હતી. ૯૦ બેઠકોવાળી વિધાનસભામાં નેશનલ કોન્ફરન્સે ૪૨ સીટો જીતી હતી જ્યારે કૉંગ્રેસને માત્ર ૬ સીટો મળી હતી. કૉંગ્રેસ નેશનલ કોન્ફરન્સની આગેવાનીવાળી સરકારને બહારથી સમર્થન આપી રહી છે અને અબ્દુલ્લાની સરકારમાં સામેલ થઈ નથી પણ નેશનલ કોન્ફરન્સ સાથે કૉંગ્રેસનું જોડાણ છે જ. આ સંજોગોમાં ઓમર અબ્દુલ્લાની વાત બહુ મહત્ત્વની છે.

ઓમર અબ્દુલ્લાની વાત સાચી પણ છે કેમ કે કૉંગ્રેસ ઈવીએમ પર દોષારોપણના મુદ્દે બેવડાં ધોરણો અપનાવે જ છે. કૉંગ્રેસ ઈવીએમના મુદ્દાનો સગવડિયો ઉપયોગ કરે છે અને તેને પોતે હારે ત્યારે જ ઈવીએમમાં ગરબડ થાય છે કે હેકિંગ થાય છે એ બધું યાદ આવે છે જ્યારે પોતે જીતે ત્યારે ઈવીએમ ભૂલી જાય છે. લોકસભાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી નહોતી મળી અને કૉંગ્રેસે ૯૯ બેઠકો જીતીને શાનદાર દેખાવ કર્યો ત્યારે કૉંગ્રેસને ઈવીએમમાં ગરબડનો મુદ્દો યાદ નહોતો આવ્યો પણ કૉંગ્રેસને જ્યારે પણ પછડાટ મળે છે ત્યારે જ ઈવીએમનો મુદ્દો ઉઠાવે છે અને ગરબડના આક્ષેપો કરે છે.

આ વાત પાછી આજકાલની નથી પણ દાયકા જૂની છે. ઈવીએમમાં ગરબડના આ આક્ષેપો કૉંગ્રેસ છેલ્લાં ૧૦ વરસથી કરે છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસને માત્ર ૪૪ બેઠકો મળી ત્યારથી કૉંગ્રેસ ભાજપ ગરબડો કરે છે અને ઈવીએમમાં ગરબડો કરીને જીતે છે એવી રેકર્ડ વગાડે છે. જો કે કૉંગ્રેસ દરેક વાર ઈવીએમનો મુદ્દો નથી ઊઠાવતી. કૉંગ્રેસ હરિયાણામાં હારી ગઈ ત્યારે તેણે ઈવીએમની રેકર્ડ વગાડેલી પણ હરિયાણાની સાથે જ સપ્ટેમ્બરમાં જમ્મુ અને કાશ્મીરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પોતાના ગઠબંધનને બહુમતી મળી ત્યારે ઈવીએમનો મુદ્દો નહોતો ઊઠાવ્યો.

અત્યારે મહારાષ્ટ્રમાં ઈવીએમમાં ગરબડ થઈ હોવાની વાત કૉંગ્રેસ કરે છે પણ મહારાષ્ટ્ર વિધાનસભાની સાથે જ યોજાયેલી ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં હેમંત સોરેનના ઝારખંડ મુક્તિ મોરચાને સ્પષ્ટ બહુમતી મળી તેની કૉંગ્રેસ વાત નથી કરતી કેમ કે ઝારખંડમાં પોતાની સરકાર રચાઈ છે. ભૂતકાળમાં કર્ણાટક, હિમાચલ પ્રદેશ અને તેલંગાણામાં પણ કૉંગ્રેસે જીત મેળવી ત્યારે તેને ઈવીએમમાં ગરબડ યાદ નહોતી આવી. કૉંગ્રેસ ઉપરાંત બીજા પક્ષો પણ પોતાની હાર થાય ત્યારે ઈવીએમનો વાંક કાઢે છે. ભાજપ ઈવીએમ હેક કરીને જીતે છે એવા આક્ષેપો કરે છે પણ ૧૦ વર્ષમાં કૉંગ્રેસે કે બીજા કોઈ પક્ષે ઈવીએમમાં કઈ રીતે ગરબડ થઈ શકે એ સાબિત કર્યું નથી.

ટેકનોલોજી વર્લ્ડમાં બહાદુરી બતાવવા ખાતર હેકિંગનો ટ્રેન્ડ છે પણ કઈએ હજુ સુધી ઈવીએમ હેક કરી બતાવ્યું નથી. અમેરિકાના લશ્કરી મુખ્યમથક પેન્ટાગોનની વેબસાઈટ હેક કરાઈ છે પણ ઈવીએમ હેક નથી થયાં. તેનો મતલબ એ નથી કે એવા પ્રયત્નો થયા નથી. લોકસભાની ચૂંટણીમાં ઈવીએમ હેક કરીને બતાવનારનું આખી દુનિયામાં નામ થઈ જાય એ જોતાં ઘણાંએ પ્રયત્ન કર્યા હશે પણ કોઈ સફળ થયા નથી અને ઈવીએમ હેક કરી બતાવ્યું નથી તેથી ઈવીએમ હેક થઈ શકે છે એવું ના કહી શકાય.

આ વાસ્તવિકતા છે પણ કૉંગ્રેસને લાગતું હોય કે ઈવીએમ હેક થઈ શકે છે કે તેમાં ગરબડ થઈ શકે છે તો એ સાબિત કરી બતાવવું જોઈએ. અત્યારે પૈસા ફેંકો એટલે ગમે તે કામ કરનારા મળી આવે એ જોતાં કૉંગ્રેસ માટે આ વાત સાબિત કરવી અઘરી નથી પણ કૉંગ્રેસ એ સાબિત કરી શકી નથી તેનો મતલબ એ થાય કે, એવું શક્ય નથી. ભવિષ્યની ખબર નથી પણ કમ સે કમ હાલના તબક્કે તો શક્ય નથી જ.

વાસ્તવમાં કૉંગ્રેસ પોતાની નિષ્ફળતાનો ટોપલો ઈવીએમ પર ઢોળી રહી છે અને પલાયનવાદ બતાવી રહી છે. કૉંગ્રેસની નેતાગીરી પાસે ચૂંટણીઓ અંગે કોઈ નક્કર આયોજન હોતું નથી કે જબરદસ્ત મુદ્દા નથી હોતા. કૉંગ્રેસને જે લાભ મળે છે એ ભાજપ સામેની લોકોની નારાજગીનો અને સાથી પક્ષોની તાકાતનો મળે છે. તેલંગાણા કે કર્ણાટકમાં કૉંગ્રેસે વિધાનસભાની ચૂંટણી જીતી ત્યારે એવું થયેલું.

ભાજપથી લોકો નારાજ હોય ને બીજો વિકલ્પ ના હોય એટલે લોકો કૉંગ્રેસને મત આપે છે પણ દરેક વાર એવું ના બને. લોકો કૉંગ્રેસને ફરી મત આપીને જોખમ વહોરવાના બદલે ભાજપને તક આપે એવું પણ બને. હરિયાણામાં ને મહારાષ્ટ્રમાં કૉંગ્રેસની હાર થઈ તેના માટે આ કારણ જવાબદાર હતું પણ કૉંગ્રેસ વાસ્તવિકતા સ્વીકારી શકતી નથી.

કૉંગ્રેસે વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ અને હારને પચાવતાં શીખવું જોઈએ. કે પછી ખાલી આક્ષેપોના બદલે આક્ષેપોને સાબિત પણ કરી બતાવવા જોઈએ. દસ વર્ષથી ખાલી આક્ષેપો જ કર્યા કરે એ ન ચાલે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, બુધવાર, તા. ૧૮-૧૨-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨૭, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૪-૫૭ સુધી, પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૭ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૩, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૯ (તા. ૧૯)
- ઓટઃ સવારે ક. ૦૮-૦૯, રાત્રે ક. ૧૯-૩૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - તૃતીયા. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય ક. ૨૧-૦૩, સૌભાગ્ય સુંદરી વ્રત, ભદ્રા ક. સવારે ક. ૧૦-૦૬ સુધી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શનિ-બુધ ગુરુ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી ગણેશ પૂજા, અભિષેક, લાડુ હવન સંકષ્ટી ઉપવાસ, ગણેશ અથર્વશીર્ષમ્ પૂજા વિશેષરૂપે, સંકષ્ટીનો એકટાણાનો ઉપવાસ, રાત્રે ચંદ્રદર્શન પછી એકટાણાનું ભોજન, ગણેશ મંદિર, તીર્થદર્શન, ગણેશ આરતીનો મહિમા, પીપળાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં દુકાન-વેપાર, પશુ લે-વેંચ, દસ્તાવેજ, ખેતીવાડીના કામકાજ, સુવર્ણ ખરીદી.
- આચમનઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ સાહસિક, ચંદ્ર-મંગળ યુતિ સતત પ્રવૃત્તિશીલ, ચંદ્ર-બુધ ત્રિકોણ, તીવ્ર બુદ્ધિ, સૂર્ય-નેપ્ચૂન ચતુષ્કોણ અવ્યવહારું, ચંદ્ર-શુક્ર બદનામીનો ભય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, ચંદ્ર-મંગળ યુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ, સૂર્ય-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ (તા. ૧૯)
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■







ઉદ્‌ઘાટન અને શિલારોપણઃ રાજસ્થાન સરકારે એક વર્ષ પૂરું કર્યું તેની ઉજવણીનાં ભાગરૂપ મંગળવારે જયપુરમાં યોજાયેલા 'એક વર્ષ, પરિણામ ઉત્કર્ષ' કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રના જળશક્તિ ખાતાના પ્રધાન સી. આર. પાટીલ, રાજસ્થાનના મુખ્ય પ્રધાન ભજનલાલ શર્મા અને મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે ભાગ લીધો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન અને શિલારોપણ પણ કર્યું હતું. (એજન્સી)

# સટ્ટાબાજી મામલે ઇડીના દરોડા, પાકિસ્તાની નાગરિકોની માલિકીના પોર્ટલ વિરુદ્ધ કાર્યવાહી

નવી દિલ્હીઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઇડી) એ મંગળવારે કહ્યું કે તેણે કેટલાક પાકિસ્તાની નાગરિકોની માલિકીની એક સટ્ટાબાજીની વેબસાઇટ સાથે જોડાયેલા લોકો પર દરોડા પાડ્યા છે જેઓ પુરુષોના ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ મેચની 'ગેરકાયદેસર' પ્રસારણમાં સામેલ હતા. ફેડરલ એજન્સીએ 'મૈજિકવિન' નામના પોર્ટલ વિરુદ્ધ કેસમાં ૧૦-૧૨ ડિસેમ્બરની વચ્ચે દિલ્હી, મુંબઈ અને પુણેમાં દરોડા પાડ્યા હતા.

ગુજરાતમાં અમદાવાદ પોલીસના સાયબર ક્રાઈમ યુનિટ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઇઆર પરથી ઇડીએ એન્ટી મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કેસ નોંધ્યો છે. ઇડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે દરોડા દરમિયાન ૩૦ લાખ રૂપિયાની બેન્ક ડિપોઝિટ જપ્ત કરવામાં આવી હતી અને કેસ સાથે સંબંધિત કેટલાક દસ્તાવેજો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

એજન્સીના જણાવ્યા અનુસાર, મૈજિકવિન એક 'સટ્ટાબાજી' વેબસાઇટ છે જેને એક ગેમિંગ પોર્ટલ તરીકે દર્શાવવામાં આવી હતી. જેની માલિકી વાસ્તવમાં પાકિસ્તાની નાગરિકોની છે. તેમણે કહ્યું હતું કે આ વેબસાઈટ મોટાભાગે દુબઈમાં કામ કરતા અથવા સ્થાયી થયેલા ભારતીય નાગરિકો દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. વેબસાઇટ પર દર્શાવવામાં આવેલી સટ્ટાબાજીની રમતો મૂળ રીતે ફિલિપિન્સ અને અન્ય દેશોમાં રમવામાં આવે છે જે સટ્ટાબાજીની પ્રવૃત્તિઓને મંજૂરી આપે છે.

એજન્સીએ જણાવ્યું હતું કે રકમ જમા કરવી, સટ્ટો લગાવવો અને રૂપિયા ઉપાડવા જેવી સટ્ટાબાજીની ગતિવિધિઓ મૈજિકવિનના 'માલિકો' દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. ઇડીએ દાવો કર્યો હતો કે તેની તપાસમાં જાણવા મળ્યું છે કે ખેલાડીઓ/સટોડિયાઓ દ્વારા બેન્ક ખાતામાં જમા કરવામાં આવેલા નાણાં 'માસ્ક' બેન્ક એકાઉન્ટ દ્વારા 'ડાયવર્ટ' કરવામાં આવ્યા હતા અને માલિકોના નફાના હિસ્સાને ક્રિપ્ટોમાં રોકાણ કરવામાં આવ્યું હતું. રોકડમાં ઉપાડવામાં આવ્યા હતા અથવા હવાલાના માધ્યમથી દુબઇ મોકલાયા હતા. તેમાં કહેવામાં આવ્યું છે કે આ રૂપિયા ડોમેસ્ટિક મની ટ્રાન્સફર (ડીએમટી) દ્વારા સટોડિયાઓના બેન્ક ખાતામાં પણ ટ્રાન્સફર કરવામાં આવી હતી. બોલિવૂડની ઘણી હસ્તીઓએ પોર્ટલ લોન્ચ કરવા માટે પાર્ટીમાં હાજરી આપી હતી.

ઇડી તપાસમાં બહાર આવ્યું છે કે આ હસ્તીઓએ મૈજિકવિન માટે વીડિયો અને ફોટોશૂટ પણ કર્યા હતા અને તેને પ્રમોટ કરવા માટે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પોસ્ટ કર્યા હતા. ■

# ભાજપને ફેબ્રુઆરીમાં નવા અધ્યક્ષ મળે તેવી શક્યતા

નવી દિલ્હીઃ ફેબ્રુઆરીના અંત સુધીમાં ભાજપના નવા અધ્યક્ષ ચૂંટાઈ આવે તેવી શક્યતા છે.

પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું કે ચાલુ સંગઠનાત્મક ચૂંટણી જાન્યુઆરીના મધ્ય સુધીમાં તેના અડધાથી વધુ રાજ્ય એકમોમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવા માટેના ટ્રેક પર છે. આ કવાયત તેના નવા રાષ્ટ્રીય અધ્યક્ષને ચૂંટવાની પ્રક્રિયાનો ભાગ છે.

એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે ભાજપના રાજ્ય એકમના લગભગ ૬૦ ટકા પ્રમુખોનો કાર્યકાળ પૂરો થઈ ગયો છે અને આગામી મહિનાના મધ્ય સુધીમાં તેમની બદલી થવાની સંભાવના છે.

બીજેપીનું બંધારણ નક્કી કરે છે કે રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગીની પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં તેના ઓછામાં ઓછા અડધા રાજ્ય એકમોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ થવી જોઈએ.

એક કાર્યકર્તાએ કહ્યું હતું કે, 'અમે અપેક્ષા રાખીએ છીએ કે ફેબ્રુઆરીના અંત સુધીમાં ભાજપના નવા અધ્યક્ષ ચાર્જ સંભાળશે.'

હાલમાં કેન્દ્રીય પ્રધાન તરીકે સેવા આપી રહેલી કોઈ વ્યક્તિ ભાજપના નવા અધ્યક્ષ હોઈ શકે કે કેમ તે અંગે પૂછવામાં આવતા, તેમણે કહ્યું કે તે કાં તો સરકાર અથવા સંગઠન તરફથી હોઈ શકે છે, તેમણે ઉમેર્યું હતું કે હજુ સુધી કંઈ નક્કી કરવામાં આવ્યું નથી.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન પદ પર કાર્યરત જે પી નડ્ડાએ, ફેબ્રુઆરી ૨૦૨૦ માં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

પ્રમુખનો કાર્યકાળ ત્રણ વર્ષનો હોવા છતાં, તેમને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને એક્સ્ટેંશન આપવામાં આવ્યું હતું જેમાં ભાજપની આગેવાની હેઠળનું રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ તેમની સીધી મુદત માટે સત્તામાં પરત ફર્યું હતું. ■

# વનૂઆતૂમાં ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો

વેલિંગ્ટનઃ દક્ષિણ પેસિફિક મહાસાગરમાં આવેલાં ટાપુ રાષ્ટ્રના વનૂઆતૂના કિનારે મંગળવારે ૭.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. યુએસજીએસએ જણાવ્યું હતું કે ભૂકંપ ૫૭ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો અને તે ટાપુ રાષ્ટ્રના સૌથી મોટા શહેર પોર્ટ વિલાથી ૩૦ કિલોમીટર પશ્ચિમમાં કેન્દ્રિત હતો. આ આંચકા પછી તે જ સ્થાનની નજીક ૫.૫ની તીવ્રતાનો આફટરશોક આવ્યો હતો. તે તરત જ સ્પષ્ટ થઈ શક્યું ન હતું કે તેનાથી કોઈ નુકસાન થયું હતું, પરંતુ ભૂકંપ પછી વનુઆતુ સરકારની વેબસાઇટ્સ ઑફલાઇન હતી અને પોલીસ અને અન્ય જાહેર એજન્સીઓના ફોન નંબરો કનેક્ટ થયા ન હતા.

દેશની જીઓહાઝાર્ડ એજન્સી અને વડા પ્રધાન કાર્યાલય માટે સોશિયલ મીડિયા ચેનલો અપડેટ કરવામાં આવી નથી.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલ એક રીડિયોમાં એક ઇમારત બતાવવામાં આવી હતી જેમાં બ્રિટન, ફ્રાન્સ અને ન્યૂઝીલેન્ડ સહિત વનુઆતુમાં કેટલાક રાજદ્વારી મિશન છે, તેમના માળખાને કેટલાક નુકસાન સાથે, બારી અને અન્ય કાટમાળ સહિત જમીન પર તૂટી પડેલા દેખાયા હતા. યુએસજીએસએ વનુઆતુના કેટલાક દરિયાકાંઠે સુનામીના મોજાં અંગે ચેતવણી આપી હતી કે મોજા ભરતીના સ્તરથી ૦.૩ મીટરથી ૧ મીટર (૧ થી ૩ ફૂટ) સુધી પહોંચી શકે છે

વનુઆતુ ૮૦ ટાપુનો સમૂહ છે જેની વસ્તી લગભગ ૩૩૦૦૦૦ છે. એજન્સીએ જણાવ્યું હતું. ■

# શ્રીનગરમાં ઠંડી માઈનસ ૫.૩ ડિગ્રી

શ્રીનગર /ચંડીગઢ : કાશ્મીર, પંજાબ અને હરિયાણામાં ઠંડીનું જોર વધી ગયું છે. કાશ્મીરમાં તો લઘુતમ તાપમાન ઠારબિંદુથી પણ નીચું જતું રહ્યું છે. આને લીધે દાલ સરોવર અને બીજા જળાશયોનું પાણી થીજી ગયું છે, એવી માહિતી અધિકારીઓએ મંગળવારે આપી હતી. શ્રીનગરમાં ન્યૂનત્તમ તાપમાન માઈનસ ૫.૩ ડિગ્રી સેલ્સિયસ થયું હતું જે સોમવારના માઈનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ કરતાં પણ નીચું હતું.

અધિકારીઓએ કહ્યું હતું કે કાતિલ ઠંડીને લીધે શહેર અને ખીણના બીજા વિસ્તારોમાં પાણી પુરવઠાની લાઈન થીજી ગઈ હતી. સહેલાણીઓના લોકપ્રિય સ્થળ ગુલમર્ગમાં સોમવારની રાત જેટલું જ તાપમાન મંગળવારની રાતે એટલે કે માઈનસ ચાર ડિગ્રી સેલ્સિયસનું રહ્યું હતું.

વાર્ષિક અમરનાથ યાત્રાનો બેઝ કેમ્પ જ્યાં છે તે પહલગામમાં તાપમાન માઈનસ ૫ ડિગ્રી સેલ્સિયસનું હતું.

ખીણનું સૌથી ઠંડું સ્થળ પામ્પોર નગરની પરિસરમાં આવેલું કોનિબલ ગામ હતું જ્યાં તાપમાન માઈનસ ૮.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

લઘુતમ તાપમાન કાશ્મીરના ગેટવે કાઝીગુન્ડમાં માઈનસ છ ડિગ્રી સેલ્સિયસ, ઉત્તર કાશ્મીરના કુપવાડામાં માઈનસ ૫.૬ ડિગ્રી સેલ્સિયસ અને દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં માઈનસ ૫.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૨૬ ડિસેમ્બર સુધી હવામાન ખાતાએ સુકા હવામાનની તેમ જ ૨૧ અને ૨૨ ડિસેમ્બરે હળવી હિમવર્ષાની આગાહી કરી છે. પંજાબ અને હરિયાણાના અનેક વિસ્તારોમાં કાતિલ ઠંડી છેલ્લા થોડા દિવસથી પડી રહી છે. ફરિદકોટ પંજાબનું અને હિસાર હરિયાણાનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું. હવામાન ખાતાના જણાવ્યા મુજબ અમૃતસરમાં લઘુતમ તાપમાન ૨.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લુધિયાણા અને ગુરદાસપુરમાં તાપમાન ૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. (એજન્સી) ■

# દિલ્હીની ૨૦ શાળાને ફરી બૉમ્બની ધમકી

નવી દિલ્હી : દિલ્હીની સ્કૂલોને બૉમ્બની ધમકી મળે એ હવે નિયમિત વાત થઈ ગઈ છે. રાષ્ટ્રીય રાજધાનીમાં નવ દિવસમાં પાંચમી વાર અને આ અઠવાડિયામાં બીજી વાર થોડી સ્કૂલોને બૉમ્બ મુકાયાની ધમકી મળી હતી. અધિકારીઓએ કહ્યું હતું કે ડીપીએસ આર. કે. પુરમ સહિત ૨૦ શાળાઓને ધમકીભર્યા ઈ-મેલ મળ્યા હતા.

દિલ્હી ફાયર સર્વિસના અધિકારીએ માહિતી આપી હતી કે બૉમ્બની ધમકી અંગેનો કોલ વાયવ્ય દિલ્હીના સરસ્વતી વિહારની ક્રેસેન્ટ પબ્લિક સ્કૂલ તરફથી આવ્યો હતો.

અધિકારીએ કહ્યું હતું કે ફાયર ડિપાર્ટમેન્ટ, સ્થાનિક પોલીસ, બૉમ્બ ડિટેકશન ટીમે શોધ અભિયાન કર્યું હતું, પરંતુ કશું શંકાસ્પદ મળ્યું નહોતું.

અધિકારીઓએ વધુમાં જણાવ્યું હતું કે વધુ થોડી સ્કૂલોને આ જ પ્રકારના ધમકીભર્યા મેલ મળ્યા હતા. સ્કૂલોમાં ચકાસણી ચાલુ છે.

જોકે દિલ્હીમાં ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (જીઆરએપી)ના ચોથા તબક્કા હેઠળના પગલાં ફરી અમલમાં મૂકવામાં આવ્યા છે. આ પ્રમાણે દિલ્હી-એનસીઆરની સ્કૂલોના મંગળવારથી વર્ગો હાઈબ્રિડ મોડ પર છે. આ પ્રમાણે દિલ્હી, ગુરુગ્રામ, ફરિદાબાદ, ગાઝિયાબાદ અને ગૌતમ બુદ્ધ નગરના ગ્રેડ ૬-૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓને હાઈબ્રિડ મોડ (ભૌતિક અને ઓનલાઈન)માં વર્ગમાં આવવાનું રહેશે. બીજી બાજુ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને શાળાઓમાં રૂબરૂ હાજરી આપવી પડશે. (એજન્સી) ■

# મોસ્કોના ધડાકામાં રશિયાના પરમાણુ સંરક્ષણ દળોના વડાનું મોત

મોસ્કોઃ રશિયાના પરમાણુ, જૈવિક અને રાસાયણિક સંરક્ષણ દળોના વડા લેફ્ટનન્ટ જનરલ ઇગોર કિરિલોવનું મંગળવારે સવારે અહીં એક એપાર્ટમેન્ટ બ્લોકની નજીક લગાવવામાં આવેલા ડિવાઇસમાં વિસ્ફોટને કારણે મોત થયું છે. રશિયાની તપાસ સમિતિએ આ માહિતી આપી હતી. વિસ્ફોટમાં કિરિલોવના સહાયકનું પણ મૃત્યુ થયું હતું.

રશિયન એજન્સીઓ અનુસાર, જનરલ ઇગોર કિરિલોવની હત્યા રિયાજાન્સ્કી પ્રોસ્પેક્ટ પર એક એપાર્ટમેન્ટ બિલ્ડિંગની બહાર કરવામાં આવી હતી. આ સ્થાન ક્રેમલિનથી લગભગ સાત કિલોમીટર દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. બોમ્બ બ્લાસ્ટમાં ઇગોર કિરિલોવના સાથીનું પણ મોત થયું છે.

રશિયાની તપાસ સમિતિએ જણાવ્યું હતું કે એક ઇલેક્ટ્રિક સ્કૂટરમાં બોમ્બ છૂપાવવામાં આવ્યો હતો. લેફ્ટનન્ટ જનરલ ઇગોર કિરિલોવને રશિયાના પરમાણુ, જૈવિક અને રાસાયણિક સુરક્ષા દળોના વડા તરીકે પોસ્ટ કરવામાં આવ્યા હતા. કિરિલોવને સોમવારે યુક્રેનની અદાલતે ૧૬ ડિસેમ્બરના રોજ દેશમાં રશિયાના આક્રમણ દરમિયાન પ્રતિબંધિત રાસાયણિક શસ્ત્રોનો ઉપયોગ કરવા બદલ તેમની ગેરહાજરીમાં સજા ફટકારી હતી.તપાસ સમિતિના પ્રવક્તા સ્વેતલાના પેટ્રેકોએ કહ્યું કે ફોરેન્સિક નિષ્ણાતો અને અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. ■

# ગુજરાતમાં પાંચ વર્ષમાં ૭૦ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું: ૧૦૦થી વધુ વિદેશી પેડલરોની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત ડ્રગ્સ તસ્કરોનું હોટ ફેવરિટ બની ગયું છે, તેમાં પણ ગુજરાતનો દરિયાકિનારો ડ્રગ્સ માફિયા માટે સોફ્ટ સ્પોટ હતું અને હવે ડ્રગ્સના લેન્ડિંગ માટેનું હબ બનતું ગયું છે. છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાતના દરિયાકિનારે અને બંદરો પરથી લગભગ ૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાઈ ચુક્યું છે અને આ ડ્રગ્સના જથ્થા સાથે ૧૦૦થી વધારે પાકિસ્તાની અને ઈરાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આ વર્ષના જાન્યુઆરીથી નવેમ્બર સુધી માત્ર કચ્છ પોલીસે જ ૧૧૩.૫૬ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરીને ૬૧ ડ્રગ્સ માફિયા અને ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી હતી.

મળતી વિગતો મુજબ, જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન પૂર્વ અને પશ્ચિમ કચ્છમાંથી પોલીસે ૧૧૩.૫૬ કરોડનું ડ્રગ્સ જપ્ત કરીને ૬૧ ડ્રગ્સ માફિયા અને ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી હતી. કચ્છ પોલીસ વડા ચિરાગ કોરડિયાએ જણાવ્યું હતું કે, કચ્છના બોર્ડર એરિયા અને દરિયાઈ સીમા તરફ જતા અને આવતા શંકાસ્પદ માણસોની તપાસ અને સર્વેલન્સ પણ ચાલી રહ્યું છે તેથી છેલ્લાં કેટલાક સમયથી ડ્રગ્સ માફિયા મોટા પ્રમાણમાં પકડાઈ રહ્યા છે.

નાર્કોટિક્સ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, ગુજરાતમાં ૨૦૨૦માં ૫૯૫૬ કરોડ રૂપિયાનું અને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ એમ બે મોટી ખેપ પકડાઈ હતી. ૨૦૨૧માં ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનું અને ૩ હજાર રૂપિયાનું એમ ૨ ડ્રગ્સની બે મોટી ખેપ ઝડપાઈ હતી. ૨૦૨૨માં એક સાથે ૨૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું હતું. ત્યાર બાદ ત્રણ અલગ અસગ રેડમાં તબક્કાવાર ૫૦૦ કરોડ રૂપિયા, ૭૦૦ કરોડ રૂપિયા અને ૧ હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું હતું.

તે જ પ્રકારે વર્ષ ૨૦૨૩માં ૫૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં જ ડીઆરઆઈ અને એટીએસની ટીમ દ્વારા કલકત્તાના એક પોર્ટ પરથી ગુજરાતમાં લવાતું ૨૦૦ કરોડ રૂપિયાથી વધારેનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. ત્યાર પછી કોસ્ટગાર્ડની મદદથી એટીએસ અને એનસીબીની ટીમે ૭૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. અંકલેશ્વરની ફાર્માસ્યુટિકલ કંપનીમાંથી ૫૦૦૦ કરોડનું કોકેન પણ જપ્ત કર્યું હતું. ગુજરાતમાં કંડલા, મુન્દ્રા, પીપાવાવ ગાંધીધામ, પોરબંદર વગેરે બંદરો ડ્રગ માફિયાઓનાં હોટ ફેવરિટ બની ગયાં છે. ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતના પોર્ટ અને દરિયાકિનારાને ડ્રગ્સની હેરાફેરીનું સેન્ટર બનાવી દીધું છે. ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંથી આવતા ડ્રગ્સને ગુજરાતની દરિયાઈ સીમામાંથી ઘુસાડાય છે અને પછી દેશમાં અન્ય રાજ્યોમાં આ ડ્રગ્સની તસ્કરી કરવામાં આવે છે. ■

# ઊંઝા માર્કેટ યાર્ડની ચૂંટણીમાં પૂર્વ ચેરમેન દિનેશ પટેલનો દબદબો યથાવત્, ભાજપના મેન્ડેટવાળા પાંચ ઉમેદવારની હાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહેસાણાની ઊંઝા એપીએમસીની ચૂંટણીની મતગણતરી કરવામાં આવી હતી, મતદાન શાંતિપૂર્ણ રીતે યોજાયું હતું. લોકો એપીએમસીની ચૂંટણીના પરિણામની લોકો રાહ જોઈને બેઠા હતાં જેનો અંત આવી ગયો હતો. ખેડૂત વિભાગમાં દિનેશ પટેલની પેનલની જીત થઈ હતી.

પૂર્વ ચેરમેન દિનેશ પટેલનો દબદબો યથાવત્ રહ્યો હતો. ખેડૂત પેનલમાં દિનેશ પટેલની જીત થઇ હતી.

મત ગણતરીમાં દિનેશ પટેલ જૂથના તમામ ૧૦ ઉમેદવારો વિજયી થયા હતા. જેમાં ભાજપના મેન્ડેટ છતાં ૫ ઉમેદવારો હાર્યા હતા, જ્યારે ૫ની જીત થઈ હતી. ખેડૂત પેનલમાં પૂર્વ પ્રધાન નારાયણ પટેલના પૌત્ર સુપ્રિતનો પરાજય થયો હતો. જો કે ભાજપનું મેન્ડેટ હોવા છતાં તેમનો પરાજય થયો હતો. ધારાસભ્ય કિરીટ પટેલના ખાસ ટેકેદાર એચ. કે પટેલનો પણ પરાજય થયો હતો. આ ચૂંટણીમાં બંને વિભાગોમાં ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યા હતા. ખેડૂત વિભાગમાં દિનેશ પટેલ પેનલની જીત બાદ તેમના સમર્થકોએ ફટાકડા ફોડીને ઉજવણી કરી હતી.

એપીએમસીમાં ખેડૂત વિભાગની ૧૦ જ્યારે વેપારી વિભાગની ૪ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી, ખેડૂત વિભાગમાં ૯૮ ટકા અને વેપારી વિભાગમાં ૯૭ ટકા મતદાન થયું હતું. જેનું પરિણામ મંગળવારે આવી ગયું હતું. ઊંઝા એપીએમસીની હાઈ વોલ્ટેજ ચૂંટણી અનેક આતુરતાઓ વચ્ચે સોમવારે યોજાઈ હતી. ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ બેઠકો માટે સવારે ૯ કલાકેથી મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ખેડૂત વિભાગમાં નોંધાયેલા ૨૬૧માંથી ૨૫૮ અને વેપારી વિભાગના ૮૦૫ મતદારોમાંથી ૭૮૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પોલીસ બંદોબસ્ત હેઠળ શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થતાં કુલ ૩૬ ઉમેદવારોના ભાવિ મતપેટીમાં સીલ થઈ ગયા હતા. ઊંઝા એપીએમસીની મતદાન પ્રક્રિયા દરમિયાન ત્રણ બૂથમાં ૧૫ અને ૫ રિઝર્વ મળી કુલ ૨૦ અધિકારીઓએ ફરજ બજાવી હતી. કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે ૩ પીઆઈ સહિત ૭ પીએસઆઇ અને ૭૧ પોલીસકર્મીઓ ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. મતપેટીઓ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ટ્રેઝરી ઓફિસ ખાતે લઈ જવામાં આવી હતી. શરૂઆતથી જ આ ચૂંટણી રસપ્રદ બની ગઈ હતી. ■

# નવસારીમાં કૃષિ યુનિ. દ્વારા ત્રિ-દિવસીય કૃષિ મેળો યોજાશે

## પચીસ હજાર ખેડૂતો સાથે રાજ્યના ત્રણ અને કેન્દ્રના બે પ્રધાન હાજર રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા ત્રણ દિવસીય કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૨૧ ૨૨ અને ૨૩ થી ડિસેમ્બરના દિવસે કૃષિ મેળો યુનિવર્સિટીના પટાંગણમાં યોજાશે, નવસારી કૃષિ યુનિવર્સિટીમાં લગભગ ૧૪ વર્ષ બાદ કૃષિ મેળો યોજાવા જઈ રહ્યો છે, જેમાં રાજ્યના ૨૫૦૦૦ જેટલા ખેડૂતો આ ત્રણ દિવસીય મેળામાં કૃષિ ક્ષેત્રની નવી ટેકનોલોજી અને નવાં સંશોધનો વિશે માહિતગાર થશે. કૃષિ ક્ષેત્રમાં નવાં સંશોધનો અને નવી ટેકનોલોજી આવી છે, તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવશે, વર્ષ ૨૦૦૯માં છેલ્લો કૃષિ મેળો યોજાયો હતો, ત્યારબાદ છેક ૨૦૨૪માં ફરી આયોજન થઈ રહ્યું છે.

નવસારી કૃષિ યુનિવર્સિટી વાઇસ ચાન્સેલર ઝીણાભાઈ પટેલે ત્રણ દિવસીય કૃષિ મેળા અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે તારીખ ૨૧ થી ૨૩ ડિસેમ્બર સુધી મેગા કૃષિ મેળો તેમજ એગ્રો ટેક્સટાઇલ પાર્કનું ઉદ્ઘાટનનું આયોજન થવા જઈ રહ્યું છે, એગ્રો ટેક્સટાઇલ પાર્કનું ઉદ્ઘાટન કેન્દ્રીય કૃષિ પ્રધાન ગિરિરાજસિંહ કરવાના છે. ત્રણ દિવસ ચાલનારા કૃષિ મેળામાં સહકારી,સહકારી એનજીઓ,યુનિવર્સિટી અને કૃષિને લગતા વિતરકો સ્ટોલ લગાવશે, અહીં ૧૨૦ જેટલા સ્ટોલ લગાવવામાં આવશે, અમને આશા છે કે ત્રણ દિવસ ચાલનારા આ કૃષિ મેળામાં દક્ષિણ ગુજરાત અને ગુજરાતમાંથી આશરે ૨૦ થી ૨૫ હજાર જેટલા ખેડૂતો ભાગ લેશે છે, આ કૃષિ મેળામાં ખેડૂતોને આ ક્ષેત્રમાં આવેલી આધુનિકતા નવી ટેકનોલોજી નવાં સંશોધનો વિશે માહિતગાર કરવામાં આવશે. ■

# આણંદમાં અશાંત ધારાના ફરી અમલની માગ સાથે રેલી

## કલેક્ટર અને પોલીસ વડાને આવેદનપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આણંદમાં અશાંત ધારાના અમલના મુદ્દે લોકોમાં ભારે રોષ છે, આણંદ પાલિકા વિસ્તારમાં વર્ષ ૨૦૨૦માં લાગુ પડાયેલા અશાંત ધારાની મુદ્દત પૂર્ણ થવાની હોવાથી કચ્છી પ્રજાપતિ સમાજ સહિતના સમાજના આગેવાનોએ સોમવારે શહેરમાં રેલી યોજી, અશાંત ધારો ફરી લાગુ પાડવાની માગ સાથે આણંદ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપ્યું હતું.

આણંદમાં ગુજરાતી ચોક પોસ્ટ ઓફિસ, લાંભવેલ રોડ, રેલવે સ્ટેશન સામેનો વિસ્તાર, ઇન્દિરા સ્ટેચ્યૂ થી ગ્રીડ ચોકડી, ટાઉન હોલ, પંચાલ હોલ, એચ.એમ. પટેલ સ્ટેચ્યૂ, મોતીકાકા ચાલી પાસેનો વિસ્તાર, અમૂલ ડેરી રોડ, નરીમાન કોમ્પ્લેક્સ તથા જૈન ઉપાશ્રય નજીકના વિસ્તાર, નવા બસ સ્ટેન્ડથી સી.પી. કોલેજ સહિતના વિસ્તારમાં વર્ષ ૨૦૨૦માં પાંચ વર્ષ માટે અશાંત ધારો લાગુ કરાયો હતો. જેની મુદ્દત પૂર્ણ થવા આવી છે.

આણંદ કચ્છી પ્રજાપતિ સમાજ સહિતના સમાજના આગેવાનો દ્વારા આણંદના લોટિયા ભાગોળના મહારાણા પ્રતાપ ચોકથી રેલી યોજી હતી. મોટી સંખ્યામાં લોકો હાથમાં અશાંત ધારો ફરી લાગુ પાડવાનાં બેનરો સાથે રેલીમાં જોડાયા હતા. તેમજ જિલ્લા કલેક્ટર અને જિલ્લા પોલીસ વડાને લેખિતમાં આવેદનપત્ર આપ્યું હતું. ■

# ઓબીસી સમાજને અન્યાય કરવા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિલંબ: અમિત ચાવડા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ રાજ્યની ડબલ એન્જિન સરકાર પર ઓબીસી સમાજને અન્યાય કરવા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિલંબ કરવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર સમર્પિત આયોગ રચવામાં આવ્યો હતો, જેમાં ૯૦ દિવસમાં રિપોર્ટ આપવા માટે દિશાનિર્દેશ કરવામાં આવ્યો હતો, પણ ૩ વખત મુદત વધારવા છતાં ૧૦ મહિના પછી રિપોર્ટ સ્વીકારવામાં આવ્યો.

અમિત ચાવડાએ વધુમાં કહ્યું હતું કે, તેમની જાગૃતિથી ઓબીસી અનામતના બિલને વિધાનસભામાં રજૂ કરાયું, પરંતુ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી. આ રિપોર્ટ પબ્લિક અને વિપક્ષને મળવો જોઈએ, જેથી ચર્ચા થઈ શકે. જો એક અઠવાડિયામાં રિપોર્ટ જાહેર નહીં થાય તો કોંગ્રેસ મુખ્યમંત્રી કાર્યાલય સામે ધરણાં કરશે. ■

# આગામી વર્ષે અધિકારીઓ નિવૃત્ત થતા તંત્ર પર અસર

## આઈએએસમાં ૫૩, આઈપીએસની ૧૪ જગ્યા ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી ૨૦૨૫ વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં આઈએએસ અને આઇપીએસ અધિકારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે. એક તરફ અધિકારીઓની ઘટ અને બીજી બાજુ અધિકારીઓનું દિલ્હી ડેપ્યુટેશનના પરિણામે સ્થાનિક કક્ષાએ વહીવટી તંત્ર અધિકારીઓના અભાવે ખોડંગાઈ રહ્યું છે. પરિણામે એક અધિકારી પાસે એકથી વધુ ચાર્જ છે. ગુજરાતમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઇએએસ)ના અધિકારીઓની ૫૩ જ્યારે ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (આઇએફએસ)ના અધિકારીઓની ૫૫ જગ્યા ખાલી છે. આઇપીએસમાં મંજૂર કરાયેલી ૨૦૮ જગ્યા સામે ૧૯૪ અધિકારી ફરજ પર કાર્યરત છે.

આ અંગે મળતી માહિતી અનુસાર ગુજરાતમાં આઇએએસ અધિકારીઓની ૩૧૩ જગ્યા મંજૂર કરવામાં આવી છે. આ પૈકી ૧જાન્યુઆરી ૨૦૨૪ની સ્થિતિએ ૨૬૦ અધિકારીઓ ફરજ પર કાર્યરત છે. આ જ રીતે ઇન્ડિયન પોલીસ સર્વિસની મંજૂર કરાયેલી ૨૦૮ જગ્યા સામે ૧૯૪ અધિકારીઓ ફરજમાં છે. આમ, આઇપીએસમાં ૧૪ જેટલી જગ્યા ખાલી છે. ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસમાં મંજૂર કરાયેલી ૧૨૫ જગ્યા સામે ૭૦ જગ્યા ખાલી છે. તે જ પ્રકારે સમગ્ર દેશની વાત કરવામાં આવે તો આઇએએસની ૬૮૫૮ સામે ૫૫૪૨ આઇપીએસમાં ૫૦૫૫ સામે ૪૪૬૯ અને આઇએફએસમાં ૩૧૯૩ સામે ૨૧૫૨ અધિકારીઓ ફરજ પર કાર્યરત છે. ■

# અમદાવાદમાં ૩૧૯ બોરવેલ બંધ કરીને લોકો સુધી નર્મદાનું પાણી પહોંચાડવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વિવિધ વોર્ડ વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચલાવવામાં આવતા ૩૧૯ જેટલા આઈસોલેટેડ બોર બંધ કરી ઓછા ટી.ડી.એસ.વાળું નર્મદાનું પાણી આપવા નિતિ બનાવવા મ્યુનિ.ની પાણી સમિતિની બેઠકમાં નિર્ણય કરવામા આવ્યો હતો.આ ઉપરાંત શહેરમાં આવેલી સરકારી,ખાનગી શાળાઓ તથા મંદિરોમાં પણ નર્મદાનુ પાણી આપવા નેટવર્ક તેમજ ડિઝાઈન સાથે ડીટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

લોકોને વધુ ટીડીએસવાળું પાણી પીવાને કારણે આર્થરાઈટિસ, ઘૂંટણ તેમજ સાંધાનો દુખાવો, હાડકાંના રોગનો ભોગ બનવું પડે છે. આથી જનતાને બોરવેલનું પાણી બંધ કરીને નર્મદાનું પાણી આપવામાં આવશે. વોટર સપ્લાય કમિટીમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. શહેરના મધ્યઝોનમાં પૂરતા પ્રેસરથી પાણી મળતું નહીં હોવાની વ્યાપક ફરિયાદ પછી જે તે સમયે ખાડિયા વોર્ડમાં આવેલી લાખા પટેલની પોળ, રાજા મહેતાની પોળ ઉપરાંત પતાસાપોળ, બાલાહનુમાન સહિત અન્ય વિસ્તારમાં મળીને ૧૧ જેટલા બોર કાર્યરત કરવામાં આવેલા છે. આ ઉપરાંત શાહપુર,દરિયાપુર, જમાલપુર, અસારવા વોર્ડમાં કુલ મળીને ૨૬ બોર દ્વારા હાલ સ્થાનિક રહીશોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. ઉત્તર-પશ્ચિમ ઝોનમાં ઘાટલોડીયા, ચાંદલોડીયા, થલતેજ સહિત અન્ય વોર્ડમાં બોર મારફતે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે.

પાણી સમિતિના ચેરમેન દિલીપ બગરીયાએ કમિટીની બેઠક બાદ કહ્યું હતું કે, શહેરમાં બોર દ્વારા જે પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે તેમાં ૧૫૦૦થી ૨૦૦૦ જેટલા ટી.ડી.એસ.નું પ્રમાણ જોવા મળે છે. આ બોર સમયાંતરે બંધ કરી તમામ વોર્ડ વિસ્તારમાં ૨૦૦થી ૨૫૦ ટી.ડી.એસ. ધરાવતું નર્મદાનું પાણી આપી શકાય એ માટે ઈજનેર વોટર પ્રોજેક્ટ વિભાગના અધિકારીઓને ૪૮ વોર્ડમાં જ્યાં બોર ચલાવવામાં આવી રહ્યા છે. ત્યાં સ્થળ પરિસ્થિતિ મુજબ નર્મદાનું પાણી આપવા માટે નેટવર્ક નાંખવાથી લઈ ડિઝાઈન વગેરે તૈયાર કરી રિપોર્ટ આપવા સૂચના આપવામાં આવી છે. નર્મદાનું પાણી વિવિધ વિસ્તારમાં આવેલી મ્યુનિસિપલ સ્કૂલો,ખાનગી સ્કૂલો તેમજ મંદિરોમાં પણ આપવા અંગે ચોક્કસ નિતિ તૈયાર કરી અમલી બનાવાશે. ■

# ગુજરાતમાં બદલીનો ગંજીફો ચીપાયો: આઈપીએસ બાદ ૨૬ ટીડીઓની બદલી કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદવાદ: ગુજરાતમાં હાલ બદલીનો દોર ચાલી રહ્યો છે. ગત સપ્તાહે આઈપીએસની બદલી કરવામાં આવી હતી. મંગળવારે ૨૬ તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ)ની બદલી કરવામાં આવી હતી. જ્યોતિબેન દેસાઈની ચીટનીશ વિકાસ કમિશનરની કચેરી ગાંધીનગરથી મહુધા, જયકુમાર ભરતભાઈ ચૌધરીની વિરપુરથી ડીસા, ચિંતનકુમાર પટેલની ડીસાથી ભિલોડા, ભાવસિંહ પરમારની વેરાવળથી બારડોલી, વિભૂતીબેન સેવકની બારડોલીથી વિરપુર, દિપેશકુમાર ડાહ્યાભાઈ પટેલની વાલોડથી વાઘોડીયા, જિજ્ઞેષભાઈ પટણીની ઉમરેઠથી કઠલાલ, જયદીપ બદલાણીયાની જામજોધપુરથી મુળી ટીડીઓ તરીકે બદલી કરવામાં આવી હતી.

હિમાદ્રીબા સરવૈયાની મદદનીશ પ્રાયોજના અધિકારી (વહીવટ), જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અમરેલીથી ચીટનીશ વિકાસ કમિશનરની કચેરી ગાંધીનગર, કલ્પનાબેન શામળદાસ ભૂરીયા મદદનીશ પ્રાયોજના અધિકારી (વહીવટ), જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સાબરકાંઠાથી મદદનીશ પ્રાયોજના અધિકારી (યોજના) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી બનાસકાંઠા, અમી પટેલ તાલુકા વિકાસ અધિકારી, ઈડરની ચીટનીશ વિકાસ કમિશનરની કચેરી ગાંધીનગર તરીકે બદલી કરવામાં આવી હતી. મહીપતસિંગ ચૌહાણની કપડવંજથી ધોળકા, બીપીન પરમારની ધોળકાથી કપડવંજ, એસ જે ચૌહાણની કાલોલથી ફતેપુરા, શામળાભાઈ પટેલની માંડવીથી દીયોદર, મુકેશભાઈ મકવાણાની દ્વારકાથી ઉમેરઠ, ધવલ દેસાઈની ધોલેરાથી દેત્રોજ, મેહુલકુમાર સિંધવથી હળવદથી ધોલેરા, બી એન ચૌધરીની અબડાસાથી ઈડર, ભૂપેન્દ્રભાઈ રાઠોડની નવસારીથી સોનગઢ, ડી ડી ગાંવિતથી સોનગઢથી નવસારી, મહેન્દ્રકુમાર ચૌધરીની વલસાડથી ધાનેરા, રાજેશ ધનગરની ધાનેરાથી વલસાડ ટીડીઓ તરીકે બદલી કરવામાં આવી હતી. ■

# કચ્છમાં બે દિવસ કોલ્ડવેવની આગાહી, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઠંડી વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. જો કે હજુ પણ ઠંડીથી રાહતની કોઈ સંભાવના નથી, આગામી સમયમાં ગુજરાતમાં ઠંડીનું જોર વધશે,હવામાન વિભાગે કચ્છમાં બે દિવસ કોલ્ડવેવની આગાહી કરી હતી, હવામાન વિભાગના જણાવ્યા મુજબ, ગુજરાત ઉપર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધુ રહેશે. જ્યારે દક્ષિણ ગુજરાતના આસપાસ દરિયાકાંઠો હોવાથી ત્યાં તાપમાન સામાન્ય કે સામાન્યથી થોડા અંશે વધુ રહેવાથી ઠંડીમાં આંશિક રાહત મળશે.

ઉત્તરથી ઉત્તર પૂર્વના પવનોના કારણે આગામી પાંચ દિવસમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં લઘત્તમ તાપમાન થોડું નીચું જવાની આગાહી છે.

આ વર્ષની ઠંડીમાં આશ્ચર્યજનક બાબત એ છે કે જ્યાં રાજકોટમાં સામાન્ય ઠંડી રહેતી હોય છે તેને બદલે આ વર્ષે ગાત્રો થીજવતી ઠંડી રાજકોટવાસીઓ અનુભવી રહ્યા છે. ગુજરાતના નલિયા અને ડીસામાં કોલ્ડવેવની અસર સામાન્ય છે, પરંતુ આ વર્ષે જે પ્રકારે રાજકોટમાં પણ બે દિવસ દરમિયાન કોલ્ડવેવની અસર રહી હતી.

રાજ્યના હવામાનની વાત કરીએ તો, સૌથી ઓછું નલિયામાં તાપમાન નોંધાયું હતું, ૬.૫ ડિગ્રી તાપમાન સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું. તે જ પ્રકારે, અમદાવાદમાં ૧૧.૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૯ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. ■

# શ્રમિક બસેરા યોજના હેઠળ ગુજરાતનાં મોટા શહેરોમાં ૧૭ જગ્યાએ આવાસો બનશે: રાહત દરે ભાડેથી અપાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં શ્રમિકોની સુખાકારી માટે શ્રમિક બસેરા યોજના હેઠળ રાજ્યના મુખ્ય શહેરોમાં ૧૭ જગ્યાએ આવાસો ઊભા કરવામાં આવશે. આ યોજના હેઠળ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના નોંધાયેલા બાંધકામ શ્રમિકો અને તેમના પરિવારને રાહત દરે ભાડેથી રહેવાની સુવિધા પૂરી પાડવામાં આવશે. લાભાર્થી શ્રમિકના ૬ વર્ષ કે ઓછી વયના બાળકો માટે કોઈ ભાડું લેવામાં આવશે નહીં. આ યોજનામાં શ્રમિકોના કડિયાનાકાના ૧ કિલોમીટર જેટલા વિસ્તારોમાં આવાસ પૂરા પાડવામાં આવશે, જેમાં પાણી, રસોડું, વીજળી, પંખા, સ્ટ્રીટલાઈટ, સિક્યોરિટી, મેડિકલ અને ઘોડિયાઘર જેવી સુવિધા હશે. શ્રમિક બસેરા તૈયાર થતાં શરૂઆતમાં ૧૫,૦૦૦થી વધુ બાંધકામ શ્રમિકોને લાભ મળશે. આ વર્ષે જુલાઈમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાતના ૪ મોટા શહેરોમાં શ્રમિકો માટે હંગામી આવાસોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. શ્રમિક બસેરા યોજના અંતર્ગત આવાસ નિર્માણની કામગીરી અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે શ્રમિક બસેરા યોજના અંતર્ગત અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ તથા વડોદરામાં કુલ ૧૭ સાઈટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે. માત્ર ૫ રૂપિયા પ્રતિ દિવસ પ્રતિશ્રમિકના ટોકન દરેથી, શ્રમિકોને તેમના કામકાજના નજીકના સ્થળે જ મૂળભૂત સુવિધાઓથી સજ્જ પ્રીફેબ્રિકેટેડ આવાસો આપવામાં આવશે. આ યોજનાના પારદર્શી અમલીકરણ માટે શ્રમિક બસેરા યોજનાના પોર્ટલનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. ■

# અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ, ડીઆરઆઈનું સંયુક્ત ઓપરેશન

## ૧૫ કિલો ગાંજો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમ, ડીઆરઆઈના સંયુક્ત ઓપરેશનને મોટી સફળતા મળી હતી,ડીઆરઆઈએ અમદાવાદ એરપોર્ટ પર ૧૫ કિલો ગાંજો (હાઈડ્રોપોનિક કેનાબીસ) સાથે આંતરરાષ્ટ્રીય ડ્રગ દાણચોરોને ઝડપી પાડ્યો હતો. જેની કિંમત ગેરકાયદેસર બજારમાં ૧૫ કરોડ રૂપિયા હોવાનું મનાય છે.

ડ્રગ્સની દાણચોરી અંગે એક મહત્ત્વની બાતમીના આધારે ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ અમદાવાદ પ્રાદેશિક એકમના અધિકારીઓએ બેંગકોકથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવતા ભારતીય નાગરિકને અટકાવ્યો હતો અને પેસેન્જરના સામાનની ઝીણવટભરી તપાસ કરતાં ચાર કાપડની થેલીઓ મળી આવી હતી, જેમાં ૧૦ એરટાઈટ પોલિથીન પેકેટ હતા. આ પેકેટોની અંદરથી ૧ લીલો ગઠ્ઠા જેવો પદાર્થ મળી આવ્યો હતો. ફિલ્ડ ટેસ્ટિંગે પુષ્ટિ કરી કે આ પદાર્થ કેનાબીસ હતો, જેને સામાન્ય રીતે મારિજુઆના તરીકે ઓળખવામાં આવે છે. જપ્ત કરાયેલા હાઈડ્રોપોનિક કેનાબીસનું કુલ વજન ૯.૨ કિલો હોવાનું જાણવા મળ્યું હતું. ■

## ખ્યાતિકાંડમાં વધુ એક મોટો ખુલાસો

# માત્ર ૨૦૦૦ રૂપિયામાં બોગસ આયુષ્માન કાર્ડ બનાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદની ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ગત મહિને ૨ દર્દીના ખોટા ઓપરેશન બાદ થયેલા મોત બાદ હાલ કેસનો ધમધમાટ ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં આઠ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો હતો. કોઈપણ વ્યક્તિનું પીએમજેએવાય કાર્ડ કાઢી આપવામાં આવતું હતું. પાત્રતા ન ધરાવતાં હોય તેવા લોકો પાસેથી ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા લઈને કાર્ડ કાઢી આપવામાં આવતું હતું. આ મુદ્દે પોલીસે લગભગ છથી વધુ લોકોની ધરપકડ કરી હતી. કાર્તિક પટેલના કહેવાથી ચિરાગ રાજપૂતે નિમેષ ડોડીયા પાસે કાર્ડ બનાવતો હતો. જે કાર્ડના ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા લાભાર્થી પાસેથી વસૂલવામાં આવતા હતા. જેમાંથી નિમેશને રૂ. ૧૦૦૦ મળતા હતા. નિમેશ ડોડીયા દ્વારા આયુષ્યમાન કાર્ડ બનાવવાના અલગ અલગ પોર્ટલ વાપરતો હતો. જે પોર્ટલોમાં જુદાજુદા કાર્ડો બનાવી આપવાની જાહેરાતો કરી અલગ અલગ લોકોના સંપર્કમાં આવેલો હતો. તેમજ જુદાજુદા વોટ્સએપ ગ્રુપ તથા ટેલિગ્રામ ગ્રૂપમાં જોડાયેલ હતો. આ ગ્રૂપ મારફતે તે મોહમદ ફઝલ, મોહમ અસ્ફાક, નરેન્દ્રસિંહ ગોહિલ અને ઈમ્તિયાઝના સંપર્કમાં આવ્યો હતો.

આયુષમાન કાર્ડ સરકારી પોર્ટલની ટેક્નિકલ ખામીનો દુરુપયોગ કરી વેબસાઈટ પર જઈ ત્યાં સોર્સ કોડ સાથે ચેડા કરી કાર્ડ બનાવેલા હતા. નિમેષ ડોડીયા અને નરેન્દ્રસિંહ ગોહિલને આયુષમાન કાર્ડનું ઈ-કેવાયસી એપ્રુવ કરવા માટે એન્સર કોમ્યુનિકેશન પ્રાઈવેટ લિમિટેડ કંપનીના નિખિલ પારેખે ગેરકાયદે રીતે યુઝર આઈડી બનાવી આપ્યું હતું. જે પેટે તે માસિક ૮ થી ૧૦ હજાર રૂપિયા લેતો હતો. ■

# ગોપાલ નમકીનમાં આગની ઘટના બાદ નમકીનનું પ્રોડક્શન અટકાવવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગોપાલ નમકીનમાં લાગેલી આગ બાદ જ્યાં સુધી સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટનો રિપોર્ટ ના આવે ત્યાં સુધી નમકીનમાં પ્રોડક્શન ન કરવા આદેશ આપવામાં આવ્યો હતો.

ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી ડિપાર્ટમેન્ટના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. જો રિપોર્ટમાં બેદરકારી સાબિત થશે તો એક લાખ રૂપિયાનો દંડ તેમજ બે વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ગોપાલ નમકીનના પ્લાન્ટમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક કારણ બહાર આવ્યું હતું. આ પ્રકરણમાં હવે ઔદ્યોગિક સલામતી વિભાગના અધિકારીએ તપાસમાં ઝંપલાવ્યું છે. જોકે ડિપાર્ટમેન્ટ એફ.એસ.એલ.ના રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરશે.તેમજ જ્યાં સુધી સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટનો રિપોર્ટ ન આવે ત્યાં સુધી ગોપાલ નમકીનમાં પ્રોડક્શન અટકાવી દેવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. ■

# મુંબઈગરાનો ડમ્પિંગ ગ્રાઉન્ડથી છુટકારો થવાનો નથી

## અંબરનાથમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ બનાવવા સામે સ્થાનિકોએ વિરોધ કરતા યોજના પર પાણી ફરી વળ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના પૂર્વ ઉપનગરમાં આવેલા દેવનાર અને કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડની ક્ષમતા પૂરી થઈ ગઈ છે અને ડમ્પિંગ ગ્રાઉન્ડને કારણે સ્થાનિક નાગરિકોને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે, તેની સામે મુંબઈ મહાનગરપાલિકાએ ડમ્પિંગ ગ્રાઉન્ડને અંબરનાથમાં ખસેડવાની યોજના બનાવી હતી. જોકે આ યોજના પર પાણી ફરી વળ્યું છે, તેથી હવે મુંબઈગરાને હવે ડમ્પિંગ ગ્રાઉન્ડથી છૂટકારો મળવાનો નથી.

મુંબઈમાંથી પ્રતિદિન નીકળતા કચરાને દેવનાર અને કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવે છે. આ બંને ડમ્પિંગ ગ્રાઉન્ડની ક્ષમતા પૂરી થવાથી મુંબઈના ડમ્પિંગ ગ્રાઉન્ડને અંબરનાથના કરવલે ગામમાં સ્થળાંતર કરવાનો મુંબઈ મહાનગરપાલિકાનો પ્રયાસ હતો. જોકે સ્થાનિક નાગરિકોના વિરોધ અને ડમ્પિંગ ગ્રાઉન્ડમાં રહેલા કચરામાંથી વીજ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવા પર ધ્યાન આપવાનો પ્રશાસને નિર્ણય લીધો છે. તેથી હાલપૂરતું ડમ્પિંગ ગ્રાઉન્ડનું મુંબઈથી સ્થળાંતર થવાનું નથી. મુંબઈના કચરા માટે અંબરનાથમાં કરવલે ગામમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ ઊભી કરવાની વર્ષો પહેલા સુધરાઈએ યોજના બનાવી હતી. જોકે લાંબા સમયથી ત્યાંના સ્થાનિક નાગરિકો તેની સામે વિરોધ કરી રહ્યા હતા. તેથી હવે જમીનના સંપાદનને પણ રોકી દેવામાં આવવાનું છે. આ મુદ્દે તાજેતરમાં પાલિકા મુખ્યાલયમાં એક બેઠક પણ યોજાઈ હતી. મુંબઈમાં દરરોજ નીકળતા કચરામાંથી દેવનાર, ગોરાઈ, મુલુંડ અને કાંજુરમાર્ગમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યા હતા. તેમાંથી ગોરાઈની ક્ષમતા પૂરી થઈ જતા તેને બંધ કરી દેવામાં આવ્યું હતું. દેવનારની ક્ષમતા પણ લગભગ પૂરી થઈ ગઈ છે પણ ત્યાં કચરામાંથી વીજળીનું ઉત્પાદન કરવાનો પ્રોજેક્ટ હાથ ધરીને તેની ક્ષમતા વધારવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર ડિસેમ્બર ૨૦૧૮માં બંધ કરી દેવામાં આવ્યું હતું. હાલ મુંબઈના તમામ કચરાનો ભાર કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડ પર આવી રહ્યો છે, તેથી સામે સ્થાનિક નાગરિકો લાંબા સમયથી ડમ્પિંગ ગ્રાઉન્ડને બંધ કરવાની માગણી કરી રહ્યા છે. છતાં કચરાના વધતા પ્રમાણ સામે અહીં બાયોરિએક્ટર પદ્ધતિએ કચરાનો નિકાલ તબક્કાવાર કરવામાં આવી રહ્યો છે.

મુંબઈમાં હાલ પ્રતિદિન ૬,૫૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે, તેમાંથી ૬૦૦ મેટ્રિક ટન કચરો દેવનારમાં તો બાકીનો કાંજુરમાર્ગમાં નાખવામાં આવે છે. કાંજુરમાર્ગની ક્ષમતા પણ પૂરી થવાની તૈયારીમાં છે, તેથી મુંબઈનો કચરો અંબરનાથના કરવલે ગામમાં લઈ જવાની યોજના પાલિકાએ બનાવી હતી. અહીં બાવન હેકટરમાંથી ૩૯.૯૦ હેકટર જગ્યા રાજ્ય સરકારની છે, તે માટે ૧૨.૩૫ કરોડમાંથી ૧૦ કરોડ રૂપિયા પાલિકાએ ચૂકવી દીધા હતા.

તો બાકીની જગ્યા ખાનગી માલિકીની છે, તેમાંથી અમુક જગ્યા ઉપલબ્ધ થઈ નહોતી. કલેકટર મારફત આ જગ્યા કબજામાં લેવાના પ્રયાસ ચાલી રહ્યા હતા. પરંતુ સ્થાનિકો સતત વિરોધ કરી રહ્યા હતા. તેથી સ્થાનિકોના વિરોધ અને કચરામાંથી વીજળીનું ઉત્પાદન પર ધ્યાન આપીને હવે અંબરનાથની જગ્યાનું સંપાદન કરવાનો નિર્ણય મોકૂફ રાખવાનો નિર્દેશ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓને આપ્યો છે.

### ઓક્ટોબર સુધીમાં વીજળીનું ઉત્પાદન થશે

દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં દરરોજ નાખવામાં આવતા લગભગ ૬૦૦ મેટ્રિક ટન કચરામાંથી વીજળીનું ઉત્પાદનનું કામ ચાલી રહ્યું છે. તેમાંથી દરરોજ ચાર મેગાવૉટ વીજળી ઉપલબ્ધ થશે. આ પ્લાન્ટમાંથી ઓક્ટોબર, ૨૦૨૫થી વીજળીનું ઉત્પાદન ચાલુ થશે. કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં નાખવામાં આવતા કચરામાંથી ૬૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે.

# થાણેમાં ઝવેરીની દુકાનમાંથી પાંચ કરોડ રૂપિયાના દાગીના ચોરાયા

થાણે: થાણે રેલવે સ્ટેશનની નજીક આવેલી ઝવેરીની દુકાનમાંથી પાંચ કરોડ રૂપિયાની કિંમતના દાગીના ચોરાતાં ખળભળાટ મચી ગયો હતો. નૌપાડા પોલીસે આ પ્રકરણે બે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેમની શોધ આદરી હતી.

થાણે પશ્ચિમમાં સ્ટેશન રોડ પર મરાઠા જ્વેલર્સ નામની દુકાનમાં સોમવારે મોડી રાતે ચોરીની આ ઘટના બની હતી. દુકાનનું શટર તોડીને અંદર ઘૂસેલા ચોર પાંચ કરોડ રૂપિયાના દાગીના ચોરી ફરાર થઇ ગયા હતા. દરમિયાન મંગળવારે સવારે દુકાન ખોલવામાં આવ્યા બાદ ચોરીની ઘટના પ્રકાશમાં આવી હતી, જેને પગલે નૌપાડા પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે આવ્યા બાદ પંચનામું કરીને આ પ્રકરણે ગુનો દાખલ કર્યો હતો. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં શકમંદો નજરે પડ્યા હતા. આરોપીઓને પકડવા માટે પોલીસની વિશેષ ટીમ તૈયાર કરવામાં આવી હોઇ સીસીટીવીના ફૂટેજને આધારે તેમની શોધ ચલાવાઇ રહી છે.

# નારાજ નેતાઓને મનાવવાના પ્રયાસ ચાલુ છે: ઉદય સામંત

નાગપુર: શિવસેનાના નેતા અને રાજ્યના કેબિનેટ કક્ષાના પ્રધાન ઉદય સામંતે મંગળવારે કહ્યું હતું કે કેબિનેટમાં સ્થાન ન મળવાને કારણે નારાજ પાર્ટીના નેતાઓને શાંત પાડવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે. સામંતે કહ્યું હતું કે પ્રધાનપદું ન મળવાને કારણે કેટલાક લોકોમાં નારાજી છે. અમે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ એક પરિવારની જેમ કામ કરીએ છીએ. કેબિનેટમાં સ્થાન ન મળવાને કારણે નારાજી હોઈ શકે છે. જે પ્રધાન બને તેમની જવાબદારી છે કે નારાજી દૂર કરવી. અમે તેના પર કામ કરી રહ્યા છીએ. તાનાજી સાવંત હોય કે વિજય શિવતારે, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તેમને મનાવી લેશે. જો અમે બે-ત્રણ મહિનામાં સારું કામ નહીં કરીએ તો અમને પ્રધાન બનાવનારા એકનાથ શિંદે અમારું પ્રધાનપદ પાછું લઈ લેશે.

# એમવીએના કાર્યકાળમાં ફડણવીસ અને શિંદે સામે કાવતરું ઘડાયાનો આક્ષેપ

નાગપુર: ભાજપના વિધાનપરિષદના સભ્ય પ્રવીણ દરેકરે મંગળવારે વિધાન પરિષદમાં એવો આક્ષેપ કર્યો હતો કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને ત્યારના પ્રધાન એકનાથ શિંદેને ખોટા કેસમાં ફસાવવા માટે ત્યારની મહાવિકાસ આઘાડીની સરકારે કાવતરું ઘડ્યું હતું. તે સમયે ભાજપના વિધાનસભ્ય દેવેન્દ્ર ફડણવીસ વિપક્ષી નેતા હતા. જ્યારે શિંદે તો એમવીએ સરકારના પ્રધાન હતા અને નગરવિકાસ ખાતું સંભાળતા હતા. ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની એમવીએની સરકારનું પતન થયા બાદ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકાર રાજ્યમાં આવી હતી. પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશનના માધ્યમથી વિધાન પરિષદમાં ઉપરોક્ત માહિતી આપતાં તેમણે એવી માગણી કરી હતી કે આ કથિત કાવતરાની તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) નિયુક્ત કરાવવાની માગણી કરી હતી.

# લાતુરમાં ચોરાયેલા નવ લાખના દાગીના મધ્ય પ્રદેશથી જપ્ત કરાયા

લાતુર: લાતુરમાં ગયા મહિને સગાઇ દરમિયાન ચોરાયેલા નવ લાખ રૂપિયાના દાગીના પોલીસે મધ્ય પ્રદેશથી જપ્ત કર્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર ૨૯ નવેમ્બરે હૉટેલમાં ચોરીની આ ઘટના બની હતી. હૉટેલમાં સગાઇ સમારોહ દરમિયાન દાગીના ભરેલી બેગ ચોરાઇ હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાવાયા બાદ પોલીસે આરોપીઓને પકડવા વિશેષ ટીમ તૈયાર કરી હતી.

૮ ડિસેમ્બરે પોલીસને માહિતી મળી હતી કે ગુનામાં સંડોવાયેલા આરોપીઓ મધ્ય પ્રદેશના રાજગઢ જિલ્લાના બોડા ગામના રહેવાસી છે. આથી પોલીસ ટીમને મધ્ય પ્રદેશ રવાના કરવામાં આવી હતી.

## તેરમા પાનાનું ચાલુ

### ભુજબળ બગડ્યા

અજિત પવાર પાર્ટી માટે નિર્ણયો લે છે જેમ કે ભાજપ માટે ફડણવીસ અને શિવસેના માટે એકનાથ શિંદે. એક દિવસ પહેલા તેમની 'જહાં નહીં ચૈના, વહાં નહીં રહેના' ટિપ્પણી અંગેની અટકળો વચ્ચે, ભુજબળે કહ્યું કે તેઓ બુધવારે એનસીપી કાર્યકરો અને યેવલા મતવિસ્તારના લોકો સાથે ચર્ચા કર્યા પછી પત્તા ખોલશે. અગ્રણી નેતાએ કહ્યું હતું કે, હું પ્રધાન ન બનવાથી નિરાશ નથી, પરંતુ અપમાનિત અનુભવ કરી રહ્યો છું.

'મેં નાસિકથી લોકસભા ચૂંટણી લડવાનું સૂચન સ્વીકાર્યું. જ્યારે હું આ વર્ષની શરૂઆતમાં રાજ્યસભામાં રહેવા માગતો હતો, ત્યારે મને વિધાનસભા ચૂંટણી લડવાનું કહેવામાં આવ્યું. હવે મને આઠ દિવસ પહેલા રાજ્યસભા બેઠકની ઓફર કરવામાં આવી હતી જેને મેં નકારી કાઢી હતી. તેઓએ ત્યારે મારી વાત સાંભળી નહીં, હવે તેઓ તે (રાજ્યસભા બેઠક) આપી રહ્યા છે. શું હું તમારા હાથમાં રમકડું છું?' એમ તેમણે પૂછ્યું હતું.

શું તમને એવું લાગે છે કે જ્યારે તમે મને કહેશો ત્યારે હું ઉભો થઈશ, જ્યારે પણ તમે કહેશો ત્યારે બેસીને ચૂંટણી લડીશ? જો હું રાજીનામું આપીશ તો મારા મતવિસ્તારના લોકોને શું લાગશે? તેમણે પ્રશ્ન કર્યો હતો.

### શાળાનાં બાળકોને

અંધેરી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર આંદલિંગે જણાવ્યું હતું કે ટ્રાવેલ્સ કંપનીની બસના ડ્રાઈવર અરવિંદકુમાર ગૌતમ (૩૯) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. જામીનપાત્ર ગુનો હોવાથી ડ્રાઈવરને જામીન પર છોડવામાં આવ્યો હતો.

સાકીનાકાની યોગીરાજ શ્રીકૃષ્ણ વિદ્યાલયના વિદ્યાર્થીઓને મંગળવારની સવારે ગોરાઈમાં પિકનિક પર લઈ જવાઈ રહ્યા હતા. બસમાં ૫૦ વિદ્યાર્થી અને શિક્ષક હતા. બસ અંધેરીના ટૅબ જંક્શન નજીક પહોંચી ત્યારે ફરજ પર હાજર ટ્રાફિક પોલીસને જોઈ ડ્રાઈવર થોડો હલબલી ગયો હતો. ટ્રાફિક પોલીસે બસ રોકવાનો ઇશારો કરતાં ડ્રાઈવરે સિગ્નલથી થોડે આગળ બસ રોકી હતી, જેને પગલે પોલીસને શંકા ગઈ હતી. તપાસ કરતાં ડ્રાઈવર અને તેનો સહાયક દારૂના નશામાં હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાથમિક પૂછપરછમાં બન્નેએ સવારમાં દારૂ ઢીંચ્યો હોવાની કબૂલાત કરી હતી.

### ભુજબળે શું કહ્યું?

શુભેચ્છાની આપ-લે પણ કરવાની હોય છે.

### મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાનપદ અઢી વર્ષ માટે?

ઉદ્ધવ ઠાકરેએ સરકાર પર તોપમારો ચલાવ્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે લોકશાહી કે મતદાન પ્રક્રિયાને પારદર્શક બનાવવી જોઈએ. ત્યાં સુધી વન નેશન વન ઈલેક્શન પૂર્ણ ન થવી જોઈએ. મહારાષ્ટ્ર વિધાનસભાના રવિવારે પ્રધાનપદના શપથ લેનારા પ્રધાનોની મુદત અઢી વર્ષની હોવાના અહેવાલો પર ટિપ્પણી કરતાં તેમણે કહ્યું હતું કે શું રાજ્યમાં મુખ્ય પ્રધાનપદ અને નાયબ મુખ્ય પ્રધાનપદ માટે પણ અઢી વર્ષની મુદત રાખવામાં આવી છે?

### હવે અજિત પવાર

નારાજગીનો સૂર જોવા મળી રહ્યો છે. બીજી બાજુ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર છેલ્લા ૨૪ કલાકથી કોઇને પણ મળી નથી રહ્યા. તેમ જ સોમવારે વિધાનમંડળ અધિવેશનના પહેલા દિવસે અજિત પવાર સભાગૃહમાં હાજર નહોતા. આને કારણે ચર્ચાએ ઓર જોર પકડ્યું હતું. ૨૩મી નવેમ્બરે મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભા ચૂંટણીનાં પરિણામ જાહેર થયાં, જેમાં મહાયુતિને ૨૩૦થી વધુ બેઠક પર વિજય મળ્યો. આ વિજય બાદ અંદાજે ૧૩ દિવસ પછી મહાયુતિ સરકારની શપથવિધિ થઇ. ત્યાર બાદ પ્રધાનમંડળના વિસ્તરણને પણ હવે આઠ દિવસનો સમય લાગ્યો હતો. દરમિયાન અજિત પવાર નોટ રીચેબલ હોવાને કારણે તેઓ નારાજ છે, એવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

### પાલઘરમાં એમ્બ્યુલન્સમાં

થાણેની સુધરાઇની હૉસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી હતી જે ૭૫ કિલોમીટર દૂર હતી. મહિલાને એમ્બ્યુલન્સમાં લઇ જતી વખતે રસ્તાના ખાડાને કારણે ૧૦ કિલોમીટરના અંતરે જ તાત્કાલિક મહિલાની પ્રસૂતિ કરાવવી પડી હતી. આ દરેક તકલીફ બાદ ડૉક્ટરો મહિલાની સુરક્ષિત પ્રસૂતિ કરાવવામાં સફળ રહ્યા હતા. મહિલાએ પણ સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો, એમ તેમણે જણાવ્યું હતું. ગ્રામીણ હૉસ્પિટલમાં વિશેષ સુવિધાનો અભાવ હોવા છતાં અહીં રોજની છથી વધુ ડિલિવરી કરાવવામાં આવે છે જેમાં બેથી ત્રણ ડિલિવરી સર્જરી દ્વારા કરાવાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

### કલ્યાણ-ડોંબિવલીમાં

અઠવાડિયા ૨૮ વર્ષીય યુવકને શ્વાને કરડ્યો હતો અને ત્યાર બાદ તેને બિલાડી પણ કરડી હતી જેમાં તેનું મોત થયું હતું. લોકો આવી ઘટનાઓ માટે પાલિકાની બેદરકારીને જવાબદાર ઠરાવી રહી છે. લોકોનું કહેવું છે કે રાતના સમયે બાળકો ઘરની બહાર રમતા હોય છે તેમના પર શ્વાન દ્વારા હુમલો કરવાનો ભય હોય છે. તેથી રખડતા શ્વાનો પર નિયંત્રણ રાખવાની માગ કરાઇ રહી છે. તેમ છતાં દર મહિને અંદાજે ૧,૦૦૦ શ્વાનોની નસબંધી કરવામાં આવે છે, પરંતુ શ્વાનોના હુમલાની ઘટનામાં કોઇ ઘટાડો થઇ રહ્યો નથી.

### સ્ટેમ્પ ડ્યૂટી

આપવામાં આવી હતી. મહારાષ્ટ્ર સ્ટેમ્પ એક્ટની અનુસૂચિ-૧માં વિવિધ કલમો હેઠળ સ્ટેમ્પના દરોને સરળ કરવા માટે સુધારો કરવામાં આવ્યો છે અને સામાન્ય રીતે જ્યાં પણ ૧૦૦ રૂપિયા આપવામાં આવે છે, તેને ૫૦૦ રૂપિયા દ્વારા બદલવામાં આવે છે. કલમ-૪માં ૫૦૦ રૂપિયાની લઘુતમ સ્ટેમ્પ ડ્યૂટી વસૂલવા માટે સુધારો કરવામાં આવ્યો છે. સરકારી કે અર્ધસરકારી સંસ્થાઓને આ કલમના કાર્યક્ષેત્રમાં લાવવામાં આવે તે પહેલાં સોગંદનામાને અમલમાં મૂકવાની જરૂર છે. કલમ ૧૦માં સ્ટેમ્પ ડ્યૂટીના દર અને શેર મૂડીની મહત્તમ મર્યાદા અને શેર મૂડીમાં વધારો કરવા માટે સુધારો કરવામાં આવ્યો છે. વધુમાં કલમ ૪૭માં ભાગીદારીના સાધન માટે લઘુતમ ૫૦૦ રૂપિયા અને મહત્તમ ૫૦ હજાર રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી અને ભાગીદારીના વિસર્જનના કેસમાં ૫૦૦ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટીમાં ફેરફાર કરવા માટે સુધારો કરવામાં આવ્યો છે.

### જબ દે મેટ...

વહેંચવાના મુદ્દા પર લાંબા ગાળાના સાથી ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ શું કહ્યું?

મહારાષ્ટ્ર સરળ રાજકારણની રાહ જોઈ રહ્યું છે. તેમની સરકાર સ્થપાઈ છે. કમનસીબે અમારી સરકાર આવી નહીં. તેમની પાસેથી મહારાષ્ટ્રનું હિત અપેક્ષિત છે. તેઓ કેવી રીતે જીત્યા તે એક રહસ્ય છે. અમે લોકો દ્વારા આ પ્રશ્નો ઉઠાવીશું, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

### ભાજપે શું કહ્યું?

ઉદ્ધવ ઠાકરેએ શુભેચ્છા આપવા માટે ફડણવીસની મુલાકાત લીધી હશે, એમ ભાજપના નેતા પ્રસાદ લાડે કહ્યું હતું. વિપક્ષના લોકો આવી રીતે મુખ્ય પ્રધાન, પ્રધાનોને મળતા હોય છે. આ મુલાકાતના અલગ અર્થ કાઢવાની આવશ્યકતા નથી, એમ ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દરેકરે કહ્યું હતું. આ પહેલાં ઉદ્ધવ ઠાકરે અને મારી પણ મુલાકાત થઈ હતી.

આ આપણી રાજકીય સંસ્કૃતિ છે. અમે વિરોધીઓ છીએ, વેરી નથી. રાજકારણ વ્યતિરિકત અમારા સારા સંબંધો છે, એમ પણ દરેકરે જણાવ્યું હતું.

### મહિલા દુબઈ ફરવા

રોહન સતીશ રેડકર ઉર્ફે બાબુ (૧૯), સ્વપ્નિલ દિલીપ સસાણે ઉર્ફે બાબુરાવ (૨૨), અન્વર સુબાની શેખ તરીકે થઈ હતી. કોર્ટે આરોપીને ૧૯ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. આ કેસમાં એક સગીરને પણ તાબામાં લેવાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ઉલ્હાસનગરમાં રહેતી સુનીતા પિલ્લઈ (૪૫) ફરવા અને શૉપિંગ માટે દુબઈ જવાની હતી. મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પહોંચવા માટે તે પાંચમી ડિસેમ્બરની રાતે ઘરેથી કૅબમાં નીકળી હતી.

આરોપીઓએ કારમાં પીછો કરી સુનીતાની કૅબને થાણેમાં રાબોડી નજીક કેડબરી જંક્શનના બ્રિજ પાસે રોકી હતી. પોતાની ઓળખ પોલીસ તરીકેની આપીને પોલીસની બીજી ટીમ અને કસ્ટમ્સના અધિકારી પાછળ વાહનમાં આવી રહ્યા હોવાનું કહ્યું હતું.

કૅબના ડ્રાઈવર અને ફરિયાદીને શસ્ત્રોની ધાક બતાવી આરોપી ૫૦ હજાર સઉદી રિયાલ અને એક લાખ રૂપિયા લૂંટી ફરાર થઈ ગયા હતા. આ પ્રકરણે રાબોડી પોલીસે ગુનો નોંધ્યો હતો, જેની સમાંતર તપાસ ખંડણી વિરોધી શાખાએ હાથ ધરી હતી.

ખંડણી વિરોધી શાખાના ઈન્સ્પેક્ટર નરેન્દ્ર પવાર અને એપીઆઈ સુનીલ તારમળેની ટીમે મળેલી માહિતીને આધારે અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપીઓને પકડી પાડ્યા હતા. આરોપીઓને ફરિયાદી સુનીતાની કલ્યાણમાં રહેતી બહેનપણી નીતા ઉર્ફે ભક્તિએ જ માહિતી પૂરી પાડી હોવાનું તપાસમાં સામે આવતાં પોલીસે ભક્તિની પણ ધરપકડ કરી હતી.

આરોપીઓ પાસેથી લૂંટેલી રોકડ સહિત દેશી બનાવટની પિસ્તોલ અને કારતૂસ જપ્ત કરવામાં આવી હતી. ગુનામાં વપરાયેલી કાર, બે બાઈક પણ હસ્તગત કરાઈ હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

નરેશ (નિતીન) મોરારજી આસર (બેરાઈ) (ઉં. વ. ૭૩) તે હંસાના પતિ. સ્વ. તુલસીદાસ (મગુભાઈ), સ્વ. પરમાનંદ, નવીન, સ્વ. વિમળાબેન (બબીબેન), સ્વ. પુષ્પાબેનના ભાઈ. ડૉ. જતીન અને અ. સૌ. રીના નીરવ આસરના પિતા. અ. સૌ. ડૉ. દિવ્યતાના સસરા. સ્વ. છોટાલાલ મુલજી વેદના જમાઈ. નીરવ વિજયસિંહ આસરના સસરા. વૃશિન અને કાવ્યાના દાદા-નાના. તા. ૧૭-૧૨-૨૪ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**હાલાઈ લોહાણા**

ડૉ.વિનોદકુમાર કાનાબાર (ઉં. વ. ૭૮) સ્વ.પ્રભાબેન અને કુરજીભાઈના પુત્ર. દીનબાળાબેનના પતિ. સ્વ.કેશવજી અને હીરાબેન કાનાણીના જમાઈ. સારિકા અને મિતિકાના પિતા. શ્રીકાંત અને મયંકના સસરા. નીવ, પ્રિશા અને સિયોનાના નાના તા. ૧૪-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૯-૧૨-૨૪ના ગુરુવારે ૫ થી ૭. - શ્રી હાલાઈ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ રોડ, કાંદિવલી (પ.).

**દશા લાડ**

જંબુસર હાલ કાંદિવલી સ્વ. રતિલાલ અને સ્વ. હંસાબેનના પુત્ર પરેશ રતિલાલ શ્રોફ (ઉં. વ. ૬૨) રવિવાર, તા. ૧૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે છાયાના પતિ. વત્સલના પિતા. સ્વ. મીના દલાલ તથા રીટાબેન કમલેશકુમાર વોરાના ભાઈની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૯-૧૨-૨૪ના ૪ થી ૬, પવનધામ, મહાવીરનગર, એમસીએ ક્લબની પાછળ, કાંદિવલી વેસ્ટ. પિયર પક્ષની પ્રાર્થનાસભા પણ સાથે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. યશુમતી ઠક્કર (કાથરાણી) (ઉં. વ. ૬૯) સ્વ. દિનેશભાઈ ઠક્કરના પત્ની. તે સ્વ. લવજીભાઈ જાદવજી ઠક્કર અને સ્વ. રતનગૌરીના પુત્રવધૂ. તે સ્વ. લક્ષ્મીકાંત કુંવરજી આસાની અને સ્વ. કુસુમબેન લક્ષ્મીકાંત આસાનીના સુપુત્રી. તે અનિકેત દિનેશભાઈ ઠક્કરના માતુશ્રી. તે હિમાની ઠક્કરના સાસુ. કિરીટ લવજી ઠક્કર તથા મિનાક્ષી શૈલેષ ઉપાધ્યાયના ભાભી. ૧૪-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા.૧૯-૧૨-૨૪ને દિને ૪ થી ૬. સરીતા પાર્ક, શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

**સમસ્ત ભોઈ સમાજ**

માંગરોળ હાલ વિલેપાર્લા, સ્વ. કિશોર જેઠવા (ઉં. વ. ૫૪) તે નયનાબેનના પતિ. સ્વ. નટુભાઈ કેશવ જેઠવા તથા શાંતાબેન નટુભાઈ જેઠવાના મોટાપુત્ર. તે ભરતભાઈ, કાંતાબેન મનોજકુમાર સોલંકી, નિર્મળાબેન બિપીનભાઈ ચાવડાના ભાઈ. તે સ્નેહા, તન્વી, નેન્ત્રીના પિતા. તે હર્ષાલી તથા ઑમના મોટાબાપા. તે ભાવનાબેન ભરતભાઈ જેઠવાના જેઠ તા. ૧૪-૧૨-૨૪ને શનિવારે અવસાન પામ્યા છે. સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી બ્રહ્મક્ષત્રિય**

વ્રજલાલ વીંછી (ઉં. વ. ૮૩) ગામ પત્રી હાલ ભાયખલા નિવાસી તે સ્વ. ભાનુબેન લક્ષ્મીદાસ વીંછીના સુપુત્ર. તે ગં. સ્વ. ગંગાબાઈ હીરજી વીંછીના ભત્રીજા. સ્વ. વેલુબેનના પતિ. કાશીબાઈ રામજી ઘાંઘાના જમાઈ. સુંદરજી ગાંગજી, સ્વ. હરીરામ, મોહનભાઈ, સ્વ. હંસરાજ, જ્યોતિ જમનાદાસ છાટબારના ભાઈ. સ્વ. વસંત, હિતેશ, રામ, જયશ્રી, જ્યોતિના પિતા. તા. ૧૫-૧૨-૨૪ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૧૨-૨૪ને બુધવારના રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ જામખંભાળિયા નિવાસી હાલ કાંદિવલીના સ્વ.પ્રેમકુંવરબેન તથા સ્વ.ધનજી હરિદાસ ઠક્કર (ગોંધયા)ના પુત્ર મુકુંદભાઈ ઠક્કર (ઉં. વ. ૭૭) તે ૧૫/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે કિર્તીદાબેનના પતિ. મેઘના, સ્વાતિ, અર્પિતાના પિતા, નિર્મલ રૂપારેલ, ચિરાગ તન્ના, કુણાલ દવેના સસરા. સ્વ.જમનાદાસ, સ્વ.ભગવાનદાસ, મથુરાદાસ, ગોકળદાસ, રામદાસ, સ્વ.મંગુબેન બદિયાણી, સ્વ.સુશીલાબેન ચોટાઇ, સ્વ.રમાબેન કારિયાના ભાઈ. પ્રાર્થનાસભા ૧૯/૧૨/૨૪ના ૪ થી ૬ . પાવનધામ, મહાવીર નગર, એમસીએ ગ્રાઉન્ડની સામે, સત્યનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**માધવપુર ગિરીનારા બ્રાહ્મણ**

સ્વ. ભદ્રબાળાબેન તથા સ્વ.દિલીપકુમાર ત્રિકમદાસ જોષીના પુત્ર જવાહરભાઈ (જવી) (ઉં. વ. ૬૧) ૧૪/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે દીપ્તિના પતિ. યશ-દીપાના પિતાશ્રી. કલ્પના ગોપાલ પંચોલી, ગં.સ્વ.પ્રજ્ઞા જીતેન્દ્રભાઈ ભગત તથા નીતાઈના ભાઈ. સ્મિતાના દિયર. ચિંચણ નિવાસી ગં.સ્વ.સર્યુબેન હરકિશનદાસ કાલિદાસ જોષીના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર ૧૯/૧૨/૨૪ના ૫ થી ૭. એચ ૫૦૩, રીતુ પેરેડાઇસ બિલ્ડીંગ ફેઝ ૧, વેદાંત ઇન્ટરનેશનલ સ્કૂલની સામે, હાટકેશ નગર, મીરારોડ ઈસ્ટ.

**હાલાઇ લોહાણા**

બાલાગામ નિવાસી હાલ કાંદિવલી સ્વ.દિલીપભાઈ મોહનલાલ નારાયણદાસ દત્તાણીના ધર્મપત્ની ગં.સ્વ.ઉમાબેન દિલીપભાઈ દત્તાણી (ઉં. વ. ૭૬) ૧૫/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે દીપા, અલ્પા, ભાવેશના માતુશ્રી. આશિષ સચદેવ, પિન્કેશ પંચમતીયા, હેમાના સાસુ. પિયરપક્ષે પોરબંદર નિવાસી સ્વ.મંગળાબેન વૃજલાલ ભણસાલીના દીકરી. જયંતભાઈ, ગં.સ્વ.પ્રવીણાબેન ધીરુભાઈ મદલાણી, ગં.સ્વ.ઉષાબેન કિરીટભાઈ મજીઠીયાના ભાભી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૯/૧૨/૨૪ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટેકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ જ્ઞાતિ**

ગામ ડુંગરી હાલે અંધેરી ઠાકોરલાલ પંચાલ (ઉં. વ. ૮૮) તા. ૧૩-૧૨-૨૪ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે લક્ષ્મીબેનના પતિ. દેવેન્દ્ર, મુકેશ અને નીતાના પિતાશ્રી. મીતા, નૂતન અને કૈશિકના સસરા. સ્વ.ધનુબેન રામજીભાઈ પંચાલના સુપુત્ર. સ્વ.દિવાળીબેન અને સ્વ.દયારામ પીતાંબર પંચાલના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૯-૧૨-૨૪ને ગુરુવારે ૪ થી ૬, મહેશ્વરી પ્રગતિ મંડળ, મહેશ્વરી ભવન, ન્યૂ લિંક રોડ વિસ્તારિત, ઓશિવરા પોલીસ સ્ટેશન ઓશિવરા મેટ્રો સ્ટેશનની પાસે અંધેરી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**બાલાસિનોર દશા નીમા વણિક**

બાલાસિનોર નિવાસી હાલ મુંબઈના સ્વ. દિનેશકુમાર રમણલાલ ધારિયા તથા સ્વ.હંસાબેન ધારિયાના પુત્ર તથા લતાબેન તથા સ્વ.દુષ્યંતભાઈ શાંતિલાલ દેસાઈના જમાઈ. જીજ્ઞેશ ધારિયા (ઉં. વ. ૬૧) તે હિતાક્ષીના પતિ. ધ્રુવી તથા જીલના પિતા. કામિની કમલ શાહના ભાઈ. ૧૫/૧૨/૨૪ના દેવલોક પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટીયા**

જેરામહરીવાળા હંસરાજ આશર (ઉં. વ. ૮૫) તે સ્વ. મણીબેન દ્વારકાદાસ પુરષોત્તમના પુત્ર. હર્ષાબેન(હંસાબેન)ના પતિ. નિલેશ તથા અ.સૌ. દિપલના પિતાશ્રી. નિમેષ સંપટના સસરા. સ્વ.ઉમરશી કરશનદાસ (આટાવાળા)ના જમાઈ. સ્વ. જયરાજ, સ્વ. ગોરધનદાસ, કૃષ્ણરાજ, સ્વ. પ્રતાપસિહ, સ્વ. હેમંત, સ્વ. પુષ્પાબેન, સ્વ. હીરાબેન, સ્વ. દેવુબેન, અ.સૌ.ઈન્દુબેનના ભાઈ તા. ૧૬-૧૨-૨૦૨૪ને સોમવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૧૨-૨૦૨૪ને ગુરુવારે ૫.૦૦ થી ૬.૩૦, જૂની હાલાઈ ભાટીયા મહાજનવાડી, કાલ્બાદેવી રોડ.

**કપોળ**

મોટા ખુંટવડા વાળા હાલ વિલેપારલા સ્વ. પુષ્પાબેન મણીલાલ વોરાના પુત્રવધૂ ગં.સ્વ. કોકિલાબેન (ઉં. વ. ૭૯) તે સ્વ. મનુભાઈના પત્ની તા૧૬-૧૨-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. આનંદ અને મીનુના માતુશ્રી. જેસલ તથા હીરેન પારેખના સાસુ. હરેશ, પ્રવિણ, બળવંત, પ્રમોદ ત્થા સ્વ. નીરુબેન ગુણવંતરાય પારેખના ભાભી. સ્વ. તારાબેન ચંપકલાલ શાહ પાટણવાળાના દિકરી, પ્રાર્થનાસભા ત્થા લૌકિક વહેવાર રાખેલ નથી.

## પારસી મરણ

રોશન જાલ બાલાપોરિયા તે મરહુમ જાલ કે. બાલાપોરિયાના વિધવા. તે મરહુમો ધન તથા કૈખશરૂ બોંડેના દીકરી. તે પરવેઝ જે. બાલાપોરિયા ને બેનાઝ શાહરૂખ તારાના મમા. તે શાહરૂખ તારા અને બીનાઈફર બાલાપોરિયાના સાસુજી. તે હુઝાન, હુફિયાના મમઈજી. તે મહેરઝાદના બપઈજી (ઉં. વ. ૯૨) રે. ઠે.: ક્યુ-૪, ભરૂચાબાગ, એસ. વી. રોડ, અંધેરી પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૮-૧૨-૨૦૨૪ને બપોરે ૩.૪૫ કલાકે જોગેશ્વરી મધ્યે માલકમબાગ અગિયારીમાં કરવામાં આવશે.

## જૈન મરણ

ધાંગધ્રા નિવાસી હાલ મુંબઈ સ્વ.કાંતિલાલ ઉજમશી શાહના પુત્રવધૂ શિલ્પા શાહ (ઉં. વ. ૭૭) તે સ્વ.પિયુષના પત્ની. નિલેશ અને મમતા રાકેશ મધાનીના માતૃશ્રી. ચારુ અશ્વિન શાહના દેરાણી, સ્વ. પ્રવિણા જશવંત શાહના ભાભી. પિયરપક્ષે સ્વ.ગિરધરલાલ શામજીભાઈ ડેલીવાળાના દીકરી. તા. ૧૬-૧૨-૨૪ના સોમવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**રાધનપુર તીર્થ જૈન**

હાલ અંધેરી મુંબઈ સેવંતીલાલ જમનાદાસ શાહના ધર્મપત્ની અરુણાબેન શાહ (ઉં.વ. ૮૨) તા. ૧૭-૧૨-૨૪, મંગળવારના અવસાન થયેલ છે. તે દક્ષા, હર્ષા, અજય, ચેતનના મમ્મી. પરેશ પારેખ, હિરેન મોદી, નિલમ, તેજલ (બાલી)ના સાસુ. સ્વ. સુલસાબેન રોહિતભાઈના ભાભી. મહાસુખલાલ પરસોત્તમ શાહની પુત્રી. મંજુલાબેન, પ્રેમીલાબેન, જયોત્સનાબેન, શૈલેષભાઈના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

મુંબઈ નિવાસી કુંદનબેન કુંડલિયા (ઉં.વ. ૮૪) તે સ્વ. ડો. વિનોદ જેઠાલાલ કુંડલિયાના ધર્મપત્ની. હીના-સંજય, કમલેશના માતુશ્રી. સંજય કાંતિલાલ દોશી, રૂપલબેનના સાસુ. લીલાવતી ત્રિભોવનદાસ મરચાવાલાના દીકરી તા. ૧૭-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મજેવડી હાલ મુંબઈ સ્વ. હેમકુંવરબેન પોપટલાલ પારેખના પુત્રવધૂ ઊર્મિલાબેન (ઉં. વ. ૬૮) તે સ્વ. રશ્મીભાઈના પત્ની. સ્વ. નાગરદાસ વલ્લભદાસ ઘાટલીયાના દીકરી. જલ્પા, ફોરમ, ભાવિકના માતુશ્રી. હેમાંગ, યકીલ, જેહલના સાસુ. સ્વ. કિરણભાઈ, સ્વ. વિનોદભાઈ, રમેશભાઈ, અશોકભાઈ, તરૂણભાઈ, સ્વ. કાંતાબેન, સ્વ. પ્રવીણાબેન, વસંતબેન, જ્યોત્સનાબેન, હંસાબેન સૌથી નાનાભાઈની પત્ની. તા. ૧૬-૧૨-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ગઢકડા નિવાસી હાલ બોરીવલી પ્રતાપભાઈ જયંતીલાલ પાનાચંદ શાહ (ઉં. વ. ૭૩) ૧૬/૧૨/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે માયાબેન (મીનાક્ષી)ના પતિ. પીનાલી, નેહલ, સેજલ, હાર્દિક તથા અંકિતના પિતાશ્રી, આનંદકુમાર મહેતા, અમિતકુમાર કંઠે, નિશાંતકુમાર દોશી, શ્વેતા તથા શિખાના સસરા. અનુભાઈ, ચંદુભાઈ, કિશોરભાઈ, સ્વ.પ્રવીણભાઈ, સ્વ.વિમળાબેન ધીરજલાલ, જયશ્રી જયેશભાઇ, પ્રિતી આશિષભાઇના ભાઈ. સાસરાપક્ષે સેલણાવાળા હાલ મલાડ, સ્વ.રમેશભાઈ, સંજયભાઈ પન્નાલાલ ચત્રભુજ, મયુરીબેન પ્રકાશભાઈ, શીલાબેન વિનોદરાયના બનેવી. પિતૃવંદના તા ૨૧/૧૨/૨૪ શનિવારના ૯.૩૦ થી ૧૨.૩૦. પાવનધામ, મહાવીર નગર, એમસીએ ગ્રાઉન્ડની સામે, સત્ય નગર,કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના ગાંગજીભાઈ દેવશી નરશી મોતા (ઉં. વ. ૮૪) તા.૧૦-૧૨-૨૪ના સમાધિશીત થયા છે. મા. રતનબાઇ દેવશીના સુપુત્ર. ગઢશીશા લક્ષ્મીબાઇ સોજપાર કાનજી વિસરીયાના જમાઇ. રતનબેનના પતિશ્રી. નીતિન, ભારતી, હર્ષા, દીપ્તિના પિતાશ્રી. મણીલાલના ભાઇ. આત્મીય-વંદના : યોગી સભાગૃહ, દાદર (ઈ.). ટા. : ૨ થી ૩.૩૦.

પત્રીના સુરેશ આણંદજી ગોગરી (ઉં. વ ૬૨) તા. ૧૬-૧૨-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી જીવીબાઇ આણંદજીના પુત્ર. શોભાના પતિ. ઇશા, રીયાના પિતા. નવિનચંદ્ર, વનિતા, ઝવેર, રમેશ, વર્ષાના ભાઇ. રીંછેડના ઉર્મીલાબેન ગણેશમલ કોઠારીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શોભા ગોગરી, એ-૬૦૮, મોમાઇ રેસીડન્સી, સોનારપાડા, માનપાડા રોડ, ડોમ્બીવલી (ઇ.) ૪૨૧૨૦૧.

પ્રાગપુર હાલે કરાડના ચંદ્રકાંત કુંવરજી સંગોઈ (ઉં. વ. ૬૮) તા. ૧૬-૧૨-૨૪ના અવસાન પામેલ છે. હીરબાઈ કુંવરજીના પુત્ર. નીતાના પતિ. ચિરાગ, કિંજલના પિતા. દેવેન્દ્ર, સુશીલાના ભાઈ. પાનબાઈ નાનજીના જમાઈ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ ગાગોદરના સ્વ. અરજણ ભારમલ નિસર (ઉં. વ. ૯૦) શનિવાર તા. ૧૪.૧૨.૨૦૨૪ના અવસાન પામેલ છે. સ્વ. પુરાંબેન ભારમલના સુપુત્ર. સ્વ. પુનઈબેનના પતિ. સ્વ. લખદીર,ગોકળ, સ્વ.દેમત, સ્વ.વેજીના ભાઈ. સ્વ. લક્ષ્મી, સ્વ. સંતીના દેર, રવજી, રમેશ, મણીલાલ, કમળા, કાન્તાના પિતાશ્રી. ગામ ઘાણીથરના ખીમઈબેન અરજણ મુરજી ગડાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯.૧૨.૨૦૨૪ ગુરુવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ.શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ(શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ,

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ. રમણીકલાલ લખમશી ગોવર નિસર (ઉં. વ. ૭૨) તા.૧૪.૧૨.૨૪ના અવસાન પામેલ છે. મોંઘીબેન લખમશીના સુપુત્ર, દિવાળીબેનના પતિ. રક્ષા,સમીત, નિકુંજ, સચિનના પિતાશ્રી. પ્રકાશ, સ્વ. નિકિતા/રંજના, લક્ષ્મીના સસરા, સ્વ.પ્રવિણ, શામજી, સ્વ.કાંતિ, વસંત, જવેર, ભાગ્યવંતી, પુષ્પાના ભાઈ. ખેતઈબેન લખમશી ભારમલ છેડાના જમાઈ. પ્રાર્થના સભા તા.૧૮.૧૨.૨૦૨૪ બુધવારના ૩ થી ૪.૩૦ સ્થળ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ(સ્થાનક) એલ.ટી.રોડ, બોરીવલી-વેસ્ટ.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




# ‘મુંબઈ સમાચાર’ ખેલ મહોત્સવના પહેલા રાઉન્ડમાં રમતવીરોના જોશ અને જુસ્સાએ જમાવ્યો રંગ

મુંબઈમાં વસતા ગુજરાતીઓ માટે ‘મુંબઈ સમાચાર’ દ્વારા આયોજિત ખેલ મહોત્સવ-૨૦૨૪ બેનર હેઠળ ફરી એક વાર ૧૪મી ડિસેમ્બરથી ભવ્ય રમતોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. કાંદિવલી રિક્રિએશન ક્લબ, માટુંગા ગુજરાતી ક્લબ, નોર્થ ઈન્ડિયા એસોસિયેશન, ગરવારે ક્લબ અને ઘાટકોપર જોલી જિમખાનાના સથવારે યોજાયેલી આ સ્પર્ધામાં શહેરના વિવિધ ઠેકાણેથી રમતવીરોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. ખેલ મહોત્સવના પ્રાયોજકો પ્રકાશ કામદાર એસ્ટેટ કન્સલ્ટન્સી, અલગ ગ્રુપ અને સહપ્રાયોજક મેજિક આર્ટ કલર (પ્રાઉડલી ઈન્ડિયા) તેમ જ ગિફ્ટિંગ પાર્ટનર તરીકે ગ્લોબલ નેટવર્કિંગ (બાર્ટર કંપની), સોની પ્લાસ્ટિક્સ અને ટોસા હતા.

કાંદિવલીના રિક્રિએશન ક્લબ ખાતે શનિવારે ૧૪મી ડિસેમ્બરે અને ત્યાર બાદ ૧૫મી ડિસેમ્બર માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડના પ્રાંગણમાં ઈનડોર ગેમ્સનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. બંને પ્રથમ રાઉન્ડમાં સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો અને પરાજય થયેલા સ્પર્ધકોને પણ ઈનામ આપવામાં આવ્યા હોવાથી તેઓના ચહેરા પર પણ ખુશીની એક લહેર જોવા મળી હતી.

શનિવારે કાંદિવલી અને રવિવારે માટુંગા ખાતે થયેલી સ્પઝર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોનું કહેવું હતું કે મુંબઈ સમાચાર એક પણ પૈસા લીધા વિના આ સ્પર્ધાનું આયોજન કરી રહ્યું છે જે ખરેખર સરાહનીય છે. આટલું જ નહીં જે સ્પર્ધકો હારી ગયા હતા તેઓને પણ કંઇ ને કંઇ આપવાની જે પ્રથા મુંબઈ સમાચાર દ્વારા શરૂ કરવામાં આવી હતી અને હજી તેને અવિરત રાખવામાં આવી છે એ કાબિલેતારીફ છે. ગરબા વર્કશોપ હોય કે પછી નાટ્યશિબિર (જાણીતા કલાકારો દ્વારા શિખવાડવામાં આવતા એક્ટિંગ ક્લાસ) હોય મુંબઈ સમાચારે હંમેશાં સારું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે. આવા કાર્યક્રમો કરવા માટે ભારે જહેમત ઉઠાવવી પડતી હોય છે અને અમારા જેવા વાચકોને તેનો લાભ મળતો રહેતો હોય છે. ખરેખર ધન્યને પાત્ર છે મુંબઈ સમાચાર આવાં આયોજનો કરવા માટે. ભવિષ્યમાં પણ આવાં આયોજનો થતાં જ રહે એવી વિનંતી છે.

**તસવીરોઃ અમય ખરાડે, જયપ્રકાશ કેળકર**


માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડના સેક્રેટરી રોહિત મહેતા અને અન્ય કમિટી મેમ્બરો.


‘મુંબઈ સમાચાર’ના ખેલ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે કેઆરસીના પ્રમુખ સંજય શાહ અને પદાધિકારીઓ.














## વિશેષ નોંધ

‘મુંબઈ સમાચાર’ દ્વારા આયોજિત ખેલ મહોત્સવમાં અમુક ગેમ્સ કે પછી બેડમિંટનથી વંચિત રહી ગયા હોય તેઓ ૨૧મી ડિસેમ્બરે જોલી જિમખાના ખાતે આવીને રમી શકે છે.







## કેઆરસીની જમાવટ

ગુજરાતીઓના ગઢ ગણાતા કાંદિવલી પશ્ચિમ ખાતે આવેલી વિશાળ કાંદિવલી રિક્રિએશન ક્લબ (કેઆરસી) વૈશ્વિક સ્તરની સુવિધાઓ પૂરી પાડતી હોવાને કારણે આકર્ષણનું કેન્દ્ર બની ગઇ છે. ૨૦૦૧થી શરૂ થયેલી આ ક્લબમાં જોતજોતામાં ૧૭૦૦થી વધુ સભ્યો છે. મેમ્બરો માટે સ્વિમિંગ પૂલથી લઇને મોડર્ન જિમ તો ખરાં સાથે સાથે અહીંની રેસ્ટોરાંની લહેજત પણ માણવા જેવી ખરી. બેડમિંટન કોર્ટથી લઇને ટેબલટેનિસની કોર્ટ ફર્સ્ટ ક્લાસ દરજ્જાની છે. સભ્યોને ઉપયોગી થઇ રહે એ માટે યોગા ક્લાસ મસાજ સર્વિસ પણ છે. અહીંનો બેન્ક્વેટ હોલ તેમ જ ખુલ્લામાં કોઇ કાર્યક્રમ કરવો હોય તો તેનું વાતાવરણ ખૂબ જ ભાવી જાય એવું છે. આ ઉપરાંત કેઆરસીનો સ્ટાફ પણ સભ્યો તેમ જ ગેસ્ટ મેમ્બરની ખૂબ જ તકેદારી રાખતો હોય છે. કેઆરસીમાં હાલ મેમ્બરશિપ લેવામાં આવી રહી છે.

## આભાર...

કાંદિવલી રિક્રિએશન ક્લબના પ્રમુખ સંજય બી. શાહ, ઉપપ્રમુખ હેમંત મણિયાર, સેક્રેટરી ગૌતમ આચાર્ય, જોઈન્ટ સેક્રેટરી પ્રશાંત દીવાન, ટ્રેઝરર ભાવેશ મહેતા, જોઇન્ટ ટ્રેઝરર ભરત શેઠ અને અન્ય ટ્રસ્ટીગણ, મેનેજિંગ કમિટીના સભ્યો અને કેઆરસીના સ્ટાફનો.


માટુંગા ગુજરાતી ક્લબ લિમિટેડના પ્રેસિડેન્ટ ચંપક ડી. ગંગર, વાઈસ પ્રેસિડેન્ટ નયંત સવાણી, સેક્રેટરી રોહિત મહેતા અને ભાઈલાલ વોરા, ટ્રેઝરર પરાગ લાધાવાલા અને બોર્ડ મેમ્બર તેમ જ સ્ટાફનો.

ગરવારે ક્લબના વાઈસ પ્રેસિડેન્ટ સાયરસ ગોલીમાર, ડિરેક્ટરો જનક ગાંધી, અમિત શાહ, ચેતન બાવીસી અને પાયલ રાહુસલ શાહ તેમ જ અન્ય કમિટી સભ્યોનો.

નોર્થ ઈન્ડિયા એસોસિયેશનના જનરલ સેક્રેટરી હિરેન છેડા, સ્પોર્ટસ કમિટીના ચેરમેન જિતેશ પદુકોણે અને કમિટી મેમ્બર દીપક ગણાત્રા તેમ જ કમિટી મેમ્બરો અને ટ્રસ્ટીઓનો.







# ખેલ મહોત્સવ










## ખૂબ જ સારું આયોજન

રમવાની ખરેખર ખૂબ જ મજા આવી. આવાં આયોજન થવાં જોઇએ. ટુર્નામેન્ટમાં બધા સાથે કોમ્પિટિશનમાં રમવાની મજા જ અલગ છે. હાજી ફાઇનલ માટે ઘાટકોપર આવવાનું છે. હું એના માટે ઉત્સુક છુ.

**મનન ઓઝા વર્ષ: ૧૦**



## દમદાર રહ્યો ખેલ મહોત્સવ

મને યાદ છે મેં આ પહેલાં પણ ખેલ મહોત્સવમાં ભાગ લીધો હતો ત્યારે હું માટુંગા રમવા ગયો હતો. આ વર્ષે પહેલાં કરતાં વધારે માજા આવી. ખૂબ જ સારી એરેન્જમેન્ટ હતી અને બહુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

**જિજ્ઞેશ શાહ વર્ષ: ૪૮**



## હિંમત આવી ગઇ

આવા આયોજનને કારણે અમને પ્રોત્સાહન મળે છે. ખાસ કરીને ૪૦ પ્લસ ઉંમરવાળા લોકો માટે વધારે કોઈ આયોજન થતાં નથી હોતાં અને મુંબઈ સમાચાર જેવું પેપર જ્યારે આવું આયોજન કરે ત્યારે એની મજા જ કંઇ ઓર હોય છે. મેં હિમ્મત કરીને ભાગ લીધો હતો. હવે આગામી દિવસોમાં જો આવું કોઈ આયોજન થશે તો હું જરૂર ભાગ લઇશ.

**અવનિ રૂપાણી વર્ષ:૪૮**

## મેં પહેલી વાર ભાગ લીધો



મેં છેલ્લા એક વર્ષથી મેં ટેબલ ટેનિસ રમવાની શરૂઆત કરી છે અને મારા માટે આ સારો અનુભવ રહ્યો. મુંબઈ સમાચારે સારું એરેન્જમેન્ટ કર્યું હતું અને બધી રમતો રાખી હતી તે વધારે સારી વાત કહેવાય.

**અમિતા કારિયા વર્ષ:૬૪**

## કોઇ કચાશ નહોતી



મુંબઈ સમાચાર દ્વારા આયોજિત આ ખેલ મહોત્સવ ખૂબ જ સારો કાર્યક્રમ હતો. મારો અનુભવ ખૂબ જ સારો રહ્યો. તમામ બાબતોની તકેદારી રાખવામાં આવી હતી. બધી વસ્તુ સારી રીતે મેનેજ કરવામાં આવી હતી

**વત્સલ વસાણી વર્ષ: ૧૧**







## મને કોમ્પિટિશનમાં ભાગ લેવાની બહુ મજા આવી

હું છેલ્લા ૬ મહિનાથી ચેસ રમું છુ અને મેં પહેલી વાર આવી કોઈ માટી કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. બહુ સારો એક્સપિરિયન્સ રહ્યો મારો અને હવે જો કોઈ બીજી આવી કોમ્પિટિશન થશે તો હું જરૂક એમાં ભાગ લઇશ.

**જિયા મુંજપરા વર્ષ:૮**



## થેન્ક્સ ટુ ‘મુંબઈ સમાચાર’

બહુ સારું આયોજન કરવામાં આવ્યું હતું. આવાં આયોજન થવાં જ જોઈએ જેનાથી યંગસ્ટારને પ્રતિયોગિતામાં રમવાનો મોકો મળી શકે. મુંબઈ સમાચારે ખૂબ જ સારું આયોજન કર્યું હતું, મેનેજમેન્ટ પણ સારું હતું અમે ફરી ખેલ મોહોત્સવ ક્યારે થાય તેને પ્રતીક્ષા કરીશું

**હાર્દિક કુવાર વર્ષ:૨૮**



## સોશિયલ મીડિયાના માધ્યમથી જાણ થઈ

મને સોશિયલ મીડિયાના માધ્યમથી આ પ્રતિયોગિતા વિષે જાણ થઈ અને અમારે બધી ફ્રેંડ્સ સાથે અમે આમાં ભાગ લીધો હતો. સ્પર્ધકો સાથે મિત્રતા થઇ. અને ખાસ લોકો બહુ સારા હતા. સારી રીતે મેનેજ કરવામાં આવ્યું હતું. બહુ સારો અનુભવ રહ્યો.

**જિયા લોન્ગાની વર્ષ:૧૬**



## વ્યવસ્થા સુંદર હતી

મેં ઘણી ટુર્નામેન્ટમાં ભાગ લીધા છે, પણ સુદઢ વ્યવસ્થાને કારણે તેમ જ ઘરથી નજીક હોવાને કારણે મને આ સ્પર્ધામાં ઘણો આનંદ આવ્યો. મુંબઈ સમાચાર એક પ્રતિષ્ઠિત અખબાર છે અને એમના નામ પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું હતું

**કુશાલ ઠાકુર વર્ષ:૧૯**



## ઓવરઓલ સારો અનુભવ રહ્યો

અમે કેનિયાથી અહીં આવ્યા છીએ. મુંબઈ સમાચારમાં એડ જોઈને રજિસ્ટર કરાવ્યું હતું અને ઓવરઓલ સારો અનુભવ રહ્યો. મેં પેન્ટિંગમાં ભાગ લીધો હતો ને જોઈતી બધી જ વસ્તુ અમને પ્રોવાઈડ કરવામાં આવી હતી. બહુ કોઓપરેટિવ લોકો હતા.

**કિન્નરી શાહ વર્ષ:૩૯**



## ‘મુંબઈ સમાચાર’ માતૃભાષાની સારી સેવા કરી રહ્યું છે

આવી કોમ્પિટિશનને કારણે આપણે આપણી ભાષા માટે માન વધે છે અને આજની પેઢી આપણી માતૃભાષાનું મહત્ત્વ જણાય છે. મુંબઈ સમાચાર દ્વારા આયોજિત ખેલ મહોત્સવમાં ખૂબ જ સારી એરેજમેન્ટ કરવામાં આવી હતી. ડ્રોઈંગ માટે પણ બધી જ વસ્તુ પ્રોવાઈડ કરવામાં આવી હતી ટૂંકમાં કહીએ તો સારો અનુભવ રહ્યો હતો.

**રીટા નાગડા વર્ષ:૨૮**

# દેશ વિદેશ

## બેંગલૂરુમાં ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ, ૨૪ કરોડના નશીલા પદાર્થ સાથે વિદેશી નાગરિકની ધરપકડ

બેંગલૂરુ: બેંગલૂરુ પોલીસે મંગળવારે કહ્યું હતું કે એક વિદેશી નાગરિકની કથિત રીતે ડ્રગ્સ રેકેટ ચલાવવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી અંદાજે ૨૪ કરોડ રૂપિયાની કિંમતના ૧૨ કિલોગ્રામ પ્રતિબંધિત એમડીએમએ ક્રિસ્ટલ ડ્રગ્સ જપ્ત કરાયું હતુ. પોલીસે દાવો કર્યો હતો કે આ રાજ્યમાં બેંગલૂરુ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ દ્વારા ઝડપાયેલું સૌથી વધુ ડ્રગ્સ છે.

પોલીસે જણાવ્યું હતું કે કેઆર પુરમ પોલીસ સ્ટેશનની હદમાં ટીસી પાલ્યા વિસ્તારમાં રહેતી એક શંકાસ્પદ મહિલા અંગે વિશેષ જાણકારીના આધારે ધરપકડ કરવામાં આવી હતી. આ માહિતીના આધારે ૧૩ ડિસેમ્બરના રોજ સીસીબીની ટીમે તે સ્થળે દરોડા પાડ્યા હતા અને પ્રતિબંધિત ડ્રગના વેચાણમાં સામેલ વિદેશી મહિલાની ધરપકડ કરી હતી. બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદે જણાવ્યું હતું કે સીસીબી ટીમના નાર્કોટિક્સ કંટ્રોલ વિંગે એમડીએમએ ક્રિસ્ટલ ડ્રગ નેટવર્કને સફળતાપૂર્વક તોડ્યું હતું. તે એક આંતરરાષ્ટ્રીય નેટવર્ક છે. તેમણે ૧૨ કિલોગ્રામ શુદ્ધ સફેદ અને પીળા એમડીએમએને જપ્ત કર્યું હતું. જેની બજારમાં કિંમત આશરે ૨૪ કરોડ રુપિયા છે. આ બેંગલૂરુ અને કર્ણાટક રાજ્યની સૌથી મોટી જપ્તીઓમાંની એક છે.

તેમણે કહ્યું કે સીસીબીની નાર્કોટિક્સ કંટ્રોલ વિંગને માહિતી મળી હતી કે કેઆર પુરમ પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્ર હેઠળની ટીસી પાલ્યામાં રહેતી એક વિદેશી મહિલાએ આફ્રિકન નાગરિકોની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાદ્યપદાર્થો અને કરિયાણા વેચતી દુકાન ખોલી છે. આ સાથે તે ગેરકાયદેસર ડ્રગ્સ પણ વેચતી હતી. તેની ધરપકડ કર્યા પછી સીસીબીની નાર્કોટિક્સ ટીમે તેની પૂછપરછ કરી વિગતો મેળવી અને ૧૨ કિલો ડ્રગ્સ જપ્ત કર્યું હતું. પોલીસે કહ્યું કે અમે સપ્લાયરની શોધ કરી રહ્યા છીએ તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેઓ મુંબઈથી પ્રતિબંધિત દવાઓ સાબુના પેકેટ, સૂકી માછલીની પેટીઓ વગેરેમાં લાવતા હતા. તેઓ સોફ્ટવેર એન્જિનિયરો, વિદેશીઓ અને અન્ય લોકોને અહીં ઊંચા ભાવે સપ્લાય કરે છે. કુલ મળીને ૧૨ કિલો એમડીએમએ ક્રિસ્ટલ, મોબાઈલ ફોન અને ૭૦ એરટેલ સિમ કાર્ડ જપ્ત કરવામાં આવ્યા છે. પકડાયેલા વિદેશી નાગરિકને મુંબઈની એક મહિલા ડ્રગ્સ સપ્લાય કરતી હતી.

આરોપી વિદેશી મહિલાએ કબૂલાત કરી છે કે તે ઊંચી કિંમતે ડ્રગ્સ વેચીને ગેરકાયદેસર રીતે પૈસા કમાતી હતી. પાંચ વર્ષ પહેલા બિઝનેસ વિઝા પર બેંગલૂરુ આવી હતી અને હવે વિઝા પણ સમાપ્ત થઈ ગયો છે. પોલીસે કહ્યું કે અમે મુંબઈની મહિલાની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. આ રેકેટમાં સંડોવાયેલી અન્ય એક વિદેશી મહિલાને પકડવા માટે વધુ તપાસ ચાલી રહી છે. ■

## મસ્જિદમાંના નીલકંઠ મંદિર કેસની સુનાવણી કરવી કે નહીં?: કોર્ટ ૨૪ ડિસેમ્બરે નક્કી કરશે

બદાયૂં: બદાયૂંની એક કોર્ટ ૨૪ ડિસેમ્બરે નક્કી કરશે કે જામા મસ્જિદ શમ્સી વિરુદ્ધ નીલકંઠ મંદિર કેસમાં સુનાવણી હાથ ધરવામાં આવશે કે કેમ.

૨૦૨૨માં જ્યારે અખિલ ભારત હિન્દુ મહાસભાના તત્કાલીન કન્વીનર મુકેશ પટેલે જામા મસ્જિદ શમ્સી મસ્જિદ નીચે નીલકંઠ મહાદેવ મંદિર અસ્તિત્વમાં છેનો દાવો કર્યાં બાદ વિવાદ શરૂ થયો હતો. તેણે ત્યાં પૂજા કરવાની પરવાનગી માગી હતી.

મુસ્લિમ પક્ષનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ અનવર આલમે મંગળવારે કહ્યું કે તેમણે અરજી સાથે કોર્ટમાં સુપ્રીમ કોર્ટના આદેશની નકલ રજૂ કરી છે. તેમણે યાદ કરાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ૧૨ ડિસેમ્બરે આદેશ આપ્યો હતો કે આવા કેસમાં નીચલી અદાલતે ન તો કોઈ આદેશ પસાર કરવો જોઈએ અને ન તો સર્વે અંગે નિર્ણય લેવો જોઈએ. કોર્ટમાં પોતાની દલીલો રજૂ કરતી વખતે હિંદુ પક્ષના વકીલ વિવેક રેન્ડરે કહ્યું કે સુપ્રીમ કોર્ટે ક્યાંય પણ એવું કહ્યું નથી કે ચાલી રહેલી સુનાવણી અટકાવી દેવી જોઈએ. તેમણે કહ્યું કે સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ આદેશ આપ્યો છે કે જે કેસમાં સુનાવણી ચાલી રહી છે તેને રોકી શકાય નહીં, પરંતુ નીચલી અદાલત કોઈપણ પ્રકારનો આદેશ અથવા વચગાળાનો આદેશ જારી કરી શકે નહીં. રેન્ડરે એમ પણ કહ્યું કે મુસ્લિમ પક્ષના વકીલો જાણીજોઈને કેસમાં વિલંબ કરવા માટે આવી દલીલો રજૂ કરી રહ્યા છે જેથી મહત્તમ સમય વેડફાય.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી, સિવિલ જજ (વરિષ્ઠ વિભાગ) અમિત કુમારે આ કેસમાં ચાલી રહેલી કાર્યવાહી ચાલુ રાખવી કે નહીં એ માટે ૨૪ ડિસેમ્બરની તારીખ નક્કી કરી છે. ■



**હિમવર્ષા:** ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના તંગમાર્ગ ખાતે મંગળવારે થીજી ગયેલા વૉટર ફૉલ સાથે પર્યટકોએ તસવીર ખેંચાવી હતી. ભારે હિમવર્ષાને કારણે કાશ્મીર ખીણ પ્રદેશ સહિત સમગ્ર વિસ્તારમાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું અને તાપમાન માઈનસમાં જતું રહ્યું હતું. શ્રીનગર સૌથી ઠંડો વિસ્તાર રહ્યો હતો અને ત્યાં માઈનસ ૫.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. (એજન્સી)

## ચૂંટણીઓ સાથે યોજવાથી આર્થિક વિકાસ થશે: કોવિંદ

કોલકાતા: સરકારનો ‘એક દેશ, એક ચૂંટણી’ના પ્રસ્તાવ અમલી બન્યા બાદ ચૂંટણી પ્રક્રિયા વધુ સલામત બનશે અને દેશના આર્થિક વિકાસમાં પણ તે મદદરૂપ થશે, એમ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મંગળવારે કહ્યું હતું.

સપ્ટેમ્બર ૨૦૨૩માં સરકાર દ્વારા ‘એક દેશ, એક ચૂંટણી’ અંગે રચવામાં આવેલી ઉચ્ચ સ્તરીય સમિતિના કોવિંદ અધ્યક્ષ હતા. આદિવાસી સંસ્થા દ્વારા યોજવામાં આવેલા એક કાર્યક્રમ દરમિયાન બોલતાં કોવિંદે કહ્યું હતું કે દર વરસે મત માગવા આવતા રાજકીય પક્ષના ઉમેદવારોને મળીને મતદારો કંટાળી ગયા છે અને તેઓ ઘડી ઘડી ઉમેદવારોને મળવા ઉત્સુક નથી જણાતાં. વર્ષ ૨૦૨૯-૩૦માં કે ત્યાર બાદ ‘એક દેશ, એક ચૂંટણી’નો પ્રસ્તાવ અમલી બન્યા પછી પણ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી સાથે યોજવામાં પાંચથી દસ વર્ષનો સમય લાગશે, એમ તેમણે કહ્યું હતું. ત્યાર બાદ મતદારોએ દર વરસે એક અથવા અન્ય ચૂંટણી માટે મતદાનમથકે જવું નહીં પડે જેને કારણે આર્થિક વૃદ્ધિદરમાં વધારો થશે અને દેશના હાલના ૭.૩ ટકાના જીડીપીમાં ૧.૫ ટકાનો વધારો થશે, એમ તેમણે કહ્યું હતું.

જો ઉમેદવારે દર વરસે લોકો પાસેથી મત માગવા પડે તો તેમણે વિકાસના આપેલા વચનોનું શા માટે પાલન ન થયું એ અંગે જનતાને જવાબ આપવો પડશે.

દર વરસે આવતી કોઈને કોઈ ચૂંટણી માટે મતદાન કરવા મતદાન મથક સુધી લાંબા થવાનું મતદારોને કંટાળાજનક લાગે છે. સમિતિનો ૧૯,૦૦૦ પાનાંનો રિપોર્ટ પબ્લિક ડોમેઈન પર મૂકવામાં આવ્યો છે જે આર્થિક વહીવટને પાટા પર લાવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## મધ્ય પ્રદેશની પરીક્ષામાં ઉમેદવારને ૧૦૦માંથી ૧૦૧.૬૬ માર્ક્સ આવ્યા

ઈંદોર : મધ્ય પ્રદેશ સરકારની ભરતીની પરીક્ષામાં ‘સામાન્યકરણ’ની પ્રોસેસ કર્યા બાદ ઉમેદવારે કુલ ૧૦૦માંથી ૧૦૧.૬૬ માર્ક મેળવ્યા એ સામે સવાલો ઊભા કરીને રોજગાર ઈચ્છુકોએ ઈંદોરમાં ધરણાં કર્યા હતા. દેખાવકારોએ ભરતી પરીક્ષામાં છેતરપિંડીનો આક્ષેપ કરીને નિષ્પક્ષ તપાસની માગણી કરી હતી.

સામાન્યકરણ એક એવી પદ્ધતિ છે જેમાં વિદ્યાર્થીઓ જે પેપર લખે છે એમાં પેપરની કઠિણતાના આધારે કોઈને લાભ કે કોઈને ગેરલાભ ન થાય એની તકેદારી લેવામા આવે છે. આ પ્રક્રિયામાં સ્ટુડન્ટના સ્કોરને બીજા સ્ટુડન્ટ સાથે તુલનાત્મક બનાવવામાં આવે છે. સામાન્યકરણ એટલા માટે જરૂરી બને છે કારણ કે એક જ વિષયની પરીક્ષા અનેક સત્રોમાં યોજાય છે અને દરેક સત્રમાં અલગ પ્રશ્નપત્ર હોય છે.

સોમવારે થોડા બેરોજગાર યુવાનો જિલ્લા કલેકટર આગળ જમા થયા હતા અને મુખ્ય પ્રધાનને સંબોધેલું આવેદનપત્ર કલેકટરને આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં કહેવામાં આવ્યું હતું કે વન અને જેલ વિભાગની જોઈન્ટ રીક્રુટમેન્ટ જોઈન્ટ એકઝામિનેશન-૨૦૨૩માં એક ઉમેદવારે કુલ ૧૦૦માંથી ૧૦૧.૬૬ માર્ક મેળવીને ટોચનું સ્થાન મેળવ્યું હતું.

ભોપલમાં વડા મથક ધરાવતા મધ્ય પ્રદેશ એમ્પ્લોઈઝ સીલેકશન બૉર્ડે આ પરીક્ષા લીધી હતી અને તેનું પરિણામ ૧૩ ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. (એજન્સી) ■

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com



## શું પ્રવાહિતાનું પૂર બેન્ચમાર્કને નવા વિક્રમી શિખરે દોરી શકશે?

શેરબજારમાં ફરી તેજીનો પવન ફૂંકાઇ રહ્યો છે અને તેમાં મોર્ગન સ્ટેન્લી અને જેફરીઝ ઉપરાંત કેટલાક ગ્લોબલ ઇક્વિટી એનાલિસ્ટ વર્ગે ભારતીય શેરબજાર માટે નવી વિક્રમી ઊંચી સપાટીની આગાહી કરવાનું શરૂ કરી દીધું છે. જોકે, સૌથી મોટી આશા પ્રવાહિતાનો દોર શરૂ થવા અંગેની છે.

ભારત અને અમેરિકામાં ફુગાવાના સાનુકૂળ ડેટા બાદ બંને દેશમાં વ્યાજદરમાં ઘટાડો થવાની ઉદ્ભવેલી સંભાવના, રિઝર્વ બેન્ક દ્વારા સીઆરઆરમાં કાપ સાથે વિદેશી ફંડો દ્વારા ફરી શરૂ થયેલી લેવાલી જેવાં પરિબળો જોતાં આગામી દિવસોમાં ઇક્વિટી માર્કેટમાં તેજી જળવાઇ રહેવાની આશા જાગી છે. જોકે શું માત્ર રૂપિયા અને ડોલરની પ્રવાહિતાનું પૂર બેન્ચમાર્કને નવી વિક્રમી સપાટીના શિખરે લઇ જશે?

અમેરિકન બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેન્લીનું અનુમાન છે કે ભારતનું અર્થતંત્ર સ્થિર રહેશે. મજબૂત સ્થાનિક રોકાણને કારણે ૨૦૨૫માં ભારત શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ઊભરતાં બજારોમાંનું એક બની શકે છે. જો વર્તમાન બજારનો ટ્રેન્ડ ચાલુ રહેશે તો સેન્સેક્સ એક વર્ષમાં ૧,૦૫,૦૦૦ની સપાટીને સ્પર્શી શકે છે. આ વર્તમાન સ્તરથી ૨૮.૫ ટકાનો વધારો દર્શાવે છે.

જ્યારે ૨૦૨૫માં મધ્યમ બજાર વળતરની અપેક્ષા રાખીને, જેફરીઝ નિફ્ટી ૫૦ ઇન્ડેક્સ માટે લગભગ ૧૦ ટકાના મધ્યમ વળતરની આગાહી કરે છે. આ બ્રોકરેજ ફર્મને અપેક્ષા છે કે કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં ઇન્ડેક્સ ૨૬,૬૦૦ના આંક સુધી પહોંચી જશે.

ભારતની વાત કરીએ તો રિઝર્વ બેન્કે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં કાપ મૂક્યો હોવાથી ઇકોનોમીમાં રૂ. ૧.૧૬ લાખ કરોડની પ્રવાહિતા ઠલવાઇ શકે છે. જ્યારે બીજી તરફ વિદેશી ફંડોએ ભારતીય ઇક્વિટી બજારમાં ફરીથી ડોલર ઠાલવવાનું શરૂ કર્યું છે.

જો તાજા આંકડા જોઇએ તો યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની અપેક્ષાને કારણે ડિસેમ્બરના પ્રથમ બે સપ્તાહમાં વિદેશી રોકાણકારોએ ભારતીય ઇક્વિટીમાં રૂ. ૨૨,૭૬૬ કરોડના ચોખ્ખા રોકાણ સાથે મજબૂત પુનરાગમનના સંકેત આપ્યા છે.

એ વાત નોંધવી રહી કે આ જોરદાર લેવાલી અગાઉના મહિનાઓમાં વિદેશી ફંડોએ ભયાનક શબ્દ વાપરી શકાય એવી વેચવાલી પણ કરી છે. ભારતીય ઇક્વિટી માર્કેટમાં ફોરેન પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સ (એફઆઇઆઇ)એ નવેમ્બરમાં રૂ. ૨૧,૬૧૨ કરોડ અને ઓક્ટોબરમાં રૂ. ૯૪,૦૧૭ કરોડનો જંગી આઉટફ્લો નોંધાવ્યો હતો, જે ડિપોઝિટરીઝના ડેટા અનુસાર રેકોર્ડ પરનો સૌથી ખરાબ માસિક આઉટફ્લો છે.

રસપ્રદ વાત એ છે કે, સપ્ટેમ્બર મહિનામાં એફઆઇઆઇનો પ્રવાહ નવ મહિનાની ઊંચી સપાટીએ હતો, જેમાં રૂ. ૫૭,૭૨૪ કરોડના ચોખ્ખા રોકાણ સાથે વિદેશી રોકાણનાં વલણોની અસ્થિરતા પણ જાહેર થાય છે. એમ કહી શકાય કે ધોળિયાઓનો કોઇ ભરોસો ના કરી શકાય, ક્યારે જંગી લેવાલી કરે અને ક્યારે તીવ્ર વેચવાલી એ કહી ના શકાય!

આમ છતાં આગળ જતાં, ભારતીય ઇક્વિટી બજારોમાં વિદેશી રોકાણોનો પ્રવાહ કેટલાક મુખ્ય પરિબળો પર આધારિત રહેશે. આમાં ડોનાલ્ડ ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ અમલમાં આવનારી નીતિઓ, પ્રવર્તમાન ફુગાવો અને વ્યાજ દરનું વાતાવરણ અને સંભવિત જિયોપોલિટિકલ ઘટનાઓનો સમાવેશ કરી શકાય.

વધુમાં, ભારતીય કંપનીઓની ત્રીજા ક્વાર્ટરની કમાણીની કામગીરી અને આર્થિક વૃદ્ધિના મોરચે દેશની પ્રગતિ રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરવામાં અને વિદેશી પ્રવાહને પ્રભાવિત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.

ડિપોઝિટરીઝ સાથેના ડેટા અનુસાર, એફઆઇઆઇએ આ મહિનામાં, ૧૩ ડિસેમ્બર સુધીમાં રૂ. ૨૨,૭૬૬ કરોડનું ચોખ્ખું રોકાણ કર્યું છે. આની પાછળનું મૂળ કારણ યુએસ ફેડરલ રિઝર્વના દરમાં કાપની અપેક્ષાઓ હોવાનું એનાલિસ્ટ માને છે.

નાણાકીય નીતિઓ હળવી બનાવવાના અભિગમથી વૈશ્વિક પ્રવાહિતામાં સુધારો થયો છે, જે ભારત જેવા ઊભરતા બજારોમાં મૂડી આકર્ષે છે. ઉપરાંત, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર) ઘટાડીને તરલતામાં વધારો કર્યો હોવાથી રોકાણકારોના તેજીના સેન્ટિમેન્ટને વેગ મળ્યો છે.

વધુમાં, ભારતનો કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) ફુગાવો નવેમ્બરમાં ઘટીને ૫.૪૮ ટકા થયો હતો, જે ઓક્ટોબરમાં ૬.૨૧ ટકા હતો. આને પરિણામે રોકાણકારોના વિશ્વાસમાં વધારો થયો છે અને સાથે આરબીઆઇ દ્વારા સંભવિત નાણાકીય નીતિ હળવી થવાની આશા પણ વધારી છે.

જોકે, આગળ જણાવ્યું તેમ એફઆઇઆઇના વલણમાં અસ્થિરતા છે.શેરબજારમાં પાછલા કેટલાક સત્રથી અનિશ્ચિત વાતાવરણ છવાયું છે, પરંતુ તેજી પાછી ફરવાનું મહત્ત્વનું કારણ વિદેશી ફંડો દ્વારા શરૂ થયેલી લેવાલી ગણવામાં આવે છે.

જોકે પાછલા અમુક સત્રમાં એફઆઇઆઇનું વલણ અસ્પષ્ટ રહ્યું હોવાથી બજારને સ્પષ્ટ દિશા મળવામાં મુશ્કેલી થઇ રહી હોવાનું પીઢ અભ્યાસુઓ માને છે. એફઆઇઆઇએ પાછલા કેટલાક સત્રમાં સારી લેવાલી નોંધાવ્યા બાદ ફરી વેચવાલી શરૂ કરી હોવાથી તેમનું વલણ અસ્પષ્ટ રહ્યું છે.

ડિસેમ્બરમાં અત્યાર સુધી વિદેશી ફંડો ખરીદદારો બન્યા હોવા છતાં, તેઓ ચોક્કસ દિવસોમાં મોટા પ્રમાણમાં વેચનાર પણ રહ્યા છે. આ સૂચવે છે કે ઊંચા મથાળે તેઓ ફરીથી વેચાણકર્તા પણ બની શકે છે, કારણ કે ભારતીય વેલ્યુએશન અન્ય બજારોની સરખામણીએ પ્રમાણમાં હજુ પણ ઊંચા છે.

આ ઉપરાંત ડોલરના મૂલ્યમાં આવી રહેલી મજબૂતી બીજી ચિંતાનો વિષય છે જે વિદેશી ફંડોને ઊંચા મથાળે વેચવા માટે પ્રેરિત કરી શકે છે. બીજી તરફ, એફઆઇઆઇએ ડેટ જનરલ લિમિટમાં રૂ. ૪,૮૧૪ કરોડનું રોકાણ કર્યું હતું અને સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ડેટ વોલન્ટરી રીટેન્શન રૂટ (વીઆરઆર)માંથી રૂ. ૬૬૬ કરોડ ઉપાડ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં એફઆઇઆઇએ ડેટ માર્કેટમાં રૂ. ૧.૧ લાખ કરોડનું રોકાણ કર્યું છે.

જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઉત્તરાર્ધમાં કેન્દ્ર સરકારના મૂડીરોકાણમાં રિકવરી તેમજ ઈન્ડિયા ઈન્કની કમાણીની અપેક્ષાઓ વચ્ચે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગયા મહિને જેટલું વેચાણ કર્યું હતું તેના કરતાં વધુ ખરીદી નોંધાવીને એક રીતે બજારનું માનસ પલ્ટી નાખ્યું છે અને રોકાણકારો સેન્ટા રેલીની આશા બાંધી બેઠાં છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ નવેમ્બરમાં ૨.૫ બિલિયન ડોલરનું વેચાણ કર્યા બાદ આ ડિસેમ્બરમાં પ્રથમ ૧૦ દિવસમાં ભારતીય શેરોમાં ત્રણ અબજ ડોલર ઠાલવ્યા છે. સરકારના મૂડી ખર્ચમાં વધારો થવાની અને કોર્પોરેટ કમાણીમાં સુધારો થવા અંગેના આશાવાદથી ઉત્તેજિત વિદેશી ફંડોની આ ખરીદીના બળે નિફ્ટીએ બે ટકા સુધીની જમ્પ લગાવી છે અને આ સાન્ટા રેલી માર્કેટને રેકોર્ડ ઊંચાઈ પર લઇ જશે એવી આશા જગાવી છે.

નવેમ્બરમાં અઢી અબજ ડોલરના વેચાણની સામે, વિદેશી ફંડોએ ડિસેમ્બર મહિનાના પ્રથમ માત્ર દસ જ દિવસમાં આશરે ત્રણ બિલિયનના ડોલરના ભારતીય શેરો પહેલેથી જ ખરીદ્યા છે. પરિણામે, નિફ્ટી આ મહિને પહેલેથી જ બે ટકાની ઊંચી સપાટીની આસપાસ છે અને તેજીવાળા એવો દાવો કરી રહ્યા છે કે આ મોમેન્ટમ ચાલુ રહેશે તો તે મજબૂત સાન્ટા રેલીમાં ફેરવાઈ શકે છે અને બજેટના આગામી થોડા અઠવાડિયામાં બજારને નવા વિક્રમી શિખરો પર લઈ જશે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## તાનાશાહીને જાકારો આપ્યો દક્ષિણ કોરિયાના લોકોએ!





યુન સુક યેઓલે

શાસકો એક વાર સત્તા પર આવે ત્યાર બાદ એમને સિંહાસન છોડવું નથી હોતું એ સનાતન સત્ય છે. આ શાસકો સ્વર્ગના ઈન્દ્રની ઓછા પુણ્યે રાજા તો બની જાય છે, પરંતુ કોઈ ઋષિમુનિ (વિરોધ પક્ષના નેતા) તપ કરે તો એમનું સિંહાસન ઈન્દ્રની જેમ ડોલવા માંડે પછી આ સત્તાધીશો શામ, દામ. દંડ કે ભેદ દ્વારા પોતાનું સામ્રાજ્ય ટકાવવાના પ્રયાસો કરે છે.

અલાહાબાદ કોર્ટમાં ચૂંટણી રદ કરતા ચુકાદા અને જયપ્રકાશ નારાયણના આંદોલનને લીધે ચોમેરથી ઘેરાયેલા શ્રીમતી ગાંધીએ એમના પુત્રની ચોકડીની સલાહ માનીને ૧૯૭૫થી ૧૯૭૭ સુધી ૨૧ મહિના સુધી કટોકટી લાદી હતી. ત્યાર બાદ યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ઈંદિરા ગાંધી અને કોંગ્રેસ ચૂંટણી હારી ગઈ. મોરારજી દેસાઈ ૮૧ વર્ષની ઉંમરે વડા પ્રધાન બન્યા. જોકે જનતા પક્ષ તૂટી ગયો અને ઈંદિરા ગાંધીએ પાછું યશસ્વી પુનરાગમન કર્યું. આમ છતાં કટોકટી માટે માફી માગવા છતાં આ કાળી ટીલી હજી કૉંગ્રેસના માથા પર ચોંટેલી જ છે.

દક્ષિણ કોરિયાના પ્રમુખ યુન સુક યેઓલે આવી જ હિમાલય જેવડી મોટી ભૂલ કરી તેમાં એમના પર જ તવાઈ આવી છે. એમની સામે મહાભિયોગ (ઈમ્પિચમેન્ટ)ની દરખાસ્ત સંસદમાં મંજૂર થઈ છે અને પ્રમુખ તરીકેની એમની સત્તા છીનવાઈ ગઈ છે. લોકશાહીને ધર્મ માનતા કોરિયનોએ એમને બરાબરનો પાઠ શીખવાડ્યો છે.

એસેમ્બલીમાં વિરોધ પક્ષની બહુમતીથી પોતાનું ધાર્યું ન થતા યૂન સુકે દેશમાં લશ્કરી શાસન ત્રીજી ડિસેમ્બરે લાદ્યું તો ખરું, પણ વિરોધ પક્ષ અને જનતાના વિરોધને લીધે છ કલાકમાં એમની 'લશ્કરી શાસનની' આ હિલચાલનું સુરસુરીયું થઈ ગયું. સંસદે લશ્કરી શાસનને રદ કર્યું એટલું જ નહીં, એમની સામે મહાભિયોગની દરખાસ્ત મંજૂર કરાવી. સંસદમાં એમની ૨૦૪-૮૫ મતથી હાર થઈ.

સાઉથ કોરિયામાં ૧૪ ડિસેમ્બરે પ્રમુખ યૂન સુક-સોલ વિરુદ્ધ મહાભિયોગ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો.

સંસદે યૂન સામે મહાભિયોગ પ્રસ્તાવ પસાર કર્યા બાદ પ્રમુખની સત્તા તાત્કાલિક ધોરણે સ્થગિત કરી દેવામાં આવી છે. હવે વડા પ્રધાન હાન ડક-સૂ કાર્યકારી પ્રમુખ તરીકે ફરજ બજાવશે.

પ્રમુખ યૂને ત્રણ ડિસેમ્બરની રાત્રે દેશમાં લશ્કરી કાયદો લાગુ કર્યો. ભારે વિરોધ બાદ એણે ૬ કલાકમાં જ પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો હતો. યૂનના આ પગલાં બાદ એમને સાઉથ કોરિયામાં ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો હતો. ગયે અઠવાડિયે પણ એમને હટાવવા માટે મહાભિયોગ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો, પરંતુ યુનના સંસદસભ્યોએ એમાં ભાગ ન લેતાં કોરમ થઈ નહોતી. મહાભિયોગની દરખાસ્ત માટે ૩૦૦માંથી ૨૦૦ સભ્ય હાજર જોઈએ એવો નિયમ છે. આથી યુનને જીવનદાન મળ્યું હતું, પરંતુ એ ક્ષણજીવી નીવડ્યું. વિરોધ પક્ષે બીજી વાર આ પ્રસ્તાવ મૂક્યો અને આ વખતે યુનના સાંસદોએ પણ એમાં ફરજિયાત હાજર રહેવું પડ્યું હતું.

યૂન સામેના મહાભિયોગનો પ્રસ્તાવ મંજૂર થતાં વિરોધીઓએ સંસદની બહાર જોરદાર ઉજવણી કરી. કોરિયન પોપ ગીતની ધુને ડાન્સ કરી રહ્યા હતા.

મહાભિયોગ પ્રસ્તાવ પસાર થયા બાદ હવે યુનને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. અદાલતની બંધારણીય ખંડપીઠ નવ જજની બનેલી છે. આમાંથી ૬ જજ પ્રમુખ વિરુદ્ધ ચુકાદો આપે તો જ આગળની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મહાભિયોગની શરૂઆત થયાના ૬૦ દિવસની અંદર ચૂંટણી યોજવી જરૂરી છે.

સાઉથ કોરિયાની સંસદમાં કુલ ૩૦૦ બેઠક છે. આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી ચૂંટણીમાં જનતાએ વિરોધ પક્ષ ડેમોક્રેટિક પાર્ટી ઓફ કોરિયા (ડીપીકે)ને મજબૂત જનાદેશ આપ્યો. સત્તાધારી પીપલ પાવરને માત્ર ૧૦૮ સીટ મળી છે, જ્યારે વિપક્ષી પાર્ટી ડીપીકેને ૧૭૦ સીટ મળી.

એમની પત્ની અનેક વિવાદોમાં સપડાયેલા હોવાને લીધે અને ખુદ પોતે અને એમના સાથીદારો ભ્રષ્ટાચારમાં સંડોવાયેલા હોવાથી રાષ્ટ્રપતિ યોલની છબી ખરાબ રીતે ખરડાઈ હતી. હાલમાં પ્રમુખની લોકપ્રિયતા લગભગ ૧૭% છે, જે દેશના બીજા તમામ હરીફો કરતાં ઓછી છે. એમના અને વિરોધ પક્ષના હરીફ લી જે-મ્યુન્ગના અભિગમ અને વ્યક્તિત્ત્વમાં જમીન-આસમાનનો ફરક છે. લોકો યુનની માનસિક સમતુલા સામે જ સવાલો કરે છે. હકીકતમાં માશર્લ લોના ફિયાસ્કા બાદ એમણે સામે ચાલીને રાજીનામું આપવું જોઈતું હતું, પરંતુ સત્તાની લાલસાને લીધે એમ ન કર્યું લાગે છે કે અંતમાં જેલમાં ગયા બાદ જ એમની શાન ઠેકાણે આવશે.

બીજી બાજુ વિપક્ષના લી અનુભવી નેતા છે. યુન તો કોઈ પણ પદનો અનુભવ લીધા વિના સીધા પ્રમુખ બની બેઠા છે. એ ધનાઢ્ય કુટુંબમાંથી આવે છે, જ્યારે લીએ પોતાની કરિયરની શરૂઆત કારખાનાના શ્રમિક તરીકે કરી હતી. યુન પબ્લિક પ્રોસીક્યુટર રહ્યા છે અને એમણે બે ભૂતપૂર્વ પ્રમુખોને સત્તાનો દુરુપયોગ માટે જેલમાં મોકલ્યા હતા. યુન અમેરિકાના ચૂંટાયેલા પ્રમુખ ટ્રમ્પની જેમ મહિલા સમાનતાના વિરોધી છે. બીજી બાજુ લી લિબરલ નેતા છે. મજદૂરોના વકીલ તરીકે કામ કર્યું હતું. યુન એક રૂઢિચુસ્ત નેતા તો લી મુક્ત વિચારસરણી ધરાવતા નેતા છે.

જે દેશ પોતાના ઈતિહાસમાંથી બોધપાઠ લેતો નથી એનું વારંવાર પતન થાય છે. કોરિયાના લોકોએ લોકશાહી પ્રત્યે વફાદારી જાહેર કરીને સિદ્ધ કર્યું છે કે પ્રજા જૂની ભૂલોનું પુનરાવર્તન કરવા માગતા નથી. અગાઉ ઉત્તર અને દક્ષિણ કોરિયા એક જ દેશ હતો. બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાનનો કોરિયા પર કબજો હતો. જાપાનની હાર થતાં ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૫એ આ દેશ આઝાદ થયો. તેના બે ભાગલા પડ્યા. દક્ષિણ કોરિયા પર અમેરિકાએ અને ઉત્તર કોરિયા પર એ વખતના સોવિયેત સંઘે કબજો જમાવ્યો. અમેરિકાએ સિંગમાન રીને સત્તા સોંપી ત્યાર બાદ ઉત્તર કોરિયાએ ચીન અને રશિયાની મદદથી દક્ષિણ કોરિયા પર હુમલો કર્યો. ઉત્તર કોરિયાએ ઘણા પ્રદેશો પર કબજો જમાવ્યો, પરંતુ દક્ષિણ કોરિયાએ અમેરિકાની મદદથી આ પ્રદેશો પાછા મેળવ્યા અને તે ચીન સુધી પહોંચી ગયું. અંતે અમેરિકાએ ચીન સાથે સમાધાન કરીને ઉત્તર કોરિયાને તેના પ્રદેશો પાછા આપ્યા. આ યુદ્ધમાં ૩૦ લાખ લોકોનાં મૃત્યુ થયા હતા.

હાલમાં ઉત્તર કોરિયામાં સરમુખત્યારશાહી છે. કિમ ઉન જોન્ગના પરિવાર ત્યાં બાવન વર્ષથી રાજ કરે છે. આ દેશના લોકો ભૂખમરાથી પીડાય છે. કોરિયામાં લશ્કરના જનરલ પાર્ક ચુન્ગે ૧૯૬૧માં સત્તા કબજે કરી. એમણે ૧૯૭૯ સુધી સરમુખત્યાર તરીકે રાજ કર્યું. પ્રજા પર અગણિત સીતમ અને જુલમ કર્યા. ૧૯૭૯માં તેમના જ સુરક્ષા ચોકિયાત એમની હત્યા કરી. ૧૯૭૭માં કોરિયામાં સાચી લોકશાહીની સ્થાપના થઈ.

આ તરફ, દક્ષિણ કોરિયાના લોકોએ જૂના અનુભવોમાંથી પાઠ લઈને જ લશ્કરી શાસનનો વિરોધ કર્યો. આ લોકો પોતાની પડોશના ઉત્તર કોરિયાના સરમુખત્યારના શાસનમાં લોકોના કેવા બેહાલ છે એ સારી રીતે જાણે છે. આ દેશ સારી રીતે જાણે છે કે મળેલી સમૃદ્ધિ જાળવવા લોકશાહીનું જતન કરવું અતિ આવશ્યક છે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## ડરવાનું નહિ, સાચા મિત્રો કે કુટુંબીજનો સાથે બધું શેર કરો

**સાયબર** સ્માર્ટનેસના ટેન કમાન્ડમેન્ટસ જાણી લીધા બાદ પણ હજી થોડુંક ધ્યાનમાં રાખવાનું છે, મગજમાં ઉતારવાનું છે અને અચુકપણે અમલમાં મૂકવાનું છે. તો વાતમાં વધુ મોણ નાખવાને બદલે સીધા મુદ્દા પર આવી જઈએ.

એક, કોઈ સ્વીગી કે ઝોમેટો કે આવી સપ્લાયર ચેન વતી ફોન કરીને સરનામું સમજવા ફોન કરે. પછી એક કે બે નંબર દબાવવા કહે તો એ જાળમાં સપડાવાનું નહિ. સીધો ફોન કરી નાખવાનો હો.

બે, ઓ.ટી.પી. અર્થાત્ વન ટાઈમ પાસવર્ડ કોઈની સાથે, રિપીટ કોઈની સાથે, ફોન પર શેઅર કરવો નહિ, નહિ ને નહિ જ.

ત્રણ, કોઈ લિન્ક મોકલે અને એ બ્લુ અક્ષરમાં હોય તો પહેલા ચકાસણી કરવી. અને બને ત્યાં સુધી કોઈ લિન્કના પ્રેમમાં પડવું નહિ, તરત જ ડિલીટ કરી નાખવાની.

ચાર, જો પોલીસ, આઈ.ટી., ઈ.ડી. કે સીબીઆઈના ઉચ્ચાધિકારીઓના નામે ઈમેલ આવે તો શું કરવું? સૌ પ્રથમ તો જરાય ગભરાવાનું નહિ. ચકાસણી કરવી અને એને માટે સંબંધિત વિભાગની સાચી - અસલી વેબસાઈટ શોધી કાઢવી અને એમનો સંપર્ક કરવો. આવી કોઈ નોટિસનો જવાબ આપવામાં બે-ચાર કલાક કે દિવસ લાગે તો આભ ન જ તૂટી પડે.

પાંચ, ક્યારેય અજાણ્યાનો વીડિયો કોલ ન ઉપાડવો. માત્ર આવા ફોન ઉપાડવાથી ઘણા એક્સટોર્શનના શિકાર બની ગયાના કિસ્સા મોજુદ છે. આમાં અનેકે લાખો રૂપિયા ખોયા ને અમુક કમનસીબે જીવ ગુમાવ્યા.

છ, આવા વીડિયો કોલ ફરીથી આવે તો એની ફરી અવગણના કરવી કાં થોડો સમય મોબાઈલ ફોન સ્વીચ ઑફ કરી દેવો.


સાત, ક્યારેક કોઈ ફોન આવે કે અમને તમારી કાર, ટીવી, વોશિંગ મશીન કે ફ્રિજ ખરીદવામાં રસ છે, તો ઝાઝી વાત કર્યા વગર ફોન બંધ કરી નાખવો. આપણે કંઈ વેચવું જ ન હોય તો લમણાંઝીક કરવી શા માટે?

આઠ, ઓર્ડર કે રાઈડ બુક કરવા માટે કોઈ પણ ઓટીપી માગે તો એ ઓર્ડર કે રાઈડ રદ કરી નાખવા.

નવ, કોઈ કુરિયર બૉય આવીને આપને ગિફ્ટ / લોટરી લાગી છે એમ કહીને આધારકાર્ડ, પાનકાર્ડની વિગતો માગે કે કોઈ લિન્ક પર ક્લિક કરવા કહે તો એને ઉતાવળે વળાવી દેવાનો.

દશ, બને ત્યાં સુધી ખાતરીપૂર્વકના અત્યંત વિશ્વાસુ માણસો ન હોય ત્યાં સુધી ક્યારેય ફોન પર પોતાનું સરનામું, લોકેશન, ફોન નંબર, આધાર કાર્ડ નંબર, જન્મ તારીખ, પાનકાર્ડ નંબર જેવી વિગતો ફોન પર કે મેસેજમાં આપવી નહીં.

અગિયાર, કોઈ ફોન કરીને આપનું નામ પૂછે તો નામ આપવું નહિ. ફોન કરનારને આપણું નામ ખબર હોવું જ જોઈએ. નહીંતર સમજી જવું કે કુછ તો ગરબડ હૈ. ફોનમાં નામ, સરનામું કે કોઈ અંગત વિગતો આપવી નહિ કે એ સામેથી આપે તો એમાં ભૂલ હોય તો સુધારા વધારા કરાવવા નહીં. ન એને સમર્થન આપવું કે રદિયો. ટૂંકમાં ઓછામાં ઓછા સમયમાં ફોન કટ કરી નાખવો. ■




### A.T.P. (ઑલ ટાઇમ પાસવર્ડ)

*ક્યારેક, ન કરે નરાયણને, આ ઠગોની જાળમાં ફસાઈ ગયા તો જરાય મુંઝાવું નહીં, ડરવું નહિ ને ખોટું પગલું ભરવાનો તો વિચાર સુધ્ધાં ન કરવો. પરિવારજન અને ખાસ મિત્રોને વિશ્વાસમાં લો. જે કુકર્મ તમે કર્યાં જ નથી તો એને માટે બ્લેકમેઈલ થઈને કાળી મજૂરીની કમાણી શા માટે લૂંટાવવી? ખોટું કર્યું નથી તો આબરૂ જાય કેવી રીતે? રસ્તા અને ઉકેલ ઘણાં છે પણ ડરવું નહિ. એ ઠગોની માતાએ એટલી સૂંઠ નહિ ખાધી હોય કે એ તમારી સામે આવવાની હિમ્મત કરે. આ હકીકત તમે સમજી લો અને કોઈ મિત્ર-સંબંધી સાયબર ફ્રોડનો શિકાર બને તો એને પણ સમજાવો, બચાવો. હવે સાયબર ફ્રોડ બહુ જાણીતો અપરાધ છે. તમારા ઘરમાં ચોરી થાય એમાં તમારી બદનામી કેવી રીતે થાય? વિચારો, સમજો અને સ્વીકારો, પ્લીઝ.*

# તૃપ્ત અતૃપ્ત

પ્રકરણ ૨૫



■ એચ. એન. ગોલીબાર

'હા! પણ મુન્નાની જરૂર તો પડવાની જ ને!'

'મને ખબર છે.' ગોગિયાએ વ્યંગભર્યા અવાજે કહ્યું. પરંતુ આ વ્યંગને જીમી ન સમજી શક્યો. 'આની મદદથી તમે પૈસાદાર બનવા માગો છો ને? તમે જરૂર પૈસાદાર બનશો. એટલા બધા પૈસાદાર બનશો કે, આખી દુનિયાને તમે ખરીદી શકશો અને પૈસા મેળવવા માટે તમારે તમારી પત્ની રોઝીને મંદિર પહોંચાડવાનું કામ કરવાનું છે.'

'સારું! એક ઉલઝન હતી એ તેં સુલઝાવી દીધી છે. મને વિશ્વાસ છે કે રોઝી પાંચ દિવસની અંદર અંદર તો અહીંયા જરૂર આવી જશે.' જીમીએ સ્થિર અવાજે કહ્યું: 'પણ એ અહીંયા આવે અને પછી એને હું કયું બહાનું કરીને મંદિર સુધી લઈ આવું?'

'માલિક! તમે હરવા-ફરવાને બહાને એને ત્યાં લાવી શકો છે.'

'હરવા-ફરવા માટે કંઈ બાર વાગે થોડું નીકળાય - આ બહાનું તો મુશ્કેલીમાં મૂકી શકે.'

'તમે તમારી પત્નીને બોલાવી તો લો. સમય આવશે ત્યારે 'એ' એની મેળે બધો બંદોબસ્ત કરી આપશે.'

'સારું... હવે મારે બીજું કંઈ પૂછવું નથી. તું જા....! જીમીએ સિગારેટ એશટ્રેમાં નાખતાં કહ્યું.

'જી માલિક!' કહેતાં ગોગિયો પાછો ફર્યો અને ચાલતો-ચાલતો કમરાની બહાર નીકળી ગયો.

જીમીએ બીજી સિગારેટ સળગાવી. ગોગિયો ભલે કહી ગયો હતો કે, સમય આવ્યે 'એ' બધું જ સંભાળી લેશે, પરંતુ જીમીના મનમાં તો હજી એ સવાલ સળગતો જ હતો. એ ક્યા બહાના હેઠળ રોઝીને દક્ષિણની પહાડીઓવાળા મંદિરમાં લઈ જશે...?'

એ જ રાત્રે કજલીની મૂર્તિ, ગોગિયો અને મુન્નો ગાયબ થઈ ગયાં.

જીમી ઑફિસે જતો ત્યારે તો કામકાજમાં ડૂબી જતો, પરંતુ ઘરે આવતાં જ એનું મગજ રોઝીને મંદિર સુધી લઈ જવાનું બહાનું શોધવામાં લાગી જતું. વળી કજલીની મૂર્તિ, ગોગિયો અને મુન્નો જતાં રહ્યાં હોવાથી ઘર ખાલી-ખાલી લાગતું હતું. ઊંઘ ન આવવાને કારણે એ કમરામાં આમ-તેમ આંટા માર્યા કરતો. આમ ને આમ જ ચાર દિવસ વીતી ગયા અને જીમીના અનુમાન અને વિશ્વાસ મુજબ પાંચમા દિવસે તો રોઝી આવી પણ પહોંચી.

અત્યારે રોઝી જીમીના ગળામાં હાથ ભેરવીને એના ખોળામાં બેઠી હતી. એ એનો વહાલભર્યો હાથ જીમીના માથે ફેરવી રહી હતી.

રોઝીનાં આ વહાલ-પ્રેમ જોઈને જીમીનું મન બદલાવા લાગ્યું હતું. કઈ રીતે એ રોઝીને કજલીને હવાલે કરશે? રોઝીને કજલીને હવાલે કરવાની હિંમત એનામાં કઈ રીતે આવશે?

પરંતુ એના વિચારોએ પાસું બદલ્યું.

હિંમત નહીં આવે તો પૈસા ક્યાંથી આવશે? પૈસા મેળવવા માટે એણે કોઈ પણ હાલતે રોઝીને આજથી પાંચમા દિવસે મંદિરમાં લઈ જવી પડશે - આજથી બરાબર પાંચમા દિવસે.

એક....

બે....

ત્રણ....

ચાર....

આજે રોઝીને અહીંયા આવ્યાને ચોથો દિવસ હતો. આ ચાર દિવસો એણે રોઝીને હેરવવા-ફેરવવા અને એના પ્રેમમાં વિતાવ્યા હતા. આજે ચોથા દિવસની રાતે - અત્યારે પણ જીમી પલંગ પર સૂતો હતો અને એની વાળથી ભરેલી છાતી પર રોઝી માથું મૂકીને સૂતી હતી.

કાલે....કાલે....રોઝીને મંદિરે કજલી પાસે લઈ જવાની હતી... પછી રોઝીનું શું થશે.... કજલી એનું શું કરશે.... એવા બધા વિચારોથી જીમી પરેશાન હતો. અત્યારે રોઝી સાથે સૂતો હોવા છતાંય જીમી કમ પરેશાન નહોતો.

'શું વાત છે? તમે કંઈક ગૂપચૂપ લાગો છો?' રોઝીએ જીમીની છાતીના વાળ પર આંગળી ફેરવતાં પૂછ્યું.

'ના....ના....એવી કોઈ જ વાત નથી.' જીમીએ પણ પોતાનો હાથ રોઝીના વાળમાં ફેરવ્યો.

'તમારામાં એ - એ - પહેલાં જેવી ખુશી નથી રહી....!' રોઝીએ જીમીની છાતી પર ચુંબન કરતાં કહ્યું.

'હું ઘણો જ પરેશાન છું, રોઝી!' જીમીએ ધીમેથી કહ્યું: 'શી ખબર શું છે કે, મારું દિલ બેસતું હોય એવું લાગે છે. વિચારું છું કે, કોઈ સાધુ કે ફકીર પાસે માદળિયું-તાવીજ બનાવડાવી લઉં.'

'કેમ? બીજું તો કંઈ થતું નથી ને તમને?' રોઝી એકદમ ગભરાઈ ઊઠી.

'ના....ના....બીજું કંઈ નથી. આ તો જરાક દિલમાં હંમેશાં પરેશાની જેવું રહે છે એટલે....!'

'તમે ચર્ચમાં પણ જતા નથી. નહિતર તમારા દિલમાં જરૂર શાંતિ રહેત.'

'હા! મારે ચર્ચમાં પણ જવું પડશે અને દક્ષિણની પહાડીની પર આવેલા મંદિરમાં બાબા પાસેથી કાંઈ તાવીજ પણ લાવવું પડશે.' આ તાવીજની વાત જીમીના મગજમાં અચાનક જ અત્યારે જ જન્મી હતી. કોણે જન્માવી હતી એની ખબર જીમીને હતી. કજલી સિવાય બીજું કોણ હોય?

'સારું! પણ તાવીજ બનાવવા માટે તમે મંદિરે ક્યારે જશો....?'

'કાલે રાત્રે અગિયાર વાગ્યે....' જીમીએ કહ્યું.

'રાત.... રાતના અગિયાર વાગે.... ?' રોઝીના અવાજમાં થોડોક ભય હતો, 'આ તો ઘણી મોડી રાત થઈ જાય....!'

'શું કરું? જવું તો પડશે જ! એકલો જ જઈશ. બીજું કોણ છે જેને હું સાથે લઈ જઈ શકું.' જીમીએ લાચાર અવાજે કહ્યું.

'હું તમારી સાથે આવીશ.... હું ખુદ પોતે જ બાબાને કહીશ કે, તમને એવું તાવીજ આપે કે, વહેલી તકે તમારા દિલની બધી જ પરેશાનીઓ દૂર થઈ જાય.' રોઝીએ ખૂબ જ જોશમાં કહ્યું અને આ સાંભળીને જીમીએ રોઝીને જોશથી પોતાના શરીર સાથે ભીંસી લીધી.

દશમો દિવસ પણ ઊગ્યો અને દશમા દિવસની બપોર પણ આવી. બપોર આવ્યા પછી સાંજ આવતાં વધારે વાર લાગી નહીં.

જીમી ઑફિસેથી સાંજે ઘરે આવ્યો. રોઝી એની કાગડોળે વાટ જોઈને જ બેઠી હતી. જીમી નાહીને બહાર નીકળ્યો ત્યારે રોજીએ જમવાનું પીરસી દીધું હતું. જીમી જમવા બેઠો - પાસે રોઝી પણ બેઠી. રોઝીએ જ જબરજસ્તી - પોતાના હાથે જીમીને જમાડ્યો.

રાત્રે રોઝીને કજલી પાસે લઈ જવાનો એનો ઇરાદો થોડો ડગ્યો, પરંતુ એની નજર સામે પૈસાના ઢગલા દેખાતાં જ ડગેલો ઇરાદો પાછો સ્થિર થઈ ગયો.

જીમી જમીને પલંગ પર આડો પડ્યો ત્યારે રોઝી ફટાફટ તૈયાર થઈ ગઈ. એ જેમ બને એમ જલદી પોતાના પતિ જીમીની પરેશાની દૂર કરવા માગતી હતી.

આડા પડેલા જીમી પાસે આવીને રોઝીએ કહ્યું: 'તમે ફટાફટ તૈયાર થઈ જાવ, દશ વાગવા આવ્યા. પછી મોડું થઈ જશે.'

જીમી રોઝીની નજરો ચોરાવતો બાથરૂમમાં ગયો અને ફટાફટ તૈયાર થયો. રોઝીની પોતાની પરેશાની દૂર કરવા માટેની અધીરાઈ એને બેચેન બનાવી રહી હતી. એણે ચેન લાવવાનો પ્રયત્ન કરતાં ઘડિયાળમાં જોયું - સાડા દશ વાગ્યા હતા.

'બાબા પાસેથી તાવીજ લીધાં પછી પણ આપણે કાલ બપોરે ચર્ચમાં પણ જઈ જ આવીશું.' રોઝીએ જીમીની પાછળ ઘરની બહાર નીકળતાં કહ્યું. 'હં!' રોઝી બહાર નીકળી એટલે જીમીએ ઘરનો મુખ્ય દરવાજો બંધ કર્યો. તાળું માર્યું અને પછી આસપાસ જોયું - કોઈ જોતું તો નથી ને? એની ખાતરી કરી અને પછી બિલાડો ઉંદરને લઈને અંધારામાં સરકે એમ જીમી રોઝીનો હાથ પકડીને રસ્તો ઓળંગીને દક્ષિણ પહાડી તરફ અંધારામાં આગળ વધી ગયો.

રાત હતી એટલે અંધારું તો હતું જ. જીમીએ ચાલતાં-ચાલતાં આકાશ તરફ નજર કરી. આકાશમાં કાળાં-કાળાં વાદળાંઓ ચિત્રવિચિત્ર અને ભયાનક આકૃતિઓ બનાવી રહ્યાં હતાં અને એ વાદળાંઓની પાછળથી વીજળી ક્યારેક ચમકારા મારી જતી હતી.

રોઝી સાથે એનો પતિ જીમી હતો, પરંતુ તે છતાંય

> હું બાબાની ભક્ત છું અને કાલીમાની મામૂલી દાસી. હું જાણું છું કે તારો પતિ હમણાં થોડાક દિવસથી ખૂબ જ પરેશાન છે અને બાબા પાસે એ કોઈ તાવીજ લેવા આવ્યો છે

એ સ્ત્રી હતી, અને વળી આવી ભયાનક રાત હતી એટલે રોઝીનું દિલ ગભરાઈ રહ્યું હતું. એણે જીમીનો હાથ મજબૂતીથી પકડી રાખ્યો હતો.

ઝાડી-ઝાંખરાંઓને પોતાના હાથથી ખસેડતો જીમી અંધારામાં એક ચપળ બિલાડાની જેમ આગળ વધી રહ્યો હતો અને પાછળ-પાછળ રોઝી એક ઉંદરની જેમ ઢસડાતી હોય એમ આવી રહી હતી.

ચાર પગદંડીઓ પાસે આવીને જીમી ઊભો રહ્યો. રોઝી પણ ઊભી રહી. જીમીએ રોઝીના ચહેરા તરફ જોયું. રોઝીના ચહેરા પર પરસેવાના રેલાઓ રેલાતા હતા. એનો શ્વાસ સામાન્ય ગતિ કરતાં ઝડપથી ચાલતો હતો. એણે પણ જીમી તરફ જોયું.

રોઝીની નજર સાથે નજર મળતાં જીમીના દિલમાં તિરાડ પડી.

એ અત્યારે જ મંદિરમાં કજલી પાસે રોઝીને લઈ જવાને બદલે એને લઈને એ પાછો ઘર તરફ જાય.... દોડી જાય.... દોડી જાય.... એણે રોઝીનો હાથ મજબૂતીથી પકડ્યો અને ઘર તરફ પાછો વળવા જતો હતો ત્યાં જ એને લાગ્યું કે, કોઈકે એનો કૉલર પકડ્યો છે, એને તરફ ફરતાં રોક્યો છે.... અને પછી તરત જ એના કાનમાં અવાજ સંભળાવા લાગ્યો: 'પૈસા....પૈસા....પૈસા....પૈસાના ઢગલા....ઢગલે.....ઢગલા....પૈસાના....

અને જીમીએ રોઝી તરફ જોયું. રોજીને આ અવાજ સંભળાયો હોય એવું લાગ્યું નહીં. અને આ પૈસા....પૈસા....પૈસાના અવાજે જીમીના દિલમાં પડેલી તિરાડ પૂરી નાખી હતી. એણે પૂરી મજબૂતીથી રોઝીનો હાથ પકડ્યો અને જમણી તરફથી બીજી પગદંડી પર - મંદિર તરફ ચાલવા લાગ્યો. પાછળ-પાછળ રોઝી પણ ચાલવા લાગી. હા! બિલાડીના પંજામાં સપડાયેલા નાનકડા ઉંદરની જેમ.

અને - રોઝી ફફડી ઊઠી, જીમી અને એ મંદિર પાસે પહોંચી ચૂક્યાં હતાં અને જીમીએ મંદિરના પહેલે પગથિયે પગ મૂક્યો હતો અને સાથે રોઝીએ પણ પગ મૂક્યો હતો એ સાથે જ એના કાને દૂરથી ઢોલ વાગવાનો અવાજ અફળાયો હતો.

જ્યારે જીમીના કાને આ ઢોલનો અવાજ અફળાતાં એને થયું કે, એ દોડીને એ ઢોલ પાસે પહોંચી જાય, એટલે એણે ઝડપ વધારી. પાછળ-પાછળ રોઝી પણ ખેંચાઈ.

'અહીંયા....અહીંયા....કેમ કોઈ દેખાતું નથી....' પાછળ પાછળ ખેંચાતી રોઝીએ ડરથી ધ્રૂજતા અવાજે પૂછ્યું.

જીમી ઊભો રહ્યો. એણે પાછળ ફરીને રોઝી તરફ જોયું.

'બાબા આ જ મંદિરમાં રહે છે. ચાલ મંદિરની અંદર જઈએ....!' કહેતાં જીમી આગળ વધ્યો.

'પણ....પણ અહીંયા કોઈ કેમ દેખાતું નથી....?' રોજીએ પાછળ-પાછળ ઘસડાતાં વળી પાછું પૂછ્યું.

'ના....અહીંયા ઘણા લોકો હાજર છે.' જીમીએ મંદિરના છેલ્લે પગથિયે પગ મૂકતાં કહ્યું: 'આખરે આ ઢોલ કોઈક તો વગાડતું જ હશે ને!'

રોઝીએ પણ છેલ્લે પગથિયે પગ મૂક્યો. હવે એની નજર સામે એક મોટો હૉલ હતો. એ હૉલ વચ્ચે એક મોટો થાંભલો હતો અને એ થાંભલામાંથી ધુમાડાના ગોટેગોટા નીકળી રહ્યા હતા, એ ગોટામાંથી એક આકાર બની રહ્યો હતો. એ આકાર ભયાનક હતો અને પોતાના બન્ને હાથ પહોળા કરીને રોઝીને પોતાની તરફ બોલાવી રહ્યો હોય એવું લાગતું હતું.

'અહીંયા તો મૂર્તિ પણ નથી, મને....મને બીક લાગે છે.' કહેતાં રોઝી જીમીના શરીર સાથે ચિપકી.

'ડરવાની કોઈ વાત નથી.' અચાનક ક્યાંકથી અવાજ આવ્યો. રોઝીએ ચારે તરફ ગભરાયેલી નજર ફેરવીને જોયું. કોઈ દેખાયું નહીં. પરંતુ જીમી એ અવાજને ઓળખી ગયો - એ અવાજ કજલીનો હતો - પરંતુ જીમી ચૂપ જ રહ્યો.

'આવ છોકરી....આ બાજુ આવ....' હૉલના ખૂણામાંથી અવાજ આવ્યો અને પછી એ જ ખૂણામાંથી કજલી ધીમે-ધીમે બહાર આવી.

જીમી કજલીને જોતો જ રહી ગયો. કજલીએ એના ગળામાં મોટા-મોટા દાણાની માળા પહેરી હતી અને બન્ને હાથમાં ચાંદીના ચૂડલાઓ પહેરેલા હતા અને ગળામાં એક મોટો ચૂડલો જે એની સૂરાહીદાર ગરદન સાથે બિલકુલ ચિપકેલો હતો.

'આવ... આગળ આવ છોકરી....' કજલીએ ધીમેથી કહ્યું.

'તું....તું.... કોણ છો?' રોઝીએ ડરેલા અવાજે કહ્યું. રાતના લગભગ બાર વાગ્યે એક રૂપાળી સ્ત્રી અહીં મંદિરમાં હોય તો ડરવા જેવી જ વાત ગણાય ને!

'હું બાબાની ભક્ત છું.' કજલીએ મુસ્કુરાતાં કહ્યું, 'અને કાલીમાની મામૂલી દાસી. હું જાણું છું કે તારો પતિ હમણાં થોડાક દિવસથી ખૂબ જ પરેશાન છે અને બાબા પાસે એ કોઈ તાવીજ લેવા આવ્યો છે.'

'હા....હા.... અમને તાવીજ જોઈએ.' કહેતાં રોઝી ખુશીથી હૉલમાં થોડીક વધુ આગળ વધી. જીમી પણ આગળ વધ્યો.

હૉલની ચારે તરફ ગુફા જેવા દરવાજા હતા અને એ દરવાજાની અંદર કમરા હશે એવું લાગતું હતું.

'એ તને જરૂર મળશે. પરંતુ એના માટે તારે બાબા પાસે આવવું પડશે.' કજલીએ અર્થભરેલા શબ્દોએ કહ્યું. અને એ કંઈ જ ન બોલ્યો - ચૂપ રહ્યો.

'ચાલો, આપણે અંદર આમની સાથે બાબા પાસે જઈએ.' જાણે પોતાના પતિની પરેશાની દૂર કરવા માટે અધીરી બની હોય એમ રોઝીએ કહ્યું.

'ના....પુરુષ અંદર નહિ આવી શકે - પુરુષોએ અંદર આવવાની મનાઈ છે. એટલે જો તને તાવીજ જોઈતું હોય તો તારે એકલીએ જ અંદર આવવું પડશે.' કજલીએ મુસ્કુરાતાં કહ્યું.

'મારે!....' રોઝીએ ચોંકતાં પૂછ્યું.

'હા, તારે એકલીએ જ અંદર આવવું પડશે. શું તું તારા પતિ માટે આટલું પણ ન કરી શકે?' કજલીએ કડવા શબ્દોમાં કહ્યું. (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Den | હિંમત |
| Dent | ઉપરી |
| Dean | ગોબો |
| Dare | ઘસડાવું |
| Drag | બોડ |

### ઓળખાણ પડી?



સોનાનાં આભૂષણો મોટા પાયે તૈયાર કરવામાં આવતા હોવાથી આપણા દેશનું કયું શહેર 'સિટી ઓફ ગોલ્ડ તરીકે ઓળખાય છે એ જાણો છો?

અ) રાજકોટ બ) અમૃતસર ક) બિકાનેર ડ) થ્રિસુર

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ મ | ય | ૩ ગા | ળો | | ૪ લ | ૫ વા | જ | ૬ મ |
| ૭ મ | ર | | ય | | ૮ વિ | | ત | | દ |
| ૯ પ્ર | મા | ર્જ | ન | | ૧૦ શ્વા | ન | | ૧૧ ક | હો |
| ૧૨ મા | ળો | | | ૧૩ વા | સ | | ૧૪ અ | વ | શ |
| ણ | | ૧૫ તૃ | | ૧૬ વ | ઘા | ૧૭ ર | | ન | |
| | ૧૮ નિ | ષ્ણા | ૧૯ ત | | ૨૦ ત | જ | જ્ઞ | | ૨૧ અ |
| ૨૨ સં | ત | | ૨૩ મ | ૨૪ ત | | ક | | ૨૫ વ્યા | ધિ |
| ખ્યા | | ૨૬ વ | | ૨૬અ હ | ૨૭ ત | | ૨૮ શો | | ક |
| ૨૯ બં | ૩૦ ગા | લ | | | ૩૧ મા | ૩૨ ફ | ક | ૩૩ સ | ર |
| ૩૪ ધ | મ | ણ | | ૩૫ ચા | મ | ર | | ૩૬ મ | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | | ૪ | ૫ | |
| | | | | ૬ | | | ૭ | | ૮ |
| ૯ | ૧૦ | | | | | ૧૧ | | ૧૨ | |
| ૧૩ | | | ૧૪ | | | | ૧૫ | | |
| ૧૬ | | ૧૭ | | | | | ૧૮ | | |
| | ૧૯ | | ૨૦ | | ૨૧ | ૨૨ | | | |
| ૨૩ | | ૨૪ | | ૨૫ | | ૨૬ | | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | | ૩૧ | | ૩૨ | | | ૩૩ | |
| ૩૪ | | | | ૩૫ | | | ૩૬ | | |
| | | ૩૭ | | | | | | | |

**આડી ચાવી**

૧) ઝરણું (૪)
૩) એકલા હોવું તે (૪)
૬) સુરાહીથી ....... ભરો (૨)
૭) ફળની અંદરનો ભાગ (૩)
૯) લોહીનો વિકાર (૩)
૧૨) કીડીને ...., હાથીને મણ (૨)
૧૩) આદમ ..... એટલે માણસ ખાઉ (૨)
૧૪) ઘરનો સામાન (૫)
૧૬) હાર, પરાજય (૩)
૧૮) ..... હાથમાં તમારું નસીબ છે (૩)
૧૯) પરંપરા, રૂઢિ (જો. છૂ.) (૩)
૨૧) અજવાળું (૩)
૨૪) ...... ની બોધ વાર્તાઓ જાણીતી છે (૩)
૨૬) બીજે ગામ (૪)
૨૯) બીક (૨)
૩૧) પ્યાસ (૩)
૩૩) મોટું (૨)
૩૪) જમ્યા પછી ..... પીવી પડે (૨)
૩૫) સહાય, ઉત્તમ, સત્ત્વ (૨)
૩૭) ઊલટસૂલટ (૬)

**ઊભી ચાવી**

૧) મીઠી વસ્તુઓનો ચાહક વ્યક્તિ (૫)
૨) હવે નહીં જાઉં વીડ .... રે લોલ (૩)
૩) ભલે, હશે (૨)
૪) સુધી, લગી (૨)
૫) તારનાર, તારો (૩)
૬) વ્રતને કારણે આખી રાત જાગવું તે (૪)
૮) આવવાનો કે હોવાનો આભાસ (૪)
૧૦) શાકભાજી (૪)
૧૧) લોકો ઈર્ષ્યાથી બળીને ... થઈ જાય (૨)
૧૫) વ્યવસ્થિત રીતે, પદ્ધતિસર (૪)
૧૭) ચડિયાતું (૩)
૨૦) એક ધાતુ (૩)
૨૨) નામકરણ (૨)
૨૩) ઓળા, પ્રતિબિંબ (૪)
૨૫) ઘરનો આગળનો ભાગ (૪)
૨૭) વતન (૨)
૨૮) મોટી રાણી, પટરાણી (૪)
૩૦) શિયાળામાં ફળોનો .... પીઓ (૨)
૩૨) સુંદર, ગમે એવું (૩)
૩૬) તાકાત, શક્તિ (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'વા વાયા ને વાદળ ઉમટ્યા' પંક્તિમાં વા શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) વખત બ) વીજળી ક) પવન ડ) ગર્જના

### માતૃભાષાની મહેક

રાત અંધારી ને તલ કાળા, લે વાણિયા તારા ને તારા કહેવત અત્યંત માર્મિક છે. એનો અર્થ થાય છે અંધારી રાતે વાણિયો જે કંઈ આપે તે અને લેનાર જે લે તે બધા સરખા. એક તોલમાપથી જ બધું તોલાય. ટૂંકમાં અંધેર વ્યવસ્થા. રાતના ઘી ખાઈને દિસના ડોંગું ન થવાય. મતલબ કે રાતે ઘી ખાધા પછી દિવસે આળસુ ન બનાય, ઉદ્યમ કરવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | ૬ | | ૭ | | ૫ | |
| | ૩ | ૯ | | | | ૬ | ૪ | |
| | | | ૮ | | ૩ | | | |
| ૫ | ૧ | ૪ | | | | ૮ | ૩ | ૯ |
| | | ૬ | | | | ૪ | | |
| ૯ | ૮ | ૩ | | | | ૭ | ૬ | ૨ |
| | | | ૧ | | ૬ | | | |
| | ૬ | ૨ | | | | ૩ | ૮ | |
| | ૫ | | ૨ | | ૮ | | ૯ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૨ | ૮ | ૯ |
| ૫ | ૨ | ૮ | ૯ | ૩ | ૪ | ૬ | ૧ | ૭ |
| ૯ | ૧ | ૬ | ૭ | ૨ | ૮ | ૪ | ૩ | ૫ |
| ૩ | ૭ | ૨ | ૪ | ૮ | ૧ | ૫ | ૯ | ૬ |
| ૬ | ૯ | ૧ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ | ૮ |
| ૮ | ૫ | ૪ | ૬ | ૯ | ૩ | ૭ | ૨ | ૧ |
| ૧ | ૩ | ૭ | ૮ | ૪ | ૫ | ૯ | ૬ | ૨ |
| ૪ | ૬ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ | ૫ | ૩ |
| ૨ | ૮ | ૫ | ૩ | ૬ | ૯ | ૧ | ૭ | ૪ |

### ગુજરાત મોરી મોરી રે

'એક વસ્તુ કે બાબતની ગેરહાજરીમાં બીજી ફીકી લાગે' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

સંસાર માત કંસાર મોળો વિના સૂનો ગોળ વિના

### ઈર્શાદ

નથી એક માનવ પાસે બીજો માનવ પહોંચ્યો,
અનિલ મેં સાંભળ્યું છે ક્યારનો બંધાય છે રસ્તો.

-- રતિલાલ અનિલ

### માઈન્ડ ગેમ

બે અંકની એક સંખ્યાના અંકની અદલાબદલી કરી મળેલી સંખ્યા બાદ બંનેનો સરવાળો કરતાં જો જવાબ ૯૯ આવે તો બેમાંથી કોઈ એક સંખ્યા જણાવો.

અ) ૨૪ બ) ૫૨
ક) ૩૬ ડ) ૪૨

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Chauffeur | ડ્રાઈવર |
| Chopper | હેલીકોપ્ટર |
| Coffer | તિજોરી |
| Cobbler | મોચી |
| Converter | પરિવર્તક |

માઈન્ડ ગેમ
૩૦

ઓળખાણ પડી?
ફિરોઝાબાદ

ગુજરાત મોરી મોરી રે
ન મામા કરતાં કહેણા મામા સારા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સુધારવું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશ દલાલ (૧૮) જ્યોત્સના ગાંધી (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) મીનળ કાપડિયા (૨૭) નુતન વિપીન (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) હર્ષા મહેતા (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) અરવિંદ કામદાર (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) ભાવના કર્વે (૩૬) કલ્પના આશર (૩૭) અંજુ ટોલિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જગદીશ ઠક્કર (૪૨) હિના દલાલ (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) હેમા હરીશ ભટ્ટ (૪૭) શિલ્પા શ્રોફ (૪૮) નીતિન બરિયા (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૦) પુષ્પા ખોના (૫૧) નંદકિશોર સંજાણવાળા

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# માણસ આટલું બધું શું કામ બોલે છે?



થોડા દિવસ પહેલા એક બહેને મજાની વાત કરી હતી. એ બહેનનાં દાદીને ખૂબ વાતો કરવા જોઈએ. ઘરના બધા દાદીની વાતોથી થાકી જાય. એક દિવસ દાદીએ ફરિયાદ કરી કે ઘરે વીમાનું કામ કરવા માટે આવતાં ભાઈ ખૂબ બોલબોલ કરે છે... ઘરના સહુને આશ્ચર્ય છે કે આ હિસાબે એ ભાઈ કેટલું બોલતા હશે?!

આપણી આસપાસ અસંખ્ય લોકો હશે જે એવા વાતોડિયા હશે કે 'આવજો' કહ્યા પછી ઘરના ઉંબરે ઊભા રહીને પણ બીજો અડધો કલાક વાતોમાં કાઢી નાખે...

વધુ બોલવાની આદત ગુજરાતી નાટકોમાં ખાસ જોવા મળે છે. એમના લેખક કલાકારો પાસે બિનજરૂરી લાગણીવેડાનો ધોધ વરસાવે છે. તાજેતરમાં એક જાણીતી અભિનેત્રીનું નાટક જોયું હતું, અઢી કલાકના નાટકમાં પોણાત્રણ કલાક બોલ્યાં હશે. બાકીનાં પાત્રો લગભગ એટલું જ બોલ્યાં હશે. વિચારો કે પ્રેક્ષકોની શું હાલત થતી હશે આવાં નાટક જોવાં કરતાં સાંભળતા થાકી જવાય છે.

સોશિયલ મીડિયાના આગમન પછી દરેક વ્યક્તિને બોલવું છે, આધુનિક યુગની સૌથી મોટી સમસ્યા એ છે કે સાંભળનાર કોઈ નથી. કેટલાક મહાનુભવો તો રાહ જોતા હોય કે રાજનીતિની ચર્ચા શરૂ થાય એટલે એમની બેટિંગ શરૂ કરી શકે. ખાસ કરીને ટીવી પરની ડિબેટ જોઈને લોકો સંવાદ સાધવાનું ભૂલી ગયા છે. કોઈ પણ વિષયમાં દરેકને પોતાનો અભિપ્રાય આપવો છે.

આપણા સહુનો પ્રશ્ન એટલો જ છે કે માણસને આટલું બધું બોલવું શું કામ છે? એ બિનજરૂરી શા માટે બોલે છે? બોલચાલનો સામાન્ય અભ્યાસ એવું માને છે કે વ્યક્તિ વાતચીત દરમિયાન પોતાના વિષે અથવા પોતાના જ્ઞાન વિષે ચાલીસ ટકા બોલતો હોય છે. આ જ સમસ્યા સાંભળનારને પણ હોય છે, એને પણ પોતાના વિષે બોલવું હોય છે અને કોઈ સાંભળતું નથી. આ વાતનો અર્થ એટલો કરવો કે જો થોડું સાંભળવાની ટેવ પાડશો તો તમને લોકપ્રિય થતાં કોઈ અટકાવી શકશે નહિ.

એ વાત ચોક્કસ છે કે બિનજરૂરી બોલવાથી ક્યારેક સંબંધોમાં ઓટ આવી શકે છે. આપણી નિકટની વધારે બોલતી વ્યક્તિની વાતોનો અભ્યાસ કરવો જોઈએ. એની વાતોમાં નિરાશા, ડર અથવા સતત નકારાત્મકતા આવે તો આપણે એના તરફ સહાનુભૂતિપૂર્વક વર્તન કરવું જોઈએ. એમની સાથેની વાતચીત દરમિયાનનાં અમુક લક્ષણ પર ધ્યાન આપવાથી ઘણી સમસ્યા સમજી શકાશે. વ્યક્તિ માનસિક સમસ્યાથી ગ્રસ્ત હોય તો એણે યોગ્ય ચિકિત્સા કરાવવી જોઈએ.

આપણે ત્યાં દરેક વાતને બોલીને જ સમજાવવી પડે એ માન્યતા લોકોના દિલમાં પ્રવેશી ગઈ છે. મૌન વિશે સમજાવવા ત્રણ કલાકનું વક્તવ્ય આપવામાં આવે છે. ઓફિસ ક્લાર્કને અત્યંત લાંબી સૂચનાઓ આપવામાં આવતી હોય છે. બાળક ભૂલ કરે એટલે માતા-પિતા લાંબી -પહોળી સલાહ આપવા તૈયાર જ બેઠા હોય છે. મહદઅંશે બાળપણથી લાંબું લાંબું સાંભળવાની આદત લાંબું બોલવા માટે મજબૂર કરે છે. પ્રશ્ન સાથે મુદ્દાસર ચર્ચાનો અભાવ વ્યક્તિને દરેક વાતને લંબાણપૂર્વક શીખવે છે. ફ્રોઈડ એવું માનતો હતો કે બાળપણની નિષ્ફળતાઓ તથા કેટલીક ઘટનાની અસર થકી વધુ બોલવાથી માંડીને વધુ ભોજન કરવા સુધીની આદત પડે છે. જો કે વધુ બોલવાની આદત મહદઅંશે વારસાગત હોવા અંગે ઘણાં સંશોધન થયાં છે.

બોલવાની વાતમાં એક અભ્યાસ રસપ્રદ છે કે દિવસ દરમિયાન મહિલાઓ અંદાજે વીસ હજાર શબ્દો બોલે છે તેની સાપેક્ષે પુરુષ સાત આઠ હજાર શબ્દ બોલતો હોય છે. છેલ્લા દાયકાઓમાં થયેલા અભ્યાસ મુજબ ઘણા વિચારકો માને છે કે સ્ત્રી અને પુરુષ લગભગ સરખી માત્રામાં જ બોલે છે. કેટલાક કિસ્સામાં પુરુષ અધિક બોલતો હોય એવું જોવા મળ્યું છે. મનોવિજ્ઞાનના કેટલાક સંશોધકો વધુ બોલવું એટલે શું તેનો અર્થ સમજાવતા કહે છે કે વાતચીત દરમિયાન સામી વ્યક્તિને તક આપ્યા વગર સતત ચાલીસ સેકન્ડ સુધી સતત બોલ્યા કરવું.... ઘણા લોકો તો સામાન્ય વાતચીત દરમિયાન બે ત્રણ મિનિટ સુધી તો મુદ્દા પર આવતાં હોતાં નથી.

જો આપણને જ વધુ બોલવાની ટેવ હોય તો ટૂંકમાં કહેવાની ટેવ સાથે પ્રશ્ન પૂછીને સામાને બોલવાની તક આપવી જોઈએ. પ્રશ્ન પૂછયા પછી જાતે જ જવાબ આપવાને બદલે અથવા અસહમતી દર્શાવવાને બદલે બીજાઓની વાતને ધ્યાનપૂર્વક સાંભળતા શીખવું જોઈએ. એક વિષય પરથી બીજા વિષય પર ઝડપભેર કૂદકો મારવાને બદલે થોડી જાણકારી મેળવતાં શીખવું જોઈએ.

સૌથી અગત્યની વાત, ચર્ચામાં વધારે બોલવાની સાથે સામી વ્યક્તિને દુઃખ થાય એવા શબ્દપ્રયોગથી દૂર રહેવું જોઈએ. રાજનીતિની ચર્ચા હંમેશાં સંવાદ સ્વરૂપે થવી જોઈએ. જ્યારે સામી વ્યક્તિ તર્કબદ્ધ અને રેફરન્સ સાથે વાત કરતી હોય ત્યારે ખોટું લગાડવાને બદલે શીખવાની ટેવ પાડવી જોઈએ. કેટલાક વાતોડિયા અંગ્રેજી કે અન્ય ભાષામાં જોરશોરથી દલીલ કરવા બેસી જાય છે એ આપણી અણઆવડત છતી કરે છે. બીજાના મતને આદર આપવાને બદલે ચર્ચા ઉગ્ર બનવામાં નુકસાન આપણું જ છે. ક્યારેક આવી ચર્ચાઓમાં ઓછું બોલવાની કળા શીખવાની જરૂર છે. દરેક વાતમાં લંબાણપૂર્વક તૂટી પડવાની આદત બદલવા એક ટેવ પાડવી જોઈએ કે સપ્તાહમાં એક દિવસ સંપૂર્ણ મૌન રાખવું જોઈએ.

શિયાળો એટલે લગ્ન અને એકબીજાને મળવાની ઋતુ કહી શકાય. આ ઋતુમાં વધારે બોલવાની ટેવ હોય તો એનો સકારાત્મક ઉપયોગ કરી શકાય. લગ્નની વ્યવસ્થાના વખાણ કરવા જોઈએ, સંબંધીઓના વસ્ત્રોથી માંડીને બાળકોના વખાણ કરી શકાય. વખાણ તો સહુને વહાલા હોય, દર વખતે જ્ઞાન બતાવવાને બદલે સામાની ગમતી વાતો કરીને એને ખુશ કરવાનો પ્રયોગ કરી શકાય ક્યારેક અપ્રિય સત્યને બદલે પ્રિય અસત્યનો પ્રયોગ કરવો જોઈએ! ■

**ધ એન્ડઃ**

*માણસની ત્રણ અવસ્થા હોય છે, એને સાન્તા ક્લોઝ ગમે છે અથવા નથી ગમતો. ત્રીજી અવસ્થામાં એ પોતે સાન્તા ક્લોઝ બની જાય છે. (બોબ ફિલિપ્સ)*

વ્યંગ ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# છૂટાછેડાનું આવું કારણ કદી સાંભળ્યું છે?



'મિ. લોર્ડ , આવું ક્ષુલ્લક કારણ? કોર્ટના ઈતિહાસમાં આવું ક્યારેય સાંભળ્યું નથી..'

રાજુએ નકારમાં મસ્તક હલાવતા મને કહ્યું.

રાજુ રદ્દીએ મને જજ માની લીધો. વકીલ જેવો લાંબો ગાઉન ઠઠાડ્યો હતો. હાથમાં કાયદાના થોથાં હતા.રાજુ એટર્ની જેવો દેખાતો હતો.

'રાજુ, તું શેની વાત કરે છે? ધડમાથા વગરની વાત ન કર. સમજાય તેવી વાત કર.' મેં રાજુને કડકાઇથી કહ્યું.

'ગિરધરભાઇ, લગ્ન તો ઉપરથી નક્કી થાય છે અને ધરતી પર તેની વિધિ પૂરી થાય છે. આ બધું તો સમજ્યા, પણ છૂટાછેડાની વિધિ પાતાળમાં નક્કી થતી હશે કે શું?' રાજુએ પૂછ્યું.

'રાજુ, લગ્ન પછી પતિ-પત્ની વચ્ચે કારણ- સકારણ- અકારણ સંઘર્ષ થાય. સીરિયા- દક્ષિણ કોરિયાની જેમ ગૃહયુદ્ધ થાય.એક છત નીચે રહેવા છતાં પાણી અને પેટ્રોલ મિકસ ન થાય. માતા-પિતા, સગાસંબધી, મિત્રો સુલેહ માટે પ્રયત્ન કરે, પણ મન -મોતી ને કાચ ફેવિકોલથી પણ ચોંટતા નથી. પછી શું થાય? વકીલો અને પોલીસ કમાય!' મેં રાજુને ગૃહયુદ્ધનું વિશ્લેષણ કરી કહ્યું.

'ગિરધરભાઇ,તમે માનશો એક વાર મીઠું-નમક કમ ખાય તે જાહેર ન કરવાના કારણે છૂટાછેડા થઇ ગયા.' રાજુએ પદાર્થ આધારિત ડિવોર્સની વાત કરી.

'રાજુ,ડોમેસ્ટિક વાયોલન્સ નામે એક કાયદો છે. માની લો કે મહિલા અબળા છે. એને પતિ,સાસુ,સસરા, નણંદ, જેઠ,દિયર, દેરાણી, જેઠાણીના ત્રાસ, હેરાનગતિ સામે રક્ષણ આપવું જોઇએ. એનો ઇન્કાર પણ ન કરાય. પતિને પુરુષ હોવા છતાં અબળા સબળા બની હેરાન કરે, જીવન ધૂળધાણી કરી નાખે તેવા પત્નીપીડિત પતિ માટે કોઇ કોઇ કાયદાકીય જોગવાઈ નથી. બિચારો પત્ની અને કાયદા-ઘંટીના પડ વચ્ચે જિંદગીભર પિસાતો રહે છે. છૂટાછેડાની અરજી કર્યા પછી આ કોર્ટ, પેલી કોર્ટ, છેલ્લી કોર્ટના ચક્કરમાં ડોસો થઇ જાય તો પણ છૂટાછેડા ન મળે.' મેં પુરુષોની કરુણ દાસ્તાન વર્ણવી.

ગિરધરભાઇ, છૂટાછેડા લેવા માટે એક કરતાં વધુ કારણો બહાનાં હોય છે. પતિ કાળો હોય, સરકારી નોકરી ન હોય, માવડિયા હોય, વર્કોહોલિક હોય, બોચિયો હોય વગેરે. પત્ની પણ કમ ન હોય પાન, મસાલા ખાતી હોય, પતિની કપડાંની માફક ધોલાઇ કરતી હોય, (બાઉય ધ વે, પત્ની દ્વારા પતિને ફટકારવાના મામલે ભારત ત્રીજા નંબરે છે...!) રાજુ કુંવારો હતો છતાં છૂટાછેડા વિશે ગહન જ્ઞાન ધરાવતો હતો.

'રાજુ, ક્યારેક તો ક્ષુલ્લક કારણસર છૂટાછેડા થતા હોય છે. લગ્ન કરવા માટે ચટ મંગની પટ બ્યાહ એવું હોય છે. જો કે, છૂટાછેડા માટે આવું હોતું નથી. એક ભાઇને ત્રીસ દિવસના પ્રલંબ લગ્ન બાદ છૂટાછેડા લેવા માટે ત્રેવીસ વરસનો 'અલ્પ' સમય લાગ્યો હતો.' મે રાજુને છૂટાછેડા આસાન નથી તે સમજાવ્યું.

'ગિરધરભાઇ. તમે પરીક્ષામાં ચોરી કરવાના કારણે છૂટાછેડા થયા હોવાનું કદી સાંભળ્યું છે?' રાજુએ અઘરો સવાલ પૂછ્યો.

'રાજુ, છૂટાછેડા માટે છોકરી કાળી પડે, જાડી પડે, નીચી પડે, અભણ પડે, ગરીબ પડે,આડા સંબંધો હોય, દહેજ ઓછું પડે, વગેરે કારણ હોય, પણ પરીક્ષામાં ચોરી કરવાથી કોઇનો સંસાર બગડે એવું સાંભળ્યું નથી.'

ગિરધરભાઇ, પરીક્ષામાં ચોરી એ ચોરી થોડી કહેવાય? અમુક ગામમાં તો લાઉડ સ્પીકર પર સવાલનો જવાબ લખાવવાનું સદાવ્રત ચલાવે છે. આ કંઇ ગુનો થોડો છે? આપણા ગુજરાતમાં તો અમુક પરીક્ષા સેન્ટરો તો પરીક્ષા ચોરીની સાત્ત્વિક પ્રવૃત્તિના આધુનિક પરીક્ષા ચોરીના તીર્થધામ છે. પરીક્ષામાં તમને શું આવડે છે તેના કરતાં શું નથી આવડતું તેની પરીક્ષા લો તો છોકરા ચોરી ન કરે તો શું કરે? યુપી, બિહારમાં એક ઓરડામાં યુનિવર્સિટી ચાલે છે તે શીનાજોરી નથી?! રાજુએ શિક્ષણક્ષેત્રનું પેપર લીક કર્યું.

'રાજુ ,પેલા ડોકટરે તો એની પત્નીએ પરીક્ષા ચોરી કરી તેની શરમ થોડી અનુભવવાની હોય? એણે જવેલર્સની દુકાનમાંથી પંદર તોલા સોનું તફડાવ્યું હોય તો શરમ અનુભવે તે બરાબર કહેવાય, ઘણા ઉદ્યોગપતિ બેંકોમાંથી કરોડોની લોન લઇ લોન ભરે નહીં , છતાં કોલર ઊંચા કરી દેશમાં ફરે કે વિદેશ ભાગી જાય છે. પરીક્ષામાં ચોરી કરે તેના કરતાં તો આ ખરાબ જ કહેવાયને ? પેલાં ડોકટર પોતાની પત્ની ગ્રેજયુએટ થાય તેવું ઈચ્છે તો પરીક્ષાયજ્ઞમાં ચોરીનું ઘી હોમવામાં શેનો વાંધો લેવો જોઇએ? લગ્ન કરતા સમયે પત્નીને મદદ કરવાની સપ્તપદીની પ્રતિજ્ઞા લીધી તો પરીક્ષામાં ચોરી કરાવવાના મામલે હાથ કેવી રીતે ઊંચા કરી શકાય?'

'ગિરધરભાઇ ,પેલા ડોકટર મહાશય ભલેને મેડિકલ રિપ્રેઝેન્ટીવ પાસેથી સેમ્પલમાં મફતમાં મળેલી દવા પૈસા લઇને વેચી નાખે, ફાર્માસ્યુટિકલ કંપનીએ આપેલ ગિફ્ટ વાઉચરથી સિંગાપુર, થાઇલેંન્ડ ફરી આવે, સેમિનારમાં જઇ આવે , ફ્રી સીટમાં ભણીને દર્દીને ચીરી નાખે...' રાજુએ ડોકટરની માન્યતાનું પોસ્ટમોર્ટમ કરીએ નાખ્યું.


'રાજુ, ડોકટર તો સમજ્યા પણ પરીક્ષામાં કરેલી ચોરીને પ્રતિષ્ઠા પર કુઠુરાઘાત ગણી છૂટાછેડા મંજૂર કરનાર જજસાહેબની પેન-કલમ કેમ તૂટી ન ગઇ?'મેં કહ્યું .

'બની શકે કે જજની પત્ની કોલેજની પરીક્ષા આપતી નહીં હોય કે પરીક્ષામાં ચોરી ચપાટી નહીં કરી હોય'

પેલા ડોકટરની પત્નીને થયેલ અન્યાય સહન નહીં થવાથી રાજુ ચોધાર આંસુએ રડી પડ્યો. ■

તસવીરની આરપાર
ભાટી એન.
feedback@bombaysamachar.com

# વડોદરા (ટહુકો નગરી)ના ઈતિહાસ ને કલાત્મક વારસા પર દૃષ્ટિપાત કરીએ...









ગુર્જર વસુંધરા ગુજરાતનું અતિ રમણીય સંસ્કાર નગરી, કલાનગરી વડોદરામાં લાઈફસ્ટાઈલ નિરાળી છે. કલાકારોમાં ગુજરાતના મૂર્ધન્ય લેખક ગુણવંત શાહ વડોદરામાં રહેતા હતા અને તેમના આશિયાનાનું નામ 'ટહુકો' છે. આથી મને વડોદરા (ટહુકો નગરી) લાગે છે...! આ નગર ગાયકવાડ વંશના મરાઠા વડોદરા રાજ્યનું પાટનગર હતું. ગુજરાતનાં તમામ શહેરો પૈકી વડોદરામાં મરાઠીઓનો સમાજ મોટો જોવા મળે છે. વિશ્વામિત્રી નદીના કિનારે વસેલું નગર છે જેનું જૂનું નામ 'વટવટૂ' છે...! વડોદરાનું નામ સંસ્કૃત 'વટસ્ય ઉદરે' ઉપરથી ઊતરી આવ્યું હોવાનું માનવામાં આવે છે.! વિશ્વામિત્ર નદીના કિનારે ઘણા વડ (સંસ્કૃતઃ વટવૃક્ષ)નાં ઝાડ હોવાથી વડ હેઠળ વિકસેલું શહેર 'વટસ્ય ઉદરે' કાળક્રમે અપભ્રંશ થતાં થતાં વડોદરા થઈ ગયું છે. આથી વડોદરા રેલવે સ્ટેશનના મુખ્ય પ્રવેશ દ્વારથી પ્રવેશતા વિરાટ રેલવેને સોળે શણગાર સજાવી નાવીન્યતા લાવી છે. એકસ્ટ્રા ઓર્ડિનરી સ્ટેશન બહાર નીકળતા જ વચ્ચે અર્ધગોળાકાર વર્તુળમાં વિશાળ વડનું ઝાડ કલાત્મકતાથી બનાવેલ છે અને મોટો વડલોને તેની વડવાઈ પણ છે જે દૂરથી જોતા સ્પષ્ટ દેખાય છે...! વચ્ચે ક્લોક રાખેલ છે જે સચોટ સમય બતાવે છે. ઉપરના ભાગે હિન્દી-અંગ્રેજીમાં VADODARA લખેલ છે. તોરણ જેવી ફૂલવેલને ચોકલેટને ઓફ વ્હાઈટના કોમ્બિનેશનથી રંગેલું રેલવે સ્ટેશન વડોદરાને ચાર ચાંદ લગાવે છે.

વડોદરાને અંગ્રેજી લોકો બરોડા કહે છે...! વડોદરાનું બસ સ્ટેન્ડ V.V.I.P. કક્ષાનું અત્યાધુનિક બનાવેલ છે. શ્વેત રંગનું મનમોહક બસ સ્ટેન્ડમાં થોડી ગ્રામિણ છાંટ આપી જરા હટકે બનાવેલ છે. આમ વડોદરા પુરાણી સિટીની સાથે સાથે પ્રગતિશીલતા જોવા મળે છે. તો તેની બજારોમાં ચિત્રો બનાવીને નાળામાં સપ્તરંગી પટ્ટા લગાવી મેધાવીનગરી બનાવી છે. વડોદરાની વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી M. S. યુનિવર્સિટી ભવ્યતાતિ ભવ્ય ને પ્રાચીન છે. તેનો વિરાટ ડોમને લીધે તેની ગરિમા વધે છે જે રેલવે સ્ટેશન બહાર નીકળતા વોકિંગ ડિસ્ટન્સ છે. ત્યાંથી આગળ જતા કમાટી બાગ લીલીછમ હરિયાળી ને વૃક્ષોથી લચિત છે. તેમાં ઘણું બધું નિહાળવા જેવું છે. ખરેખર કમાટી બાગ મનમોહક છે. તેની સામેજ અર્ધગોળાકારમાં બનેલ મકાનની આગળ સ્ટેચ્યૂ રાખેલ જે જોવા જેવું છે. વડોદરાનું હાર્ટ (દિલ) 'સુરસાગર' તળાવ સિટીના મધ્યમાં આવેલ છે. આખું બાંધેલું ને લોખંડની રેલિંગ છે. ત્યાં રાત્રીની લાઈટિંગોથી પાણીમાં રેલાતો પ્રકાશ રોશનીમાં નવી જ આભા ઊભી કરે છે અને સુરસાગર તળાવ વચ્ચે શંકર ભોળાનાથ દેવાધિદેવ મહાદેવની વિરાટ પૂર્ણ કદની મૂર્તિ તળાવની આન, બાન, શાનમાં વધારો કરે છે અને શંકર ભગવાન પ્રત્યે આસ્થા, શ્રદ્ધાભાવ પ્રદર્શિત કરે છે. ત્યાં જ ૧૮૯૬માં મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા બનાવવામાં આવેલ ભવ્ય ઐતિહાસિક ઈમારત કે જે 'ન્યાય મંદિર' તરીકે ઓળખાય છે.

ઈ. સ. ૧૭૨૧માં પીલાજી ગાયકવાડ મુગલ સામ્રાજ્ય સામેથી વડોદરા ઉપર કબજો મેળવી વડોદરાને મરાઠી શાસન હેઠળ લાવ્યા. મરાઠી પેશ્વાએ ગાયકવાડને વડોદરા પર વહીવટ કરવાનો હક્ક આપ્યો. ઈ. સ. ૧૭૬૧માં મરાઠા સામ્રાજ્યના પેશ્વાનો અફઘાનો સામે પાણીપતનાં યુદ્ધમાં પરાજય પછી વડોદરાનું શાસન ગાયકવાડોના હસ્તક આવ્યું. ઈ. સ. ૧૮૦૨માં બ્રિટિશરો સાથે સંધિ પછી વડોદરા બ્રિટીશ સામ્રાજ્ય હેઠળ સ્વતંત્ર ગાયકવાડી શાસન હસ્તક રહ્યું. વડોદરાનો વિકાસ મુખ્યત્વે મહારાજા સયાજીરાવ ગાયકવાડના ફાળે જાય છે. તેમણે શૈક્ષણિક વિકાસ, અદ્યતન પુસ્તકાલય, યુનિવર્સિટી, ટેક્ષટાઈલ ઉદ્યોગો સ્થાપ્યા. આજે વડોદરા ગાયકવાડ રાજવીની શાન સમાન લક્ષ્મી નિવાસ પેલેસ ગુજરાતના મહાન પેલેસમાંનો એક છે. આ પેલેસ ભવ્યાતિ ભવ્ય છે. જેના ગુંબજો ટાવર અને કમાન લાજવાબ છે. તેના ભીત ચિત્રો દુર્લભ છે. આ પેલેસને નિહાળવા દેશ-વિદેશના સહેલાણીઓ આવે છે. બરોડા સિટી સ્વચ્છ, સુંદર ને સોહામણું શહેરમાં કીર્તિ મંદિર, લાલબાગ, મકબરા (હજીરા), મોતીબાગ મેદાન, દરવાજાઓ, ઇસ્કોન મંદિર, ખંડેરાવ માર્કેટ જેવાં સ્થળો જોવા જેવા છે. તો વડોદરામાં આવો તો ઘણાં પ્રવાસન સ્થળો અચૂક જોજો. (કોયલ ટહુકો નગર) ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## પિયા મિલન કો જાના...



પ્રેમ શાશ્વત ભાવના છે. પ્રેમિકાનાં મિલન માટે તરસતા હૈયા માટે ૮૫ વર્ષ પહેલાં પંકજ મલિકના સ્વરમાં ‘પિયા મિલન કો જાના, જગ કી લાજ, મન કી મૌજ, દોનોં કો નિભાના’ રજૂ થયું હતું. આજે અરિજિત સિંહ એન્ડ કંપનીના ગીતના શબ્દો, એની સ્વરરચના બદલાયાં છે, પણ મિલન માટેની એ તડપ ને એ તરસ અકબંધ છે. માણસ જ નહીં, અન્ય પ્રાણીઓમાં પણ પ્રેમની સરિતા કે ઘૂઘવતા સાગરનાં દૃષ્ટાંત જોવા મળે છે.

દિવાળી દરમિયાન જોની નામનો વાઘ ૩૦ દિવસમાં ૩૦૦ કિલોમીટર અભિસારણ (પ્રેમિકાને મળવાનો પ્રવાસ) કરી મહારાષ્ટ્રના નાંદેડથી તેલંગાણા સુંવાળો સહવાસ મેળવવા પહોંચી ગયો હતો. થલ (જમીન) પછી જલનાં પ્રાણી હમ્પબેક વ્હેલએ ‘હમ તેરે બિન અબ રહ નહીં સકતે’ ગણગણી ત્રણ સમુંદર પાર કરી પાત્ર મેળવવા સાઉથ અમેરિકાના કોલંબિયાથી આફ્રિકાના ઝાંઝીબાર સુધીની ૧૩ હજાર કિલોમીટર જળયાત્રા કરી. પ્રાણી વિશ્વની અજબ દુનિયાની ગજબ ઘટનાઓનો અભ્યાસ કરતાં વૈજ્ઞાનિકોએ આ અવનવી ઘટના જગત સામે મૂકી છે. ૨૩ વર્ષ પહેલાં માદા હમ્પબેક વ્હેલએ બ્રાઝિલથી મડાગાસ્કર સુધીનું ૯૮૦૦ કિલોમીટરનું અંતર કાપી ‘બસ એક સનમ ચાહીયે, આશિકી કે લિયે’ની ભાવના ઉજાગર કરી હતી. ૧૩ હજાર કિલોમીટરનું અંતર કાપનાર વ્હેલ નર છે. તો શું પ્રેમની ઉત્કટતા માદા કરતા નરમાં વધુ હોય છે?

વિચારવા જેવું ખરું!

## એક જ વાર જમજો, બે હજારની પ્લેટ છે!

સોશિયલ મીડિયાના જમાનામાં હવે લગ્નની કંકોતરીના રિવાજની બાદબાકી થઈ ગઈ છે. હા, સેમ્પલની કે શુકનની બાર - પંદર છાપવામાં આવે છે ખરી.

ઉત્તર ભારતના એક લગ્નની સોશિયલ મીડિયામાં વાયરલ થયેલી ત્રણ કાર્ડ ધરાવતી કંકોતરી રમૂજનો વિષય બની છે. આમંત્રણ આપતાં RSVP માટે ‘રિશ્તેદાર સારે વહી પકાઉ’ આવું લખી હાંસી ઉડાડવામાં આવી છે. મામા-મામીની બાજુમાં લખવામાં આવ્યું છે કે ‘મામેરું આ લોકો કરવાના હોવાથી તેમનાં નામ સૌથી ઉપર રાખ્યાં છે.’ કાયમ નારાજ રહેતા ફુઆ અને ફોઈ માટે ‘કંકાસના ઘરેલુ નિષ્ણાત’ એવી વ્યાખ્યા કરવામાં આવી છે. મહત્ત્વની સૂચના હેઠળ એવી રજૂઆત કરવામાં આવી છે કે ‘કોઈ ગિફ્ટ આપવી નહીં. ‘ગૂગલ પે’ અથવા રોકડા જ આપવા.’



Shaadi ho gayi, ab bari hai Bua aur Fufa ji ke kalesh ki!

Shaadi ka hangover abhi khatam nahi hua hai

RECEPTION

ka drama dekhne zaroor aaye

7:00 PM ONWARDS

(hum khud 8:30 baje tak aayenge)

RECEPTION KI GUIDELINES:

Please apne bachcho ko control kare, itna mehenga stage unka playground nahi hai

Fufafji se zaroor milke jaye, varna unka muh golgappe jaise phul jaata hai

Khaana khaake jaana, par sirf ek baar - 2,000/plate ki rate hai yaar

કાર્ડના બીજા હિસ્સામાં જણાવ્યું છે કે ‘લગ્નમાં જરૂરથી પધારજો, કારણ કે તમે નહીં આવો તો લગ્નના જમણવારની બદનામી કોણ કરશે?’

થોભો, હજી હસવાનું બાકી છે.

વર-વધૂના નામની બદલે ‘શર્માજી કી લડકી’ (પઢાઇ મે તેજ) અને ‘ગોપાલજી કા લડકા’ (બી. ટેક. કરકે દુકાન સંભાલતા હુઆ) એવું લખવામાં આવ્યું છે. હાઈલાઈટ હવે આવે છેઃ

રિસેપ્શનના આમંત્રણ નીચે લખવામાં આવ્યું છે કે ‘જરૂર જમીને જજો, પણ એક જ વાર - પ્લેટ બે હજાર રૂપિયામાં પડી છે.’ આવું કાર્ડ વાંચ્યા પછી લગ્નમાં કેટલા લોકો જશે એ અટકળનો વિષય છે.

## જબ પ્યાર કરે કોઈ તો દેખે કેવલ મન



પ્રેમગીતમાં જાવેદ અખ્તરે અત્યંત મુલાયમ પંક્તિઓ લખી છેઃ ‘ના ઉમ્ર કી સીમા હો, ના જન્મ કા હો બંધન, જબ પ્યાર કરે કોઈ તો દેખે કેવલ મન.’ યુએસએના ફિલાડેલ્ફિયા શહેરમાં રહેતાં ૧૦૦ વર્ષના દાદાજી બર્ની લિટમન અને ૧૦૨ વર્ષનાં માર્જોરી દાદીમા આ પંક્તિઓ જીવી જાણ્યાં છે. આયુષ્યની સદી વટાવ્યા પછી ૨૦૨ વર્ષની સંયુક્ત ઉંમર ધરાવતા દાદા-દાદી પ્રભુતામાં પગલાં માંડી પ્રેમની દુનિયામાં અને ‘ગિનેસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડસ’ માં અંકિત થઈ ગયાં છે. મિસ્ટર બર્ની અને મિસિસ માર્જોરી પરિણીત હતાં, પણ ૬૦ વર્ષના વૈવાહિક જીવન પછી દાદા અને દાદીમાએ પોતપોતાના જીવનસાથી ગુમાવી દીધા. એકલવાયું જીવન જીવતાં દાદા-દાદી વડીલો માટેના કમ્યુનિટી સેન્ટરમાં રહેવા આવ્યાં. પોતપોતાની એકલતા ટાળવા હમઉમ્ર અને સમદુખિયા વચ્ચે મનમેળાપ થાય એ સ્વાભાવિક હતું. મૈત્રી પ્રીતિમાં પરિણમી અને પ્રેમનું રૂપાંતર પરિણયમાં થયું. ‘જીવન મેં પિયા તેરા સાથ રહે, હાથો મેં તેરે મેરા હાથ રહે’નો સાક્ષાત્કાર જીવનમાં થાય એ મિલનની ઉચ્ચ ક્ષણ હોય છે.

## સ્યુસાઈડ હોમ્સઃ ધરતીમાતા રક્ષા કરશે



શ્રદ્ધા - અંધશ્રદ્ધા વચ્ચે એટલી પાતળી રેખા હોય છે કે સીમા ઉલ્લંઘન થયું હોવાનો ખ્યાલ પણ નથી આવતો. સાઉથ અમેરિકા (બ્રાઝિલ, આર્જેન્ટિના, મેક્સિકો ઇત્યાદિ)ના બોલિવિયા નામના દેશના સૌથી વધુ વસતિ ધરાવતા એલ આલ્તો (El Alto) શહેરની તાજેતરની ઘટના એના પર સર્ચ લાઈટ ધરવાનું કામ કરે છે.

વાત એમ છે કે પર્વતીય વિસ્તારમાં વસેલા આ શહેરને ક્લાઈમેટ ચેન્જ અને એને પગલે પડતા ધોધમાર વરસાદની એટલી ખરાબ અસર થઈ છે કે અનેક રહેવાસીઓનાં ખડક પરનાં ઘર નીચેની જમીન ધીરે ધીરે સરકી રહી છે. આખેઆખા ઘર ખીણમાં ધબાય નમઃ થવાના ભયની લટકતી તલવાર વચ્ચે લોકો જીવે છે. આ કારણસર એમનાં ઘર ‘સ્યુસાઈડ હોમ્સ’ - આત્મઘાતી ઘર તરીકે ઓળખાય છે. સ્થાનિક રહેવાસીઓ ધરતી માતાની દેવી તરીકે પૂજા-અર્ચના કરે છે. શહેરના મેયર સંભવિત જીવલેણ જોખમ જાણતા હોવાથી રહેવાસીઓને સ્થળાંતર કરવા સમજાવી રહ્યા છે, પણ પ્રજા ટસની મસ થવા તૈયાર નથી. આંગણામાં અગ્નિ પ્રગટાવી ધરતી માતાને અર્ઘ્ય આપી સાફ સાફ શબ્દોમાં કહી દે છે કે ‘અમે અહીંથી હલવાના નથી. જમીન ધસી નહીં પડે, કારણ કે અમે એની સેવામાં સમર્પિત છીએ. અમને ખાતરી છે કે ધરતીમાતા અમારું રક્ષણ કરશે.’

આને કહેવાય જબરી શ્રદ્ધા

## લ્યો કરો વાત!

*ક્રિકેટ ઑક્શન આંકડાથી આંખો અંજાઈ ગઈ હોય તો આ વાંચો. ગયા અઠવાડિયે અમેરિકામાં જુઆન સોટો નામના બેઝબોલ ખેલાડીને ૧૫ વર્ષ માટે ૭૬૫ મિલિયન ડૉલર (૬૩ અબજ ૫૦ કરોડ રૂપિયા)ની કિંમતે ‘ખરીદવામાં’ આવ્યો. અમેરિકામાં બાસ્કેટબોલની રમતમાં પણ આવા અઢળક પૈસા મળે છે. જેસન ટેટમ નામના ખેલાડી સાથે પાંચ વર્ષ માટે ૨૮૫ મિલિયન ડોલર (આશરે ૨૩ અબજ ૬૦ કરોડ રૂપિયા) આપી કૉન્ટ્રેક્ટ કરવામાં આવ્યો છે. આ વર્ષની ફૂટબોલ સિઝનમાં ફૂટબોલ પ્લેયર લિયોનલ મેસીને ૨૦.૪ મિલિયન ડૉલર ચૂકવવામાં આવ્યા. મેસીએ સિઝનમાં ૨૦ ગોલ કર્યા જેનો અર્થ એ થયો કે એક ગોલ કરવાના એક મિલિયન ડૉલર (૧૦ લાખ ડૉલર) મળ્યા...!* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**કટકી શું છે?**
* કમાણીની કી (ચાવી)...

**લગ્ન વિધિમાં સાત ફેરા કેમ ફરવામાં આવે છે?**
* સાત વાર હોવાથી...

**કમુરતામાં થતાં લગ્નને શું કહેવાય?**
* ફરમાઈશી મુહૂર્ત મહોત્સવ...

**પત્ની રિસાઈને પિયર કેમ જાય છે?**
* પતિના પિયરમાં અણગમો થાય ત્યારે જગા ફેર કરવા...

**શિયાળામાં પાક ખાવાનો ફાયદો શું?.**
* ખાનારની શક્તિ અને પાક વેચનારની સંપત્તિ વધે...

**સાયબર ફ્રોડ શું છે?**
* તસ્કરોનું મોડર્ન સ્ટાર્ટઅપ...

**વાડ ચીભડાં કેવી રીતે ગળે?**
* વાડના માલિક સાથે ગોઠવણ કરી હોયને ?!

**દૂરંદેશી દ્રષ્ટિ કોની પાસે હોય?**
* દૂરના નંબરવાળા ચશ્માં પહેરનાર પાસે....

**જુગાડ એટલે શું?**
* લાકડે માંકડું વળગાડવાનો શોર્ટ કટ...

**‘સાધુ’ શબ્દને કોણ બદનામ કરે છે ?**
* તક સાધુ...

**ચિંતન એટલે શું?**
* ચિંતાનો એક્સ -રે....

**ઠંડીમાં શું છુપાવી શકાય?**
* સ્વેટર કે કોટ નીચે જૂનું કે ફાટેલું શર્ટ...

**શેર બજારમાં રાતોરાત લખપતિ કોણ બની શકે?.**
* સટ્ટામાં લાખો ગુમાવનાર કરોડપતિ....

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# સાધુતા ને સંતત્વને કેવા શણગાર?

ઘણા સૌંદર્યથી છલકાતાં હોય તો ઘણાં એવાં પણ હોય છે જે સોળ શણગાર સજેલાં પણ ન શોભતાં હોય. ઘણાની સાદગીમાં જ સૌંદર્ય છલકાતું હોય, તેમને સૌંદર્યની તમન્ના જ ના હોય! તેમને શણગાર સજવા સાથે કોઈ મતલબ જ નથી હોતો! તેમાં સમાજના ઘણાં લોકો આવી જતા હોય અને જેમના ચહેરા પર ભક્તિની આભા જોવા મળતી હોય તેવા સંસારી સાધુ અને સંસારથી મુક્ત સાધુઓનો પણ સમાવેશ થતો હોય છે. એટલે જ ચોવક કહે છેઃ **‘સાધુયેં કે કેડી શોભા?’** અહીં પહેલા બે શબ્દ એક કરીએ ‘સાધુયેં કે’ એટલે સાધુઓને અને ‘કેડી’ એટલે કેવી. શબ્દાર્થ અને ભાવાર્થ વચ્ચે ખાસ અંતર નથી. અર્થ છે. શણગાર સજવા સાથે સંબંધ જ ન હોવો! સાધુતા અને સંતત્વને શણગાર કેવા?

ધોરી ધરાર આપણે જાણતા હોઈએ કે, કોઈ વ્યક્તિ ધરાર ખોટું જ બોલે છે, પણ તે એ રીતે બોલતા હોય છે કે, જાણે એ જે બોલે છે તે જ સાચું છે! આવી ઘણી વ્યક્તિઓ આપણી આસપાસ આપણા સમાજમાં જોવા મળતી હોય છે. એવી વ્યક્તિઓ માટે કટાક્ષ સભર ચોવક પ્રચલિત છેઃ **‘સચી જી ચોંધલ ભાકી મિડે. મરી ખુટા. તૂં હિક્ડો રેં.’** ‘સચી’ એટલે સત્ય ‘જી’ એટલે ની, ના, નું... વગેરે. ‘ચોંધલ’નો અર્થ થાય છે, બોલનાર, ‘ભાકી’ એટલે બાકી. ‘મિડે’નો અર્થ થાય છે. બધા. ‘મરી ખૂટા’ એટલે મરી પરવાર્યા. ‘તૂં હિકડો રેં’ આ ત્રણ શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ તું એક જ રહ્યો છો. શબ્દોના અર્થ જાણ્યા પછી ચોવકનો અર્થ સ્પષ્ટ થાય છે કે, સત્ય બોલનારા બધા જ મરી પરવાર્યા, હવે તું એક જ રહ્યો છે! અદ્‌ભુત કટાક્ષ ચોવકમાં જોવા મળે છે, પરંતુ ચોવકને કહેવું એટલું જ છે કે, સાચા બોલા હોવાનો દાવો કરનાર (વ્યક્તિ)!

એક બહુ સુંદર ચોવક છેઃ ‘વિંગે ચંદર કે સૌ કો નમેં’ અહીં પ્રયોજાયેલા ‘વિંગે’ શબ્દનો અર્થ થાય છેઃ વાંકો ‘ચંધર’ એટલે ચંદ્ર ‘કે’ એટલે ને અને ‘સૌ કો નમેં’ એ ત્રણ શબ્દોનો અર્થ થાય છેઃ સૌ કોઈ નમે (નમેઃ હાથ જોડે. પગે લાગે). શબ્દાર્થ છેઃ વાંકા ચંદ્રને સૌ કોઈ હાથ જોડીને પગે લાગે. અહીં મોટા ભાગે ‘બીજના ચંદ્ર’ની વિભાવના સમાયેલી હોય તેવું જણાય છે. બીજના ચંદ્રનું આધ્યાત્મિક મહત્ત્વ દેખાય છે, પરંતુ ચોવક એવો ભાવાર્થ ધરાવે છે કે : (કોઈ થી) ડર લાગવો. ડરમાં હાથ જોડી દૂરથી નમસ્કાર કરવા. એ કોઈ વ્યક્તિ, સમૂહ, બાબતે કે ઘટના કાંઈ પણ હોઈ શકે છે!

‘વિભેં હરેં ત અચે ખરેં’ ગુજરાતીમાં તેવી જ અર્થધારી કહેવત છેઃ જેવું વાવો તેવું લણો! તમે જોયું હશે કે, ખેડૂત જ્યારે પોંખ કરતો હોય ત્યારે અનાજના દાણા ધીરે ધીરે ચાસમાં નાખતો હોય છે, દાણા તેના અંતર અને પ્રમાણના ભાન સાથે નખાતા હોય છે. ચોવક એજ કહેવા માગે છે કે, યોગ્ય સમજ અને સભાનતા સાથે કરણી કરવી જોઈએ. કોઈ પ્રયાસનાં ફળ મેળવવાં હોય તો કરણીનું પ્રમાણભાન જાળવવું પડે છે. શબ્દોનો અર્થ જોઈએ.ઃ ‘વિભેં’ એટલે નાખવું (પોખવું) ‘હરેં’ એટલે ધીરેથી (પ્રમાણભાન જાળવવું) ‘તં’ એટલે તો. ‘અચે’નો અર્થ થાય છેઃ આવે, અને ‘ખરેં’ એટલે ખરવાડ. જો પ્રમાણભાન સાથે પોંખણાં કર્યાં હોય તો, તે પ્રમાણે જ અનાજ પાકીને ખરવાડમાં આવે!

અવળા રસ્તે ચઢી જનારા લોકો માટે એક ચોવક છેઃ ‘વાંણ કડે ચડી વ્યો’ ‘વાંણ’ એટલે વહાણ. ‘કડે’ એટલે ખોટા માર્ગે અને ‘ચડી વ્યો’ એ બે શબ્દોના સમૂહનો અર્થ થાય છેઃ ચડી જવું. શબ્દો પ્રમાણે અર્થ થાય છેઃ વહાણ ખોટા માર્ગે ચઢી ગયું. પરંતુ ભાવાર્થ જીવનરૂપી વહાણ સાથે સંબંધ ધરાવે છે. જીવન માર્ગમાં અવડે માર્ગે ચઢી ગયા પછીની સમજ કે પસ્તાવો ચોવક દર્શાવે છે. કોઈ અવળા માર્ગે ચઢી ગયું હોય ત્યારે સમાજના લોકો પણ તેની સ્થિતિ દર્શાવતાં કહે છેઃ ‘વાંણ કડે ચડી વ્યો.’ ■

## મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

### જીવનમાં સફળ થવા માટે બે શક્તિની જરૂર પડે

# એક સહનશક્તિ ને બીજી સમજશક્તિ

**સહનશીલતા એટલે કમજોરી નહીં.. એ તો અંદરની એવી તાકાત છે, જે બધા પાસે નથી હોતી**

**રોજબરોજની** ભાગદોડથી તમારું ગુસ્સે થવું સ્વાભાવિક છે. શક્ય છે કે એ દરમિયાન તમારા વર્તનથી નાના બાળકથી માંડીને વૃદ્ધો સુધી કોઈને તો દુઃખ થયું હોય. તમે જાતે જ સ્વીકારો કે તમારાથી ભૂલ થઈ છે. જેવી તમારી ભૂલ સ્વીકારશો, તમારું વર્તન સંયમિત થઈ જશે. તમને તમારી સહનશીલતાનો અનુભવ થશે. તમારી પ્રતિક્રિયા જવાબ ન આપે. ક્યારેક એવું બને કે તમે ઘરમાં જાઓ ત્યારે તમારો પુત્ર રડતો હોય. એના કકળાટના કારણે ઘરમાં ઘોંઘાટ થઈ ગયો હોય કે અવ્યવસ્થા સર્જાઈ હોય. આ સમયમાં તમારે પ્રતિક્રિયા તો આપવી પડશે. તમારી પ્રતિક્રિયાથી કોઈને એમ ન લાગે કે તમે એમને જવાબ આપી રહ્યા છો. એમને સહનશીલતાની ભેટ આપો.

ઘણી વખત એવું થાય છે કે ઘરેથી નીકળતી વખતે તમને ભીડભાડ, ઊબડખાબડ રસ્તા, ટ્રાફિક, નિયમોનો ભંગ કરતા લોકોને જોઈને ગુસ્સો આવતો હોય. આજે આ તમામ પરિસ્થિતિ વિરુદ્ધ તમે તમારી જાતને સહનશીલતાની ભેટ આપો. એવું પણ બને કે તમારી પોતાને આપેલી ભેટથી અન્યને ફાયદો થશે. વિશ્વાસ કરો, વિશ્વાસ જીતો.

ઘર હોય કે ઑફિસ અન્ય પર અધિકાર જતાવવાનો પ્રયત્ન ન કરો. કોઈને પણ જબરદસ્તીથી તમારી વાત માનવા મજબૂર ન કરો. તમારી આ સહનશીલતા લોકોનો વિશ્વાસ જીતવા માટે મદદગાર સાબિત થશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ક્યારેય અંગ્રેજોને પોતાની વાત માનવા દબાણ કર્યું ન હતું. એમણે માત્ર લોકોને આઝાદી મેળવવા જાગરૂક કર્યા અને લોકોનો વિશ્વાસ જીત્યો.



ઑફિસમાં પણ સહનશીલ રહો. ઑફિસમાં તમારી સહનશીલતા લોકો માટે કેટલી મોટી ભેટ સાબિત થઈ શકે છે. કામનો બોજ ગમે તેટલો હોય, પણ તેનાથી પરેશાન ન થાવ અને તીવ્ર પ્રતિક્રિયા ન આપો. આજે તમારું કામ વ્યવસ્થિત રીતે પૂરું કરવા માટે યોજના બનાવો. જરૂરિયાતના હિસાબે તમારા કામને પ્રાથમિકતા આપો, તેનાથી ઘણો ફાયદો થશે. મૌનને દૂર કરો. કામની વ્યસ્તતાના કારણે તમે તમારી ભાવનાઓ અન્ય લોકો સુધી પહોંચાડી શકતા નથી. આવું મૌન અવિશ્વાસ ઊભો કરે છે. આજે માત્ર પરિવાર જ નહીં, પાડોશીઓ અને મિત્રો વચ્ચે રહેલી મૌનની દીવાલ તોડી નાખો.

આજે એવી વાતો કરો જેમાં તમે તમારી લાગણીઓ વ્યક્ત કરવામાં તકલીફ અનુભવતા હો. જોકે સહનશીલતા અહીં પણ જરૂરી છે. ખાસ કરીને લોકોનો અભિપ્રાય સાંભળતી વખતે તો ખાસ સહનશીલતા જરૂરી છે. એમને માન આપવાનું ન ભૂલો. વ્યવસ્થાનું સન્માન કરો. તમારી આસપાસની દરેક વસ્તુ કે વ્યવસ્થા તમારા મત પ્રમાણે હોય તેવું શક્ય નથી. આવા સમયે અવ્યવસ્થાને કારણે ગુસ્સે થવાનું છોડી દો, કારણ કે તમે એકલા બધાને બદલી શકો તેમ નથી. તમે ખરેખર અવ્યવસ્થા બદલવા માગતો હો તો તેને બદલવાની શરૂઆત કરો. તમારામાં રહેલી સહનશીલતાને પારખીને લોકો તમને જરૂર મદદ કરશે. જોકે તેના માટે તમારે અન્યના વિચારો સાંભળવાની દરકાર રાખવી પડશે, જેમાં પણ સહનશીલતાની જરૂર પડશે.

સહનશીલતાની ચર્ચા થાય ત્યારે આપણા કાન ઊંચા થઈ જાય છે. આપણે વિચારીએ છીએ કે શું આપણાથી અન્યાય, દમન, ભ્રષ્ટાચાર અને આતંકવાદ પ્રત્યે સહનશીલ બનવાની તરફેણ તો નથી કરવામાં આવતીને! તેનો આપણે અસ્વીકાર કરી દઈએ તો પણ સહનશીલતાનું મહત્ત્વનું પાસું ઊભરે છે.

સહનશીલતાનું બૌદ્ધિક પાસું સૌથી મહત્ત્વપૂર્ણ છે. આપણે પોતાની સમજ અનુસાર જે સત્યને પામવાનો દાવો કરીએ છીએ તે અધૂરું જ હોય છે. સમગ્ર સત્ય કોઈના પણ હાથમાં આવતું નથી. ભૌતિક વિજ્ઞાન પણ કોઈ સત્ય અંતિમ હોવાનો દાવો કરતું નથી તેથી બૌદ્ધિક રૂપે વિપરીત વિચાર પ્રત્યે સહનશીલ હોવું જેટલું પ્રજાતંત્રની સફળતા માટે અનિવાર્ય છે તેના કરતાં પણ વધારે જ્ઞાનના વિકાસ માટે અનિવાર્ય છે. ■

# સાર્વત્રિક વેચવાલી વચ્ચે સેન્સેક્સે જોરદાર કડાકા સાથે ૮૦,૭૦૦ની સપાટી ગુમાવી, નિફ્ટી ૨૪,૩૫૦ની નીચે સરકયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિશ્વબજારના અસ્પષ્ટ સંકેત સાથે સ્થાનિક બજારમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેન્ક અને ઇન્ફોસિસ જેવા ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં વેચવાલીનું દબાણ વધી જતાં ભારે અફડાતફડીમાંથી પસાર થયા બાદ મંગળવારના દિવસે સેન્સેક્સમાં સત્રને અંતે ૧૦૪૬ પોઇન્ટનો કડાકો નોંધાયો છે. સેન્સેક્સ ૧૦૬૪.૧૨ પોઇન્ટ અથવા તો ૧.૩૦ ટકાના કડાકા સાથે મંગળવારે ૮૦,૬૮૪.૪૫ પોઇન્ટની સપાટીએ બંધ થયો હતો. દિવસ દરમિયાન તે ૧,૧૩૬.૩૭ પોઈન્ટ અથવા ૧.૩૯ ટકા ઘટીને ૮૦,૬૧૨.૨૦ પર આવી ગયો હતો. જ્યારે નિફ્ટી ૩૩૨.૨૫ પોઇન્ટ અથવા તો ૧.૩૯ ટકાના કડાકા સાથે ૨૪,૩૩૬ પોઇન્ટની સપાટીએ સેટલ થયો છે.

સેન્સેક્સના તમામ ત્રીસ શેર રેડ ઝોનામાં ધકેલાયા હતા. ભારતી એરટેલ, ઈન્ડસઇન્ડ બેન્ક, જેએસડબલ્યુ સ્ટીલ, ટીસીએસ, એશિયન પેઇન્ટસ, લાર્સન એન્ડ ટૂબ્રો, રિલાયન્સ ઇન્ડસ્ટ્રઈઝ અને એચડીએફસી બેન્ક ટોપ લુઝર્સ બન્યા હતા. આ સપ્તાહે નવ કંપની આઇપીઓ મારફત રૂ. ૩,૫૦૦ કરોડ એકત્ર કરશે. કોન્કોર્ડ એન્વાયરો સિસ્ટમ લિમિટેડ, પાવર સેકટરની કંપની ટ્રાન્સરેલ લાઈટિંગ લિમિટેડ, ડેમ કેપિટલ એડવાઈસર લિમિટેડ અને સનાથન ટેકસટાઇલ લિમિટેડ ૧૯ ડિસેમ્બરે મૂડીબજારમાં પ્રવેશી રહી છે. આ સપ્તાહે અનેક કંપનીઓનું લિસ્ટિંગ પણ થઇ રહ્યું છે. બ્લેકસ્ટોન અને પંચશીલ ગ્રુપ દ્વારા પ્રમોટેડ વેન્ટિવ હોસ્પિટાલિટી લિમિટેડ ૨૦ ડિસેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને આ રૂ. ૧૬૦૦ કરોડનું ભરણું ૨૪મી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૬૧૦થી રૂ. ૬૪૦ નક્કી થઈ છે, મિનિમમ લોટ ૨૩ શેરનો છે. શેરની ફાળવણી ૨૬મી ડિસેમ્બરના રોજ ફાઈનલ થવાની અપેક્ષા છે અને ૩૦મી ડિસેમ્બરે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ થશે.

ઓટોમોટીવ સેકટરમાં ટ્રેકટર્સ અને કન્સ્ટ્રકશન વ્હીકલ ક્ષેત્રે પ્રવૃત્ત કેરારો ઇન્ડિયા લિમિટેડ ૨૦ ડિસેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને આ રૂ. ૧૨૫ કરોડનું ભરણું ૨૪મી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૬૬૮થી રૂ. ૭૦૪ નક્કી થઈ છે, મિનિમમ લોટ ૨૧ શેરનો છે. શેરની ફાળવણી ૨૬મી ડિસેમ્બરના રોજ ફાઈનલ થવાની અપેક્ષા છે અને ૩૦મી ડિસેમ્બરે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ થશે. આરાધ્યા ડિસ્પોઝેબલે ડીઆરએચપી જમા કરાવ્યું છે.

ગેલ્વેનાઈઝ્ડ પાઈપ્સ, ટ્યુબ, શીટ્સમાં નિષ્ણાત ન્યૂમલયાલમ સ્ટીલ લિમિટેડ, ૧૯ ડિસેમ્બરે ૪૬.૪૦ લાખ ઇક્વિટી શેરની પ્રારંભિક જાહેર ઓફર સાથે મૂડીબજારમાં પ્રવેશ કરશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૮૫ થી રૂ. ૯૦ પ્રતિ શેર નક્કી થઇ છે, મિનિમમ લોટ ૧૬૦૦ શેરનો છે. એકત્ર ભંડોળનો ઉપયોગ આઇટી અને ટેકનોલોજી અપગ્રેડેશન અને સોવર ફેસિલિટીના એક્સાપન્શન માટે થશે.

કોર્પોરેટ હલચલમાં ઇન્ડોકો રેમેડિઝને યુએસએફડીએ તરફથી ગોવા પ્લાન્ટ માટે વોર્નિંગ લેટર મળ્યો છે. ડો. અગ્રવાલ આઈ હોસ્પિટલે બ્લેડમુક્ત લેસિક સર્જરી માટે અદ્યતન વેવલાઇટ એફએસ૨૦૦ ફેમટોસેકન્ડ લેસર સિસ્ટમનું લોન્ચિંગ કર્યું છે. આ ટેક્નોલોજી વિશ્વની સૌથી ઝડપી અને સચોટ લેસર સિસ્ટમ છે, જે બ્લેડમુક્ત લેસિક અને કોર્નિયલ સર્જરી માટે સચોટ અને પીડારહિત વિકલ્પ પૂરો પાડે છે. કોરોમન્ડલ ઇન્ટરનેશનલ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ ડ્રોન સ્પ્રેઇંગ સર્વિસ પૂરી પાડવા ભાગીદારી કરાર કર્યા છે.

મંગળવારે જોવા મળેલા કડાકા પાછળનું મુખ્ય કારણ અમેરિકાની ફેડરલ રિઝર્વની વ્યાજદરના નિર્ણય માટેની બેઠકની શરૂઆત અગાઉનું સાવચેતીનું માનસ માનવામાં આવે છે. નોંધવું રહ્યું કે, આ બેઠક વર્ષ ૨૦૨૪ની અંતિમ બેઠક હશે અને જાન્યુઆરી ૨૦૨૫માં ટ્રમ્પ નવા પ્રમુખ તરીકે વહીવટીતંત્ર સંભાળે તે પહેલાં, ફેડરલના ગવર્નર જેરોમ પોવેલ બુધવારે વ્યાજ દરોમાં વધુ ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરે તેવી શક્યતા છે.

આ અપેક્ષા સર્વવ્યાપક છે અને તેને આધારે જ નિફ્ટીએ આ મહિને પહેલેથી જ બે ટકાથી



વધુની તેજી નોંધાવી હોવાથી, વ્યાજદરના સંભવિત ઘટાડાની અસર મોટાભાગે બજારે પચાવી લીધી હોય એવું લાગે છે. બજારના નિષ્ણાતો કહે છે કે રોકાણકારો વ્યાજદરની કપાતને સ્થાને ફેડરલના ટોન પર ધ્યાન કેન્દ્રિત કરશે. જો ફેડરલનું વલણ હોકિશ જ રહેશે તો રેટ કટ એક નોન-ઇવેન્ટ બની રહે એવી પણ સંભાવના હોવાનું નિષ્ણાતોનું માનવું છે.

યુએસ ફેડરલ રિઝર્વની બેઠક પર વિશ્વભરની સેન્ટ્રલ બેંકોની નજર પર છે. આ ઉપરાંત ચીનની અર્થવ્યવસ્થામાં મંદીથી બજાર પણ નિરાશ છે, ખાસ કરીને ત્યાં વપરાશમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને કોર્પોરેટ અર્નિંગ્સ પણ નિરાશાજનક છે. આ તરફ ડોલર મજબૂત છે અને રૂપિયો નબળો પડી રહ્યો છે. રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે. સાથે જ ભારતની વેપાર ખાધ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગઈ છે જેના કારણે બજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

એશિયન બજારોમાં સિઓલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ નીચામાં સ્થિર થયા હતા. યુરોપિયન બજારો મોટાભાગે નકારાત્મક ક્ષેત્રમાં ટ્રેડ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટ સોમવારના રોજ મોટે ભાગે ઊંચા મથાળે બંધ રહ્યાં હતાં.

નિષ્ણાતો અનુસાર અમેરિકાની ફેડરલ, બીઓજે (બેન્ક ઓફ જાપાન), અને બીઓઆઇ (બેંક ઑફ ઇંગ્લેન્ડ)ના મુખ્ય નીતિગત નિર્ણયો પહેલા તમામ ક્ષેત્રોમાં વ્યાપક નિરાશાવાદ પ્રવર્તે છે. જ્યારે બજારે પહેલાથી જ યુએસ ફેડરલ તરફથી ૨૫ બેસિસની કપાતનું પરિબળ પચાવી લીધું છે, જોકે, તેના પર બજારની નજર મંડાયેલી છે. બીઓઇ અને બીઓજે મોટેભાગે તેમના વ્યાજદર યથાવત્ રાખે એવી સંભાવના છે. સાથે સાથે રૂપિયો અત્યાર સુધીના ઓલટાઇમ નીચા સ્તરે ગયો છે અને વિક્રમી ઊંચી વેપાર ખાધ દબાણને વધારી રહી છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) એ સોમવારે રૂ. ૨૭૮.૭૦ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૫૦ ટકા ઘટીને ૭૩.૫૮ ડોલર પ્રતિ બેરલ થયું છે. બીએસઇનો બેન્ચમાર્ક સોમવારે ૩૮૪.૫૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૮૧,૭૪૮.૫૭ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૦૦.૦૫ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૪,૬૬૮.૨૫ પર પહોંચી ગયો હતો.

શેરબજારમાં ભયાનક કડાકા સાથે વ્યાપક વેચવાલી વચ્ચે બધા સેકટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, માર્કેટ કેપમાં રૂ.૪.૯૩ લાખ કરોડનું ગાબડું નોંધાયું હતું અને યુટિલિટીઝ શેરો સૌથી અધિક ઘટ્યા હતા. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ગત સોમવારના ૮૧,૭૪૮.૫૭ના બંધથી ૧,૦૬૪.૧૨ પોઈન્ટ્સ (૧.૩૦ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૪.૯૩ લાખ કરોડ ઘટીને રૂ.૪૫૫.૧૩ લાખ કરોડ રહ્યું હતું.

સેન્સેક્સ ૮૧,૫૧૧.૮૧ ખૂલીને ઉપરમાં ૮૧,૬૧૩.૬૪ અને નીચામાં ૮૦,૬૧૨.૨૦ સુધી જઈને અંતે ૮૦,૬૮૪.૪૫ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

બીએસઈ સેન્સેક્સની ત્રીસે ત્રીસ સ્ક્રિપ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૧૦૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૫૭૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૪૪૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૮૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૭૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૬૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૨ ટકા ઘટ્યા હતા.

સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૦૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૮૩ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં યુટિલિટીઝ ૨.૧૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૭૭ ટકા, ટેક ૧.૭ ટકા, સર્વિસીસ ૧.૬૪ ટકા, રિયલ્ટી ૧.૫૯ ટકા, પાવર ૧.૩૯ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૩૭ ટકા, મેટલ ૧.૩૩ ટકા, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ૧.૨૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૦૭ ટકા, હેલ્થકેર ૧.૦૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૯૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૯૨ ટકા, એફએમસીજી ૦.૮૮ ટકા, એનર્જી ૦.૭૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૨ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૫ ટકા, કોમોડિટીઝ ૦.૪૯ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૪૪ ટકા, બેન્કેક્સ ૦.૪૪ ટકા અને ઓટો ૦.૦૬ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુક્યત્વે ભારતી એરટેલ ૨.૮૩ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૨.૪૬ ટકા, જેએસડબલ્યુ સ્ટીલ ૨.૪૦ ટકા, તાતા કન્સલ્ટન્સી ૨.૦૭ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૯૪ ટકા, બજાજ ફિનસર્વ ૧.૮૩ ટકા, રિલાયન્સ ૧.૮૧ ટકા, લાર્સન ૧.૮૦ ટકા, નેસ્લે ૧.૭૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૭૧ ટકા, મારુતિ ૧.૫૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૫૫ ટકા, તાતા સ્ટીલ ૧.૫૨ ટકા, પાવર ગ્રીડ ૧.૪૩ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૩૪ ટકા, એક્સિસ બેન્ક ૧.૨૭ ટકા અને સ્ટેટ બેન્ક ૧.૨૨ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં મંગળવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૨૧૨.૦૬ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૪૦૫ સોદામાં ૨,૬૦૫ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૮૯,૨૬૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૫,૦૭,૪૩૦.૪૪ કરોડનું રહ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં સાંકડી વધઘટે અથડાઈને ટકેલું વલણ

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો કોન્સોલિડેટ થવાની સાથે સાંકડી વધઘટે અથડાઈને ગઈકાલના બંધ આસપાસની ૮૪.૯૧ની સપાટીએ ટકેલા ધોરણે બંધ રહ્યો હતો. આજે ખાસ કરીને ભારતનાં નબળા ટ્રેડ ડેટા અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈને કારણે રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે આર્થિક વૃદ્ધિની ચિંતા અને આયાતકારો તથા વિદેશી બૅન્કોની ડૉલરમાં માગ રહેતાં આગામી દિવસોમાં રૂપિયો વધુ દબાણ હેઠળ રહે તેવી શક્યતા જણાય છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૯૧ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૪.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૯૩ અને ઉપરમાં ૮૪.૮૮ની સાંકડી રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના ૮૪.૯૧ના મથાળે જ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા તૂટ્યો હતો. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલીના દબાણ ને ધ્યાનમાં લેતાં રૂપિયો વધુ દબાણ હેઠળ આવે તેવી શક્યતા બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. વધુમાં ગત નવેમ્બર મહિનામાં દેશની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૪.૮૫ ટકા ઘટીને ૩૨.૧૧ અબજ ડૉલરની સપાટીએ રહેવાની સાથે ગત નવેમ્બરમાં દેશમાં સોનાની આયાત ચાર ગણી વધીને ૧૪.૮૬ અબજ ડૉલરની સપાટીએ રહેતાં વેપાર ખાધ વધીને ૩૨.૧૧ અબજ ડૉલર (૩.૪૪ અબજ ડૉલર)ની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચી હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા પણ રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૭ ટકા વધીને ૧૦૭.૦૩ની સપાટીએ રહ્યો હતો. તેમ જ સ્થાનિકમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૦૬૪.૧૨ પૉઈન્ટનો અને ૩૩૨.૨૫ પૉઈન્ટનો કડાકો બોલાઈ જવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૭૮.૭૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪૯ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૫૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં મોટુ ધોવાણ અટક્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### વર્ષ ૨૦૨૫માં ફેડરલ વ્યાજદર કપાતમાં સાવચેતી અપનાવે તેવી ભીતિ

## સોનામાં ₹ ૫૪૬નો અને ચાંદીમાં ₹ ૯૯૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની આવતીકાલે સમાપન થનારી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ વર્ષ ૨૦૨૫માં ખાસ કરીને રેટ કટ બાબતે સાવચેતીનો અભિગમ અપનાવે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૪૪થી ૫૪૬નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૯૯૫ તૂટીને ૮૯,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૯૯૦ના ઘટાડા સાથે રૂ. ૮૯,૦૦૦ની અંદર ઊતરીને રૂ. ૮૮,૫૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલી સામે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં હાજરમાં વેરા રહિત ધોરણે



૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ રૂ. ૫૪૪ ઘટીને રૂ. ૭૬,૦૫૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૪૬ ઘટીને રૂ. ૭૬,૩૬૨ના મથાળે રહ્યા હતા.

ફેડરલની નિર્ણાયક બેઠક પૂર્વે આજે લંડન ખાતે સત્રના આરંભે વર્ષ ૨૦૨૫માં રેટ કટમાં સાવચેતીનું વલણ અપનાવવામાં આવે તેવી ભીતિ સપાટી પર આવતા હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬૩૯.૨૨ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ૨૬૫૪.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આવતીકાલે સમાપન થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવામાં આવે તેવી પ્રબળ શક્યતા બજાર વર્તુળો મુકી રહ્યા છે, જોકે બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલ તેના વકતવ્યમાં વર્ષ ૨૦૨૫ના પહેલા છમાસિકગાળામાં કેવું નીતિવિષયક વલણ અપનાવશે તેનાં નિર્દેશો પર બજારની મીટ હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝના વિશ્લેષક જીગર ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી દિવસોમાં સોનાના ભાવમાં ટેક્નિકલ કરેક્શન જોવા મળી શકે છે, પરંતુ તેને ખરીદીની તક ગણી શકાય.

નોંધનીય બાબત એ છે કે ફેડરલની બેઠક આજથી શરૂ થઈ રહી છે, પરંતુ રેટ કટ અંગેના નિર્ણયની જાહેરાત આવતીકાલે (બુધવારે)થશે.જોકે, આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૯૫.૪ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે, જ્યારે જાન્યુઆરી મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવી માત્ર ૧૬.૩ ટકા શક્યતા ટ્રેડરો જોઈ રહ્યા છે.

જોકે, રોકાણકારોની નજર આગામી ૧૯મી ડિસેમ્બરની બૅન્ક ઑફ જાપાન, બૅન્ક ઑફ ઈંગ્લેન્ડ, રિક્સબૅન્ક અને નોર્જેસ બૅન્કની નીતિવિષયક બેઠક પર છે. તેમ જ યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક પણ જો ફુગાવો બે ટકાની લક્ષ્યાંકિત સપાટી આસપાસ રહેશે તો આગામી વર્ષે વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે. વધુમાં તાજેતરમાં વૈશ્વિક સોનાને મધ્યપૂર્વના દેશોના રાજકીય-ભૌગોલિક તણાવને કારણે સલામતી માટેની માગનો પણ ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૩૦થી ૩૩૮૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવવાની સાથે રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ટકેલા રહ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવવાની સાથે રિટેલ સ્તરની માગને ટેકે તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૫૨૨થી ૩૬૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૬થી ૩૭૯૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## વિશ્વ બજાર પાછળ દેશી-આયાતી તેલમાં પીછેહઠ

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં ગઈકાલે અનુક્રમે ૮૯ સેન્ટનો અને ૯૨ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ફેબ્રુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૨૫ અને ૩૪ રિંગિટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો માત્ર ખપપૂરતા રહેતા દેશી-આયાતી તેલમાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો, જેમાં ૧૦ કિલોદીઠ સરસવમાં રૂ. ૨૦, સોયા રિફાઈન્ડ અને કપાસિયા તેલમાં રૂ. ૧૦ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ ધોરણે જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૦૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૧, એડબ્લ્યુએલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦થી ૧૨૬૦ અને સનફ્લાવર રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦થી ૧૩૬૦ અને ગોકુલના આરબીડી પામોલિનના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૩૮૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર પાંખાં હતાં. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૫, સિંગતેલના રૂ. ૧૪૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૩૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૨૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૭૫માં થયા હતા. તેમ જ આજે રાજસ્થાનમાં સરસવની અંદાજે ૮૦,૦૦૦ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૪૭૫થી ૬૫૦૦માં થયા હતા. આ સિવાય સરસવ એક્સપેલર અને કચ્ચી ઘાણીના વેપાર અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૧૪ અને રૂ. ૧૩૨૪માં અને સરસવ ખોળના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૩૦૦થી ૨૩૦૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની આર્થિક વૃદ્ધિની ચિંતા હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. તેમ જ તેની આગેવાની હેઠળ પાંખાં કામકાજો વચ્ચે કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વેરાઈટીઓ તથા ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે ખાસ કરીને ચીનની આર્થિક વૃદ્ધિની ચિંતા હેઠળ કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે એક ટકો ઘટીને ટનદીઠ ૮૯૭૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિકમાં પણ ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૩૫૦ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૨૫૫૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલી રહેતાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૧૬ અને રૂ. ૨૮૮ તથા કોપર સ્ક્રેપ હેવી, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૭૮, રૂ. ૫૬૩ અને રૂ. ૨૪૬ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આકાશ-બુમરાહે તો ફૉલો-ઑનથી બચાવ્યા, હવે મેઘરાજા પણ બચાવી લે તો સારું

## આજે બેથી પચીસ મિલીમીટર વરસાદ પડવાની આગાહીઃ ભારતને ૩૦૦-પ્લસનો પડકારરૂપ લક્ષ્યાંક મળી શકે

બ્રિસ્બેનઃ અહીં ગૅબા ખાતે બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં સિરીઝની ત્રીજી ટેસ્ટના મંગળવારના ચોથા દિવસે પેસ બોલર આકાશ દીપ (૨૭ નૉટઆઉટ, ૩૧ બૉલ, એક સિક્સર, બે ફોર) અને વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહ (૧૦ નૉટઆઉટ, ૨૭ બૉલ, એક સિક્સર)ની જોડીએ ટીમ ઇન્ડિયાને ફૉલો-ઑનની નામોશીથી બચાવી લીધી હતી, પરંતુ હવે વરસાદના વિઘ્નોવાળી આ ટેસ્ટમાં મેઘરાજા થોડા વધુ મહેરબાન થાય અને બુધવારના અંતિમ દિવસે પણ વરસાદ વરસાવીને મૅચને ડ્રૉમાં લઈ જવા માટેનો માર્ગ મોકળો કરી આપે અને ભારત પરાજયની નાલેશીથી બચી જાય તો સારું, એવી આશા કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓએ રાખી હશે.


આકાશ દીપ (જમણે) અને બુમરાહ (બીસીસીઆઇ)


હાફ સેન્ચુરી પછી જાડેજાની 'તલવારબાજી'

મંગળવારે ચોથા દિવસે બૅડ લાઇટને કારણે રમત વહેલી પૂરી કરવામાં આવી ત્યારે ભારતનો પ્રથમ દાવનો સ્કોર નવ વિકેટે ૨૫૨ રન હતો. આકાશ અને બુમરાહની જોડી વચ્ચે છેલ્લી વિકેટ માટે ૩૯ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

મંગળવારની ચોથા દિવસની રમતને અંતે ભારતીયો યજમાન ટીમથી હજી ૧૯૩ રન પાછળ હતા. અગિયારમા નંબરના આકાશ અને દસમા ક્રમના બુમરાહની જોડી ૨૫૨ રનમાં બીજા કેટલા રન જોડશે એના પર આધાર છે. મેઘરાજા નહીં નડે તો ઑસ્ટ્રેલિયા બીજા દાવમાં ઝડપથી ૧૫૦થી ૨૦૦ જેટલા રન બનાવીને ભારતને ૩૦૦-પ્લસનો પડકારરૂપ લક્ષ્યાંક આપશે તો નવાઈ નહીં લાગે.

ભારતે ફૉલો-ઑનથી બચવા માટે ૨૪૬ રન બનાવવાના હતા અને આકાશ-બુમરાહની જોડીએ એમાં ટીમની આબરૂ સાચવી લીધી હતી. તેમની જોડીએ ઑસ્ટ્રેલિયાને બીજા દાવમાં બૅટિંગ માટે મેદાન પર ઉતરવાની ફરજ પાડી છે. રવીન્દ્ર જાડેજાની નવમી વિકેટ ૨૧૩ રનના ટીમ-સ્કોર પર પડી હતી અને ત્યાર બાદ આકાશ-બુમરાહે રમતના અંત સુધી બન્ને છેડા સાચવી રાખ્યા હતા.

આ ટેસ્ટમાં ચાર દિવસ થઈ ગયા છે અને હજી પહેલી આખી ઇનિંગ્સ પણ પૂરી નથી થઈ. બુધવારના છેલ્લા દિવસે કુલ ૯૮ ઓવર બોલિંગ થવી જોઈશે. જોકે ચોંકાવી દે એવી હકીકત એ છે કે પહેલા ચાર દિવસમાં કુલ ૩૬૦ ઓવર સામે ફક્ત ૧૯૨ ઓવર બોલિંગ થઈ શકી છે.

બુધવારે ટેસ્ટના આખરી દિવસે બે મિલીમીટરથી પચીસ મિલીમીટર વરસાદ પડવાની સંભાવના બ્રિસબેનની વેધશાળાએ બતાવી છે. મંગળવારના ચોથા દિવસે જે આગાહી કરાઈ હતી એવું જ બન્યું અને આખા દિવસમાં કુલ ફક્ત ૫૮ ઓવર થઈ શકી હતી.

ઑસ્ટ્રેલિયાના બ્યૂરો ઑફ મીટિયૉરોલૉજીના જણાવ્યા મુજબ બુધવારે (મૅચના અંતિમ દિવસે) બ્રિસ્બેનમાં ઠંડા પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે.

ચારમાંથી ફક્ત એક જ દિવસે (મૅચના બીજા દિવસે) પૂરી ૯૦ ઓવર બોલિંગ થઈ શકી હતી. એ દિવસે ટ્રેવિસ હેડ (૧૫૨ રન) અને સ્ટીવ સ્મિથ (૧૦૧ રન)ને કારણે ઑસ્ટ્રેલિયાએ મૅચ પર પકડ જમાવી હતી અને પ્રથમ દાવમાં એનો સ્કોર ૪૪૫ રન સુધી પહોંચ્યો હતો.

જોકે ભારતીય ટીમ ૨૫૨/૯ના સ્કોર છતાં હજી કાંગારૂઓથી ૧૯૩ રન પાછળ છે. ફાસ્ટ બોલર જૉશ હૅઝલવૂડ ઈજાગ્રસ્ત હોવાથી ઑસ્ટ્રેલિયાને મંગળવારથી જ એક બોલરની ગેરહાજરી નડી રહી છે.

ઉલ્લેખનીય છે કે ઓપનર કેએલ રાહુલે ૧૩૯ બૉલમાં આઠ ફોરની મદદથી ૮૪ રન બનાવીને અને રવીન્દ્ર જાડેજાએ ૧૨૩ બૉલમાં એક સિક્સર તથા સાત ફોરની મદદથી ૭૭ રન બનાવીને ઑસ્ટ્રેલિયન બોલર્સને જોરદાર લડત આપી હતી. નીતીશ રેડ્ડી (૬૧ બૉલમાં ૧૬ રન)નો પણ જાડેજાને સારો સાથે મળ્યો હતો. મંગળવારની રમતના છેલ્લા તબક્કામાં આકાશ-બુમરાહે ભારતને ફૉલો-ઑનથી બચાવીને રાહુલ, જાડેજા, રેડ્ડી ત્રણેયની મહેનત પર પાણી નહોતું ફરવા દીધું. આકાશ ફોર ફટકારીને ફૉલો-ઑન ટાળ્યું હતું, જ્યારે ત્યાર બાદ આકાશે કૅપ્ટન પૅટ કમિન્સના જ બૉલમાં છગ્ગો ફટકારીને પોતાની બૅટિંગ-તાકાતનો પરચો કરાવી દીધો હતો.


રાહુલ-જાડેજા વચ્ચે ૧૧૫ બૉલમાં ૬૭ રનની, જાડેજા-રેડ્ડી વચ્ચે ૧૦૪ બૉલમાં ૫૩ રનની, જાડેજા-સિરાજ વચ્ચે ૧૯ બૉલમાં સાત રનની, જાડેજા-બુમરાહ વચ્ચે ૧૮ બૉલમાં ૧૨ રનની ભાગીદારી થઈ હતી. આકાશ-બુમરાહ વચ્ચે ૩૯ રનની અતૂટ ભાગીદારી ૫૪ બૉલમાં બની છે.


ટીમ ઇન્ડિયામાં બીજા કોઈ ટોચના બૅટર (ખાસ કરીને ટૉપ-ઑર્ડરના ખેલાડીઓ) સારું ન રમ્યા એને કારણે ભારત મુશ્કેલીમાં આવી ગયું હતું. ■

# મળો કેરળના ૬૧ વર્ષના ચેસ ખેલાડીને, વર્લ્ડ ચૅમ્પિયન ગુકેશ સામે તેઓ હંમેશાં જીત્યા જ છે!

## અનિલકુમાર સાત વખત કેરળના ચેસ ચૅમ્પિયન બન્યા છે, હાલમાં યુવા વર્ગને કોચિંગ આપે છે

કોચીઃ ચેન્નઈના ડી. ગુકેશે માત્ર ૧૮ વર્ષની ઉંમરે વર્લ્ડ ચૅમ્પિયન બનીને સમગ્ર જગતને ચોંકાવી દીધું છે. તે વિશ્વનાથન આનંદ પછી ભારતનો બીજો વિશ્વ વિજેતા તો છે જ, તે ચેસ જગતનો યંગેસ્ટ વર્લ્ડ ચૅમ્પિયન પણ બન્યો છે. ગયા ગુરુવારે તેણે સિંગાપોરમાં ચીનના ડિન્ગ લિરેનને ૭.૫-૬.૫થી હરાવીને ચેસના શહેનશાહ તરીકેનો તાજ જીતી લીધો હતો. જોકે એક હકીકત એવી છે જે ચેસપ્રેમીઓને ચોંકાવી દેશે.


અનિલકુમાર (ઉપર) અને ડી. ગુકેશ (નીચે)



કેરળના અનિલકુમાર નામના ચેસ ખેલાડી ૬૧ વર્ષના છે અને ભૂતકાળમાં તેઓ ડી. ગુકેશ સામે ત્રણ વાર રમ્યા હતા અને ત્રણેય વાર તેમણે ગુકેશને હરાવ્યો હતો.

સાત વખત કેરળ રાજ્યના ચૅમ્પિયન બની ચૂકેલા પૌઢ વયના અનિલકુમાર ચેસ વર્લ્ડમાં 'ઑટી' તરીકે ઓળખાય છે. તેઓ ઉત્તર કેરળના કોઝીકોડ શહેરના છે.

૨૦૧૫માં ગુકેશ માત્ર નવ વર્ષનો હતો અને અનિલકુમાર બાવન વર્ષના હતા. એ વર્ષમાં અનિલકુમારે ગુકેશને સતત ત્રીજી વખત હરાવ્યો હતો.

અનિલકુમારે ગુકેશને ત્રણમાંથી એક વાર રાષ્ટ્રીય સ્પર્ધામાં પરાજિત કર્યો હતો. જોકે ત્યાર બાદ ગુકેશે પોતાની ગેમમાં સતત સુધારો કર્યો અને સફળતાની એક પછી એક સીડી ચડતો ગયો અને ગયા અઠવાડિયે ચેસના સર્વોત્તમ શિખર પર પહોંચી ગયો હતો. અનિલકુમાર સામે ૨૦૧૫માં જ્યારે ગુકેશ ત્રીજી વાર હાર્યો હતો ત્યારે ગુકેશના પિતા રજનીકાંતે અનિલકુમારને એવું પણ કહ્યું હતું કે 'મારો દીકરો તમને ક્યારેય હરાવી જ નથી શકતો.'

ગયા ગુરુવારે ગુકેશે વર્લ્ડ ચૅમ્પિયન બન્યા બાદ સિંગાપોરની હોટેલના કૉરિડોરમાં પિતા રજનીકાંતને હર્ષના આંસુ સાથે ખૂબ ભેટ્યો એનો વીડિયો વાઇરલ થયો છે અને અનિલકુમાર એ વીડિયો જોઈને ખુશ થયા હતા. તેમણે 'બાળક' ગુકેશને ત્રણ વાર હરાવ્યો હતો, પરંતુ ૧૮ વર્ષનો ટીનેજર ગુકેશ હવે ચેસ વિશ્વનો સરતાજ બન્યો એ જોઈને અનિલકુમાર ભાવુક થઈ ગયા અને 'તે અને ડિન્ગ, બન્ને ખૂબ સરસ રમ્યા. ગુકેશ વિશ્વનો સૌથી યુવા ચૅમ્પિયન બન્યો એ અદભુત કહેવાય.' એવું એક અહેવાલમાં તેમને કહેતા ટાંકવામાં આવ્યા હતા.

અનિલકુમાર ૨૦૦૬ની સાલમાં ૪૩ વર્ષની ઉંમરે ૨,૩૧૬ ઇએલઓ રેટિંગના આંકડા પર પહોંચી ગયા હતા. યોગાનુયોગ, એ જ વર્ષ (૨૦૦૬)માં ગુકેશનો જન્મ થયો હતો.


ગુકેશે સાત વર્ષની ઉંમરે (૨૦૧૩માં) ચેસ રમવાનું શરૂ કર્યું હતું. ગુકેશ સામે અનિલકુમાર જ્યારે પહેલી વાર રમ્યા ત્યારે તેમના રેટિંગ ૨,૧૦૦ હતા, જ્યારે ગુકેશ એક પછી એક સ્પર્ધા જીતીને ૨,૦૦૦ના આંકડા પર પહોંચી ગયો હતો. ૨૦૧૭ની સાલ સુધીમાં ગુકેશે ઇએલઓ રેટિંગમાં અનિલકુમારના સર્વશ્રેષ્ઠ આંકડાને ઓળંગી લીધો હતો. હાલમાં ગુકેશ વર્લ્ડ ચૅમ્પિયન બની ગયો છે, પરંતુ ફિડે (ઇન્ટરનૅશનલ ચેસ ફેડરેશન)ની રૅન્કિંગની યાદીમાં ૨,૭૮૩ પૉઇન્ટ સાથે પાંચમા નંબરે છે. નોર્વેનો મૅગ્નસ કાર્લસન (૨,૮૩૧) પ્રથમ નંબરે છે. ભારતનો અર્જુન એરીગૈસી ૨,૮૦૧ પૉઇન્ટ સાથે ગુકેશથી એક સ્થાન આગળ છે.

બાય ધ વે, અનિલકુમાર હજી પણ ચેસ રમે છે અને યુવા વર્ગને કોચિંગ પણ આપે છે. ■

# પૅટ કમિન્સે વેસ્ટ ઇન્ડિઝના ગૅરી સોબર્સનો રેકૉર્ડ તોડ્યો

## કૅપ્ટન તરીકે સૌથી વધુ ટેસ્ટ-વિકેટ લેનારાઓમાં હવે ત્રીજા નંબર પર આવી ગયો

બ્રિસ્બેનઃ અહીં ગૅબામાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ મેઘરાજાની મહેરબાની વચ્ચે રોમાંચક તબક્કામાં પહોંચી છે અને એમાં એક અનોખો વિક્રમ પણ રચાયો છે. ઑસ્ટ્રેલિયાનો પૅટ કમિન્સ ટેસ્ટ-ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ લેનાર કૅપ્ટનોમાં ત્રીજા નંબર પર આવી ગયો છે. તે વેસ્ટ ઇન્ડિઝના મહાન ઑલરાઉન્ડર સર ગૅરી સોબર્સથી આગળ નીકળી ગયો છે.



કમિન્સે કૅપ્ટન તરીકે ૧૧૯ વિકેટ લીધી છે. સોબર્સે સુકાની તરીકે ૧૧૭ ટેસ્ટ વિકેટ લીધી હતી. હવે કમિન્સથી માત્ર બે ખેલાડી આગળ છે.

આ લિસ્ટમાં ઇમરાન ખાન ૧૮૭ વિકેટ સાથે મોખરે છે.

કમિન્સે ઑસ્ટ્રેલિયા વતી ૩૦ ટેસ્ટમાં સુકાન સંભાળ્યું છે. એમાંથી ૧૮ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયા જીત્યું છે અને ફક્ત સાત ટેસ્ટમાં હાર્યું છે. તેણે કૅપ્ટન્સીવાળી ટેસ્ટ મૅચોમાં કુલ ૧૧૯ વિકેટ લીધી છે. તેણે આઠ વાર દાવમાં પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવી છે. ■

**ટેસ્ટ-ક્રિકેટમાં કૅપ્ટન તરીકે કોની સૌથી વધુ વિકેટ**

(૧) ઇમરાન ખાન (પાકિસ્તાન): ૧૮૭ વિકેટ
(૨) રિચી બેનૉ (ઑસ્ટ્રેલિયા): ૧૩૮ વિકેટ
(૩) પૅટ કમિન્સ (ઑસ્ટ્રેલિયા): ૧૧૯ વિકેટ
(૪) ગૅરી સોબર્સ (વેસ્ટ ઇન્ડિઝ): ૧૧૭ વિકેટ
(૫) ડેનિયલ વેટોરી (ન્યૂ ઝીલૅન્ડ): ૧૧૬ વિકેટ ■

# ...તો પણ ભારત ફાઇનલમાં જઈ શકે

બ્રિસ્બેનઃ અહીં ગૅબામાં ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝની ત્રીજી ટેસ્ટ ડ્રૉમાં જવાની શક્યતા વધુ લાગતી હોવાથી જો આ મૅચનું એ જ (ડ્રૉનું) પરિણામ આવશે તો પણ ભારતને વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની ફાઇનલમાં પહોંચવાની તક મળશે. બન્ને ટીમ મંગળવાર સુધી ૧-૧ની બરાબરીમાં હતી. ભારત જો આ સિરીઝની છેલ્લી બન્ને ટેસ્ટ જીતશે તો સીધું ફાઇનલમાં પહોંચી જશે. જો ભારત બેમાંથી એક ટેસ્ટ હારશે અને એક જીતશે તો શ્રેણી ૨-૨ની બરાબરીમાં થશે એટલે ભારતે ફાઇનલ માટે બીજી ટીમો પર નિર્ભર રહેવું પડશે. ■

# જેટલીના પુત્ર ફરી દિલ્હી ક્રિકેટના ચીફ, કીર્તિ આઝાદને ૮૦૦ મતથી હરાવ્યા

નવી દિલ્હીઃ ભાજપના સદ્ગત નેતા અરુણ જેટલીના પુત્ર રોહન જેટલી મંગળવારે દિલ્હી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ ઍસોસિયેશન (ડીડીસીએ)ની પ્રમુખપદ માટેની ચૂંટણી જીતી ગયા હતા. ૩૫ વર્ષના રોહન જેટલીએ ૧,૫૭૭ મત મેળવ્યા હતા, જ્યારે તેમના પ્રતિસ્પર્ધી તથા ભૂતપૂર્વ ક્રિકેટર કીર્તિ આઝાદને ૭૭૭ વોટ મળ્યા હતા. રોહન જેટલીનો ૮૦૦ મતના માર્જિનથી વિજય થયો હતો. કુલ ૨,૪૧૩ મત અપાયા હતા અને પ્રમુખપદે આવવા ૧,૨૦૭ વોટ જરૂરી હતા. ૨૦૨૦માં રોહન જેટલી બિનહરીફ ચૂંટાયા હતા. ડીડીસીએના ભૂતપૂર્વ પ્રમુખ સી. કે. ખન્નાની પુત્રી શિખા કુમારે ૧,૨૪૬ મત મેળવીને ઉપ-પ્રમુખપદ માટેની ચૂંટણીમાં રાકેશ બંસલ (૫૩૬) તથા સુધીર અગરવાલ (૪૯૮)ને હરાવીને વિજય મેળવ્યો હતો. ■

# ન્યૂ ઝીલૅન્ડ ૪૨૩ રનના રેકૉર્ડ માર્જિનથી જીત્યું, ટીમ સાઉધીને યાદગાર ફેરવેલ આપી

## કિવીઓએ ઇંગ્લૅન્ડ સામે ૦-૩નો વાઇટ-વૉશ ટાળ્યો

હૅમિલ્ટનઃ ન્યૂ ઝીલૅન્ડે અહીં મંગળવારે સિરીઝની ત્રીજી અને છેલ્લી ટેસ્ટમાં ઇંગ્લૅન્ડને ૬૫૮ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યા બાદ એને માત્ર ૨૩૪ રનમાં ઑલઆઉટ કરીને ૪૨૩ રનના મોટા તફાવતથી હરાવ્યું હતું. કિવીઓએ આ સાથે ટેસ્ટ-વિજયના પોતાના વિક્રમજનક માર્જિનની બરાબરી કરી હતી. એટલું જ નહીં, ટીમના પીઢ ફાસ્ટ બોલિંગ-ઑલરાઉન્ડર ટિમ સાઉધીને આ વિજયના રૂપમાં પરફેક્ટ ફેરવેલ પણ આપી હતી. ૨૦૧૮માં ન્યૂ ઝીલૅન્ડે ક્રાઈસ્ટચર્ચ ખાતે શ્રીલંકાને ૪૨૩ રનના માર્જિનથી હરાવ્યું હતું અને એ વિક્રમની બરાબરી આજે કરી હતી.


બાળકો સાથે ટિમ સાઉધી (ડાબે) અને કેન વિલિયમસન.

ટેસ્ટ જગતમાં રનની દ્રષ્ટિએ સૌથી વધુ માર્જિનથી જીત મેળવનારા દેશોમાં ઇંગ્લૅન્ડ મોખરે છે. ૧૯૨૮માં ઇંગ્લૅન્ડે ઑસ્ટ્રેલિયાને ૬૭૫ રનથી હરાવ્યું હતું.

અહીં હૅમિલ્ટનમાં બેન સ્ટોક્સના સુકાનમાં ઇંગ્લૅન્ડે સિરીઝ ૨-૧થી જીતી લીધી છે. જોકે ન્યૂ ઝીલૅન્ડે આ મૅચ જીતીને ૦-૩નો વાઇટ-વૉશ ટાળ્યો છે.

૩૬ વર્ષની ઉંમરના ટિમ સાઉધીની આ ૧૦૭મી અને અંતિમ ટેસ્ટ હતી. તેણે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. તેણે ૧૦૭ ટેસ્ટમાં ૩૯૧ વિકેટ લીધી હતી અને સાત હાફ સેન્ચુરીની મદદથી કુલ ૨,૨૪૫ રન બનાવ્યા હતા. તેના ૨,૨૪૫ રનમાં ૯૮ સિક્સર અને ૨૧૫ ફોરનો સમાવેશ હતો. સાઉધીએ ૧૫ વખત દાવમાં પાંચ વિકેટની અને એક વખત મૅચમાં દસ વિકેટની સિદ્ધિ મેળવી હતી.

મંગળવારે પૂરી થયેલી ટેસ્ટના બીજા દાવમાં સાઉધીએ બે વિકેટ મેળવી હતી.


ઇંગ્લૅન્ડના છેલ્લા દાવના ૨૩૪ રનમાં જેકબ બેથેલના ૭૬ રન હાઇએસ્ટ હતા અને તેની વિકેટ સાઉધીએ લીધી હતી.

સ્પિનર મિચલ સૅન્ટનરે સૌથી વધુ ચાર વિકેટ તેમ જ સાઉધી તથા મૅટ હેન્રીએ બે-બે વિકેટ લીધી હતી.

પહેલા દાવમાં ન્યૂ ઝીલૅન્ડે ૩૪૭ રન અને ઇંગ્લૅન્ડે ૧૪૩ રન બનાવ્યા હતા. બીજા દાવમાં કિવીઓએ ૪૫૩ રન બનાવીને બ્રિટિશરોને ૬૫૮ રનનો મસમોટો ટાર્ગેટ આપ્યો હતો. એ ૪૫૩ રનમાં કેન વિલિયમસનના ૧૫૬ રનનો સમાવેશ હતો. મિચલ સૅન્ટનરે પ્રથમ દાવમાં ૭૬ રન અને બીજા દાવમાં ૬૦ રન બનાવ્યા હતા તેમ જ આખી મૅચમાં કુલ સાત વિકેટ લીધી હતી અને તેને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ આપવામાં આવ્યો હતો. ■

# ટાયસનને હરાવનાર જેક પૉલના મોટા ભાઈ લૉગન પૉલની ભારતમાં બૉક્સર મૅકગ્રેગર સાથે થશે ટક્કર

મુંબઈઃ અલ્ટિમેટ ફાઇટિંગ ચૅમ્પિયનશિપ (યુએફસી) સ્ટાર બૉક્સર અને આયરલૅન્ડના ૩૬ વર્ષની ઉંમરના મિક્સ્ડ માર્શલ આર્ટિસ્ટ કૉનર મૅકગ્રેગરે મંગળવારે જાહેર કર્યું હતું કે તે બૉક્સિંગની રિંગમાં કમબૅક કરી રહ્યો છે. પ્રાથમિક અહેવાલ મુજબ મૅકગ્રેગર થોડા અઠવાડિયામાં અમેરિકાના ૨૯ વર્ષના મુક્કાબાજ લૉગન પૉલ સામે રિંગમાં ઊતરશે. મૅકગ્રેગરની આ સંભવિત મુક્કાબાજી વિશે એશિયાના સૌથી શ્રીમંત મુકેશ અંબાણી પરિવાર સાથે મંત્રણા ચાલી રહી હોવાનું મનાય છે. જો વાટાઘાટ સફળ થશે તો મોટા ભાગે મૅકગ્રેગર-લૉગન પૉલ વચ્ચેની પ્રદર્શનીય મુક્કાબાજી ભારતમાં યોજાશે.




લૉગન પૉલ ૨૯ વર્ષનો છે અને તેના મોટા ભાઈ ૨૭ વર્ષીય જેક પૉલે ગયા મહિને બૉક્સિંગ-લેજન્ડ માઇક ટાયસનને બહુચર્ચિત મુકાબલામાં હરાવી દીધો હતો.

એક અહેવાલ મુજબ મુકેશ અંબાણી પરિવાર મૅકગ્રેગરના બૉક્સિંગની રિંગમાંના કમબૅકની ભારતમાં (એક્ઝિબિશન મુકાબલા મારફત) વ્યવસ્થા કરશે.

મૅકગ્રેગરે આ આગામી મુકાબલાની વિગત જાહેર કરવાની સાથે સોશિયલ મીડિયામાં એવું પણ કહ્યું હતું કે 'ટૉપુરિયો સાથે રિંગમાં મારી ટક્કર થવાની છે એ વાત ખોટી છે. હું તો લૉગન પૉલ સાથેના મુકાબલા સંબંધમાં અંબાણી પરિવાર સાથે મંત્રણા કરી રહ્યો છું. હું તો તેમની સાથે સહમત થઈ ગયો છું.'

૨૦૧૭માં મૅકગ્રેગરની ફ્લોઇડ મેવેધર સાથે ટક્કર થઈ હતી જેમાં મૅકગ્રેગર હારી ગયો હતો. લૉગન પૉલ ડબ્લ્યૂડબ્લ્યૂઈમાં પણ લડી ચૂક્યો છે અને ભારતમાં ડબ્લ્યૂડબ્લ્યૂઈના ચાહકોમાં ખૂબ લોકપ્રિય છે. ■



◀ મૅકગ્રેગર
લૉગન પૉલ ▶

# હે ભગવાન! મારે આવું હજી કેટલો વખત જોવું પડશે, પૃથ્વી શૉએ કેમ આવું કહ્યું?

## વિજય હઝારે ટ્રોફી માટેની મુંબઈની ટીમનું સુકાન ફરી શ્રેયસને સોંપાયુંઃ રહાણેએ નાનો બ્રેક લીધો

નવી દિલ્હીઃ થોડા દિવસથી સાધારણ ફૉર્મમાં રમી રહેલા અને મોટા ભાગે ફૉર્મ ગુમાવી બેઠેલા ઓપનિંગ બૅટર પૃથ્વી શૉને આગામી ૫૦-૫૦ ઓવરની મૅચોવાળી વિજય હઝારે ટ્રોફી માટેની મુંબઈની ટીમમાં સામેલ નથી કરવામાં આવ્યો જેને પગલે પૃથ્વીએ ઇન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લિસ્ટ-એ પ્રકારની ડોમેસ્ટિક મૅચોમાંના (ખાસ કરીને વિજય હઝારે ટ્રોફીમાંના) પોતાના પર્ફોર્મન્સ તરફ સંકેત કરવાના આશયથી લખ્યું, 'ઈશ્વર, તમે મને કહો...મારે આવું હજી કેટલો વખત જોવું પડશે? ૬૫ ઇનિંગ્સમાં ૫૫.૭૦ની બૅટિંગ-ઍવરેજે તથા ૧૨૬.૦૦ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૩,૩૯૯ રન બનાવ્યા પછી પણ મારા પર્ફોર્મન્સને અપૂરતો માનવામાં આવી રહ્યો છે. જોકે હું આત્મવિશ્વાસ ગુમાવીશ નહીં અને મને આશા છે કે લોકોને હજી પણ મારામાં વિશ્વાસ છે. નક્કી કહી દઉં કે હું કમબૅક કરીને રહીશ. ઓમ સાઇ રામ.'

વિજય હઝારે ટ્રોફી શનિવાર, ૨૧મી ડિસેમ્બરે શરૂ થશે.


૨૦૧૮માં પૃથ્વીને ડેબ્યૂ સેન્ચુરી વખતે સેહવાગે ખૂબ બિરદાવ્યો હતો.

પચીસ વર્ષના પૃથ્વીએ ડેબ્યૂ ટેસ્ટમાં સદી ફટકારી ત્યારે તેને ખૂબ ટૅલન્ટેડ માનવામાં આવ્યો હતો. જોકે તે સતતપણે ફૉર્મમાં ન રહી શકવાને કારણે ટીમ ઇન્ડિયામાંથી અને પછી મુંબઈની ટીમની બહાર કરી દેવાયો હતો. તાજેતરની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની અગાઉ પૃથ્વીને ફિટનેસ અને શિસ્તભંગના મુદ્દે મુંબઈની રણજી ટીમની બહાર રાખવામાં આવ્યો હતો. નવેમ્બરમાં આઇપીએલના મેગા ઑક્શનમાં તેને ૭૫ લાખ રૂપિયાની બેઝ પ્રાઇસ સામે એકેય ટીમે નહોતો ખરીદ્યો. વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈની ટીમનું સુકાન શ્રેયસ ઐયરને સોંપાયું છે. મુંબઈની ટીમમાં તાજેતરમાં શ્રેયસના સુકાનમાં મુંબઈએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી લીધી હતી.

**મુંબઈની ટીમઃ**
શ્રેયસ ઐયર (કૅપ્ટન), આયુષ મ્હાત્રે, અંગક્રિશ રઘુવંશી, જય બિશ્તા, સૂર્યકુમાર યાદવ, શિવમ દુબે, સૂર્યાંશ શેડગે, સિદ્ધેશ લાડ, હાર્દિક તમોરે (વિકેટકીપર), પ્રસાદ પવાર (વિકેટકીપર), અથર્વ અંકોલેકર, તનુશ કોટિયન, શાર્દુલ ઠાકુર, રૉયસ્ટન ડાયસ, જુનેદ ખાન, હર્ષ તન્ના અને વિનાયક ભોર.

અજિંક્ય રહાણેએ નાનો બ્રેક લેવાની વિનંતી કરી હોવાથી તેને મુંબઈની આ ટૂર્નામેન્ટ માટેની ટીમમાં સામેલ નથી કરાયો. તેણે તાજેતરની મુશ્તાક અલી ટ્રોફીમાં હાઇએસ્ટ ૪૬૯ રન બનાવ્યા હતા.

ભારતના ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવને મુંબઈની ટીમમાં ફરી સામેલ કરાયો છે. ■

# જબ વી મેટ...

# ઉદ્ધવ પહોંચ્યા ફડણવીસને મળવા

નાગપુરઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મંગળવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની નાગપુરમાં આવેલા વિધાનસભા ભવનમાં તેમની ચેમ્બરમાં મળ્યા હતા. ત્યાર બાદ તેઓ વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકરને પણ મળ્યા હતા.

ભાજપના વરિષ્ઠ નેતા ફડણવીસ સાથેની મુલાકાત દરમિયાન રાજ્યના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનની સાથે શિવસેના (યુબીટી) ના વિધાનસભ્યો આદિત્ય ઠાકરે, અનિલ પરબ અને વરુણ સરદેસાઈ પણ હાજર હતા.

રાજ્ય વિધાન પરિષદના સભ્ય ઉદ્ધવ ઠાકરે મંગળવારે રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્રમાં હાજરી આપવા માટે અહીં પહોંચ્યા હતા.

તેઓ સાંજે શિવસેના (યુબીટી) વિધાનસભા પક્ષની બેઠકમાં પણ ભાગ લેશે.

૨૦૧૯ની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પછી, ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (તે સમયે અવિભાજિત) એ મુખ્ય પ્રધાનપદ (જુઓ પાનું ૪) ▸▸



**આમને-સામને...:** નાગપુરમાં ચાલી રહેલા શિયાળુ સત્ર દરમિયાન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને શિવસેના-યુબીટીના નેતા ઉદ્ધવ ઠાકરે મળ્યા હતા. (પીટીઆઇ)

# કસલા વાદા, કસલા દાદાઃ છગન ભુજબળ બગડ્યા

## એનસીપીના નેતૃત્વને કર્યો સવાલ શું હું તમારા હાથનું રમકડું છું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળે મંગળવારે કેબિનેટમાંથી તેમને પડતા મૂકવામાં આવ્યા બદલ પાર્ટી પ્રમુખ અજિત પવારની ટીકા કરતાં કહ્યું હતું કે વાહ રે, દાદાચા વાદા, દાદાચા વાદા, કસલા વાદા અન કસલા દાદા. તેમણે એવો દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ તેમને કેબિનેટમાં સામેલ કરવાના પક્ષમાં હતા, પરંતુ પાર્ટીમાંથી કોઈએ તેમનું પત્તું કાપ્યું હતું અને આ વ્યક્તિ કોણ છે તે હું શોધી કાઢીશ. તેમણે કહ્યું હતું કે એનસીપી પ્રમુખ (જુઓ પાનું ૪) ▸▸

# હવે અજિત પવાર નારાજ, ફોન નોટ રીચેબલ

મુંબઈઃ દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ સ્થપાયેલી મહાયુતિ સરકારના પ્રધાનમંડળનું વિસ્તરણ થયા બાદ સત્તામાં રહેલા ત્રણેય પક્ષમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

પ્રત્યેક પક્ષમાં પ્રધાનપદું ન મળ્યું હોવાને કારણે કોઇ ને કોઇ રીતે ઊભરો ઠાલવવામાં આવી રહ્યો છે. સૌપ્રથમ એકનાથ શિંદેની નારાજગી સપાટી પર આવી ગઇ હતી તો બીજી બાજુ એનસીપીના વરિષ્ઠ નેતા છગન ભુજબળ પણ નારાજ હોવાનું બહાર આવ્યું હતું. હવે ખુદ એનસીપીના પ્રમુખ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર પણ નારાજ હોવાની ચર્ચા સામે આવી છે. એવું કહેવાઇ રહ્યું છે કે અજિત પવારની નારાજગી હવે કદાચ દિલ્હીમાં જ ઉકેલી શકાશે. આ જ કારણથી તેઓ દિલ્હી માટે રવાના થયા હોવાની પણ ચર્ચા ચાલી રહી છે.

મહાયુતિએ તેના પહેલા પ્રધાનમંડળના વિસ્તરણમાં સત્તાધારી પક્ષમાં અનેક સીટિંગ પ્રધાનોને આંચકો આપ્યો હતો. વરિષ્ઠ નેતાઓને પ્રધાનપદાની તક ન આપતાં નવા ચહેરાઓને પ્રધાનમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. આને કારણે મહાયુતિના ત્રણેય પક્ષમાં (જુઓ પાનું ૪) ▸▸

# ભુજબળ સહિતના નારાજ વિધાનસભ્યો સંપર્કમાંઃ ઉદ્ધવ

## ભુજબળ કહે છે કે, માત્ર ઉદ્ધવ જ નહીં શરદ પવાર અને સુપ્રિયા સુળે સાથે પણ વાતચીત કરી રહ્યો છું

શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરેએ પ્રધાનપદથી વંચિત રાખવામાં આવેલા છગન ભુજબળ અંગે સહાનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું હતું કે ભુજબળ માટે મને ખરાબ લાગી રહ્યું છે. આવી જ રીતે અન્ય અનેક જણા માટે પણ ખરાબ લાગી રહ્યું છે. આ લોકો મોટી આશા સાથે ત્યાં ગયા હતા. કેટલાક લોકોને ટુંકા પડેલા જેકેટ હવે પહેરવા મળ્યા છે, અન્ય લોકોને પણ જેકેટ પહેરવાની રાહ જોઈ રહ્યા છે તે બધા માટે મને સહાનુભૂતિ છે. ભુજબળ સહિત મહાયુતિના અનેક નેતાઓ મારા સંપર્કમાં છે એવું પણ નિવેદન તેમણે કર્યું હતું. ■

### તેમણે શું કહ્યું?

ઉદ્ધવ ઠાકરેના નિવેદન અંગે પુછવામાં આવતાં છગન ભુજબળે કહ્યું હતું કે હા હું ઉદ્ધવ ઠાકરેના સંપર્કમાં છું. અમે ઘણી વખત ફોન પર વાતો કરીએ છીએ. એવી રીતે તો હું શરદ પવારના પણ સંપર્કમાં છું અને સુપ્રિયા સુળેના પણ સંપર્કમાં છું. આપણે જે લોકો સાથે કામ કર્યું હોય તેમની સાથે સંપર્ક જાળવી રાખવો જોઈએ. ખાસ પ્રસંગોએ એક-મેકને (જુઓ પાનું ૪) ▸▸

# મહિલા દુબઈ ફરવા જઈ રહી હોવાની ટિપ બહેનપણીએ જ લૂંટારાઓને આપી

## કૅબને રોકી સઉદી રિયાલ અને એક લાખની રોકડ લૂંટનારા અને બહેનપણી પકડાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દુબઈ ફરવા અને શૉપિંગ માટે જઈ રહેલી મહિલાની બહેનપણીએ જ આપેલી ટિપ પરથી લૂંટારાઓએ થાણેમાં શસ્ત્રોની ધાકે લૂંટ ચલાવી હતી. પોલીસ અને કસ્ટમ્સના અધિકારીના સ્વાંગમાં કૅબને રોકી સઉદી રિયાલ અને એક લાખની રોકડ લૂંટનારા આરોપીઓ સાથે પોલીસે ફરિયાદીની બહેનપણીની પણ ધરપકડ કરી હતી.

થાણે પોલીસની ખંડણી વિરોધી શાખાએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ નીતા વિષ્ણુ મનુજા ઉર્ફે ભક્તિ (૪૦), મોહિત હેમંત હિંદુજા (૧૯), વરુણ નરેશ (જુઓ પાનું ૪) ▸▸

# શાળાનાં બાળકોને પિકનિક લઈ જતી બસનો ડ્રાઈવર દારૂના નશામાં!

## ટ્રાફિક પોલીસની સતર્કતાથી ડ્રાઈવર પકડાતાં શાળાના વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાતાં રહી ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કુર્લામાં બેસ્ટની બસના ડ્રાઈવરે આડેધડ બસ દોડાવી અનેક લોકોને કચડ્યાની ઘટના તાજી છે ત્યાં જ સાકીનાકાની શાળાના વિદ્યાર્થીઓને પિકનિક લઈ જતી બસનો ડ્રાઈવર અને તેનો સહાયક દારૂના નશામાં હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. ફરજ પર હાજર ટ્રાફિક પોલીસની સતર્કતાને કારણે દારૂડિયો ડ્રાઈવર પકડાઈ જતાં વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાતાં રહી ગયા હોવાનું કહેવાય છે.

(જુઓ પાનું ૪) ▸▸

# સ્ટેમ્પ ડ્યૂટી ૧૦૦થી વધારીને ૫૦૦ રૂપિયા કરતો ખરડો રજૂ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે વિધાનસભામાં મહારાષ્ટ્ર સ્ટેમ્પ એક્ટ, ૧૯૫૮માં સુધારો કરવા માટે એક બિલ રજૂ કર્યું હતું. આમાં એફિડેવિટ, કરારો, અને સંબંધિત દસ્તાવેજો પરની સ્ટેમ્પ ડ્યૂટી હાલના ૧૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરવાનો પ્રસ્તાવ છે. વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજ્ય સરકારે ૧૪મી ઓક્ટોબરે સ્ટેમ્પ ડ્યૂટી વધારવા માટે વટહુકમ બહાર પાડ્યો હતો. કર્ણાટકને અનુસરીને પ્રસ્તાવિત સુધારામાં શેર મૂડી પરની સ્ટેમ્પ ડ્યૂટી પણ વર્તમાન ૫૦ લાખ રૂપિયાથી વધારીને ૧ કરોડ રૂપિયા કરવામાં આવી છે. તત્કાલીન મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં ૩૦મી સપ્ટેમ્બરે યોજાયેલી બેઠકમાં સુધારાઓને મંજૂરી (જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણ-ડોંબિવલીમાં ૧૦ મહિનામાં ૧૮,૦૦૦ લોકોને કરડ્યા રખડુ કૂતરા

મુંબઈઃ કલ્યાણ-ડોંબિવલી પાલિકા (કેડીએમસી) ક્ષેત્રમાં રખડતા શ્વાનોનો આતંક દિવસે દિવસે વધી રહ્યો છે. પાલિકાના અહેવાલ અનુસાર જાન્યુઆરીથી ઓક્ટોબર સુધી શ્વાન દ્વારા કરાયેલા હુમલાના ૧૮,૭૦૫ કેસ નોંધાયા હતા.

ગયા અઠવાડિયે કલ્યાણમાં એક યુવકનું શ્વાન કરડવાને કારણે મોત થયું હતું. ત્યાર બાદ લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. લોકોનું કહેવું છે કે કેટલાક વિસ્તારો એવા છે જ્યાં રાતના સમયે પગપાળા અથવા ટૂ-વ્હીલર પર જવાનું મુશ્કેલ થઇ ગયું છે.

કેટલાક દિવસ પગેલા કેડીએમસીની હદમાં આવતા ટિટવાલામાં એક વૃદ્ધ મહિલા પર શ્વાનોએ હુમલો કર્યો હતો અને શ્વાનોએ વૃદ્ધાને ઘસડીને ૫૦ મીટર સુધી લઇ ગયા હતા. આ ઘટના સીસીટીવીમાં કેદ થઇ હતી. મહિલાને હૉસ્પિટલમાં દાખલ કરાઇ હતી અને હજી તેની સારવાર ચાલી રહી છે. આ સિવાય કલ્યાણના બેતુરકર પાડા વિસ્તારમાં આઠ વર્ષના બાળકને શ્વાન કરડ્યો હતો. ગયા (જુઓ પાનું ૪) ▸▸

# પાલઘરમાં એમ્બ્યુલન્સમાં સુવાવડઃ ખાડાવાળા રસ્તા બન્યા વિલન

## ૭૫ કિ.મી. દૂર હૉસ્પિટલ માટે નીકળ્યા પણ ખરાબ રસ્તાને લીધે દસ કિ.મી. પછી એમ્બ્યુલન્સ બાજુ પર ઊભી રાખી પ્રસૂતિ કરાવાઈ

પાલઘરઃ થાણેમાં એક સગર્ભાની એમ્બ્યુલન્સમાં જ ડૉક્ટરોની મદદથી પ્રસૂતિ કરાવવામાં આવી હતી અને ત્યાર બાદ તેને ગ્રામીણ વિસ્તારની એક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

પાલઘર જિલ્લાની વાડા રુરલ હૉસ્પિટલમાં આ પ્રકારના ક્રિટિકલ કેસને પહોંચી વળવા માટેની વિશેષ સુવિધાનો અભાવ છે. રસ્તાની ખરાબ હાલતને કારણે મહિલાને હૉસ્પિટલમાં ખસેડવા માટે પણ મુશ્કેલી નડી હતી, એમ મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ ડૉ. યાદવ શેખરેએ જણાવ્યું હતું.

પ્રસવ પીડાથી પીડાઇ રહેલી મહિલા કલ્યાણી ભોયેને ૧૩મી ડિસેમ્બરે વહેલી સવારે તેના પરિવાર દ્વારા ગ્રામીણ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

બાળકના હૃદયના ધબકારામાં સમસ્યા જણાઇ રહી હતી અને પ્રસૂતિ થવાની તૈયારી જ હતી. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડૉક્ટરોએ મહિલાને તાત્કાલિક (જુઓ પાનું ૪) ▸▸

# વાત દુબઈની, પહોંચાડી પાકિસ્તાનઃ હમીદા બાનો ૨૩ વર્ષે ભારત પાછી ફરી

મુંબઈઃ મુંબઈના કુર્લાની રહેવાસી હમીદા બાનો ૨૩ વર્ષ બાદ પાકિસ્તાનથી ભારત પરત આવી છે. તેનું કહેવું છે કે તેને છેતરીને પાકિસ્તાન લઈ જવામાં આવી હતી. પરંતુ બે વર્ષ પહેલા તેનો એક વીડિયો વાયરલ થયા બાદ તે ચર્ચામાં આવી હતી. આ પછી ભારતીય દૂતાવાસે તેનો સંપર્ક કર્યો અને એક વર્ષ પછી હમીદા પોતાના દેશ પરત આવી શકી.

ભારત પરત ફર્યા બાદ હમીદા બાનોએ કહ્યું હતું કે, મને છેતરીને પાકિસ્તાન લઈ જવામાં આવી હતી. ૨૩ વર્ષ પછી હું ભારત પાછી ફરી છું. મારો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. એક વર્ષ પહેલા ભારતીય દૂતાલયે મારો સંપર્ક કર્યો અને મને ભારત પરત ફરવાની મંજૂરી આપી. આજે હું ભારત પાછી ફરી છું હમીદાએ વધુમાં જણાવ્યું હતું કે, તેને દુબઈમાં નોકરી અપાવવાના બહાને પાકિસ્તાન છોડી દેવામાં આવી હતી. તેણે ત્યાં લગ્ન પણ કર્યા હતા પરંતુ તેના પતિનું અવસાન થયું હતું.

હમીદા બાનોનો એક ઈન્ટરવ્યુ વાયરલ થયો હતો, જે બાદ ભારતમાં રહેતી તેમની દીકરીઓને વીડિયો દ્વારા ખબર પડી કે તેમની માતા પાકિસ્તાનમાં છે. આ વીડિયો પાકિસ્તાનમાં ભારતીય દૂતાવાસ સુધી પણ પહોંચ્યો હતો, ત્યારબાદ તેમને ભારત મોકલવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી.

વતનમાં પગ મૂકતાંની સાથે જ તેની આંખમાં આંસુ આવી ગયા હતા.■




**વિરોધ...:** પરભણીમાં સોમનાથ સૂર્યવંશીનું કસ્ટડીમાં થયેલું મૃત્યુ અને બીડમાં સરપંચ સંતોષ દેશમુખની થયેલી હત્યા પ્રકરણે કડક કાર્યવાહી કરાવવાની માગણી સાથે વિપક્ષી નેતાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ)

# વિદ્યાવિહારની કોલેજમાં કૅશ ફોર ઍડમિશન કૌભાંડઃ ત્રણ લાખ આપી ૫૦ને પ્રવેશ અપાયો

મુંબઈઃ વિદ્યાવિહારમાં આવેલી એક જ યુનિવર્સિટીની ત્રણ કોલેજમાં કૅશ ફોર ઍડમિશનનું રેકેટ ચલાવવા બદલ કોલેજના બે કર્મચારી સહિત ત્રણની પોલીસે ધરપકડ કરી હતી. કોલેજના પ્રિન્સિપાલે નોંધાવેલી ફરિયાદ અનુસાર આરોપીઓએ બોગસ અને ડુપ્લિકેટ માર્કશીટ અને સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટને આધારે ૫૦ વિદ્યાર્થીને ઍડમિશન અપાવ્યાં હતાં. પકડાયેલા ત્રણેય જણમાં મહેન્દ્ર વિષ્ણુ પાટીલ (૪૯), અર્જુન વસરામ રાઠોડ (૪૩) અને દેવેન્દ્ર સયાદે (૫૫) તરીકે થઇ હતી. પાટીલ અને રાઠોડ ક્લર્ક તરીકે કામ કરે છે. ઝોન-૬ના ડેપ્યુટી પોલીસ કમિશનર નવનાથ ધવલેએ જણાવ્યું હતું કે કોલેજ વહીવટીતંત્રને પ્રવેશ પ્રક્રિયા દરમિયાન આચરવામાં આવેલી ગેરરીતિની જાણ થઇ હતી, જેને પગલે તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ અંગે ચકાસણી કર્યા બાદ અમે ગુનો નોંધીને ત્રણ જણની ધરપકડ કરી હતી. આ રેકેટમાં સામેલ અન્ય ત્રણ જણની ઓળખ કમલેશભાઇ, જીતુભાઇ અને બાબુભાઇ તરીકે થઇ હોઇ પોલીસ તેમની શોધ ચલાવી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક બનાવવા આરોપીઓ બનાવટી દસ્તાવેજો તૈયાર કરતા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર આ ગેરકાયદે પ્રવૃત્તિ જૂન મહિનાથી ચાલી રહી હતી. આરોપીઓ એવા વિદ્યાર્થીઓને શોધી કાઢતા હતા, જેમનાં નામ ત્રણ મેરિટ લિસ્ટમાં પસંદ કરવામાં આવ્યાં ન હોય. આરોપીઓ બાદમાં વિદ્યાર્થીઓનાં માતા-પિતાનો સંપર્ક સાધતા હતા અને નોંધપાત્ર ફીના બદલામાં ઍડમિશનની ગેરંટી આપતા હતા. આરોપીઓએ એવો દાવો કર્યો હતો કે તેઓ 'મેનેજમેન્ટ ક્વોટા'ના માધ્યમથી ઍડમિશન કરાવી રહ્યા છે અને ઍડમિશન મળ્યા બાદ જ પૈસા લેશે. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૧મા ધોરણમાં પ્રવેશ માટે માર્કશીટ અને લિવિંગ સર્ટિફિકેટ્સની ચકાસણી દરમિયાન આ રેકેટ પ્રકાશમાં આવ્યું હતું. ■

# ટીપુ સુલતાનની જન્મજયંતી નિમિત્તે પુણેમાં સરઘસને પોલીસની મંજૂરી

મુંબઈઃ ૧૮મી સદીના મૈસૂરના શાસક ટીપુ સુલતાનની જન્મજયંતિની ઉજવણી માટે પુણેમાં ૨૪ ડિસેમ્બરે આયોજિત સરઘસ માટે મંજૂરી આપવામાં આવી હોવાનું પોલીસે મંગળવારે બોમ્બે હાઈકોર્ટને જણાવ્યું હતું. ન્યાયમૂર્તિ રેવતી મોહિતે ડેરે અને ન્યાયમૂર્તિ પૃથ્વીરાજ ચવાણની ખંડપીઠને પુણે ગ્રામીણ પોલીસે આપેલી પરવાનગી વિશે જાણકારી આપવામાં આવી હતી. ખંડપીઠે નોંધ્યું હતું કે કોઈ પણ વ્યક્તિને સરઘસ કાઢવાનો અધિકાર છે, પરંતુ તેણે કાયદા મુજબ લાદવામાં આવેલી શરતો અને પ્રતિબંધોનું પાલન કરવું જરૂરી છે.

કોઈ પણ કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને એનું ધ્યાન રાખવાની જવાબદારી પોલીસની છે એમ જણાવી હાઈકોર્ટે ઉમેર્યું હતું કે દર વખતે કાયદો અને વ્યવસ્થાના મુદ્દાને ટાંકવા નહીં. (પીટીઆઈ)■

# પરભણી અને બીડના મામલે કોંગ્રેસે વિધાનસભાની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો

નાગપુરઃ પરભણીમાં હિંસા અને બીડ જિલ્લામાં સરપંચની હત્યાને મામલે સરકાર દ્વારા જે રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેનો વિરોધ કરવા માટે કોંગ્રેસના સભ્યોએ મંગળવારે મહારાષ્ટ્ર વિધાનસભાની કાર્યવાહીનો બહિષ્કાર કર્યો હતો. વિપક્ષી શિવસેના (યુબીટી) અને એનસીપી (એસપી)ના સભ્યોએ કોંગ્રેસના વિધાનસભ્યો સાથે વોકઆઉટ તો કર્યું હતું, પરંતુ શિવસેના (યુબીટી)ના સભ્યો થોડી વારમાં ગૃહમાં પાછા ફર્યા હતા.

સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમીએ અન્ય વિપક્ષી સભ્યો સાથે વોકઆઉટ કર્યું નહોતું અને તેઓ ગૃહમાં જ હાજર રહ્યા હતા. ૧૦ ડિસેમ્બરની સાંજે પરભણી રેલવે સ્ટેશનની બહાર ડો. બી. આર. આંબેડકરની પ્રતિમા પાસે કાચની બંધ પેટીમાં રાખવામાં આવેલી બંધારણની પ્રતિકૃતિને તોડવામાં આવ્યા બાદ મધ્ય મહારાષ્ટ્રના પરભણી શહેરમાં હિંસા ફાટી નીકળી હતી. બીડમાં, મસાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખનું નવમી ડિસેમ્બરે અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી.

### વિધાનભવનમાં દેખાવો

મહારાષ્ટ્રના બીડમાં સરપંચની હત્યાના વિરોધમાં મંગળવારે વિધાનભવનમાં વિરોધી પક્ષોના નેતાઓએ પગથિયાં પર બેસીને દેખાવો કર્યા હતા અને ગુનામાં સંડોવાયેલા આરોપીઓની તત્કાળ ધરપકડની માગણી કરી હતી. વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ)ના સાથી પક્ષોના વિધાનસભ્યોએ વિધાનભવનના પગથિયાં પર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. (પીટીઆઈ)■

### હત્યાના એક દિવસ પહેલા પોલીસ સબ-ઈન્સ્પેક્ટર હત્યારાને શું કામ મળેલો?

બીડ જિલ્લામાં મસાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યાને અઠવાડિયું વીત્યું હોવા છતાં ગુનામાં સંડોવાયેલા સાતમાંથી માત્ર ત્રણ આરોપીની જ ધરપકડ કરાઇ છે, જ્યારે અન્ય ચાર જણ હજી ફરાર છે. આથી જિલ્લા પોલીસ પ્રશાસન અને સરકાર વિરુદ્ધ રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે ત્યારે અચાનક એક સીસીટીવી ફૂટેજ સામે આવ્યું છે. કેજ પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર રાજેશ પાટીલ અને સરપંચ હત્યાકેસના આરોપી સુદર્શન ઘુલે હત્યાની ઘટના અગાઉ કેજની વસંત વિહાર ઉડુપી હોટેલમાં મળ્યા હોવાનું સીસીટીવી ફૂટેજ પરથી સ્પષ્ટ થયું છે. સંતોષ દેશમુખનું અપહરણ થયા બાદ કાર્યવાહી માટે ટાળાટાળ કરવા બદલ સબ-ઇન્સ્પેક્ટર રાજેશ પાટીલને નિલંબિત કરવામાં આવ્યો છે. એવામાં પાટીલ હત્યાની ઘટના અગાઉ આરોપી સુદર્શન ઘુલેને શા માટે મળ્યો હતો, એવો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. આથી પોલીસ અધિકારી અને આરોપી દ્વારા હત્યાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું કે કેમ એવો પ્રશ્ન પણ નિર્માણ થયો છે. ■

# રામ શિંદેનું નામ વિધાન પરિષદના અધ્યક્ષપદ માટે ફાઈનલ થયું?

મુંબઈઃ રાજ્યમાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામો બાદ સ્પષ્ટ બહુમતી સાથે મહાયુતિની સરકાર બની છે. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કારભાર સંભાળ્યા બાદ રાજ્ય કેબિનેટનું પણ વિસ્તરણ કરવામાં આવ્યું હતું. ૩૩ કેબિનેટ પ્રધાનોએ અને ૩ રાજ્ય પ્રધાનોએ શપથ લીધા. જો કે રાજ્યમાં સત્તા પરિવર્તન બાદ વિધાનસભામાં પણ ગણતરીઓ બદલાઈ ગઈ છે. હવે તમામની નજર વિધાન પરિષદના અધ્યક્ષની ચૂંટણી પર છે. શિવસેનાના નેતાઓનું માનવું છે કે ધારાસભ્ય નિલમ ગોર્હેને વધુ એક તક મળશે. જો કે ભાજપ દ્વારા રામ શિંદેને તક આપવામાં આવશે તેવું માનવામાં આવી રહ્યું છે. અગાઉની શિંદેની શિવસેનાના ડો. નિલમ ગોર્હે વિધાન પરિષદના ઉપાધ્યક્ષ છે, અધ્યક્ષની જગ્યા હાલમાં ખાલી છે. જેથી હવે ટૂંક સમયમાં વિધાન પરિષદના અધ્યક્ષની પણ પસંદગી કરવામાં આવશે. ભાજપ દ્વારા રામ શિંદેના નામ પર મહોર લાગી હોવાની માહિતી મળી રહી છે. ■

### આવતી કાલે ચૂંટણી

નાગપુરઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષની ચૂંટણી ગુરુવારે કરવામાં આવશે, એમ નાયબ અધ્યક્ષ નીલમ ગોર્હેએ જણાવ્યું હતું. ગોર્હેએ રાજ્ય વિધાનસભાના ચાલી રહેલા શિયાળુ સત્રના બીજા દિવસે મંગળવારે વિધાન પરિષદમાં આ જાહેરાત કરી હતી. રામરાજે નાઈક - નિમ્બાળકરની મુદત પૂરી થયા બાદ ૭ જુલાઇ, ૨૦૨૨થી કાઉન્સિલના અધ્યક્ષનું પદ ખાલી પડ્યું છે. (પીટીઆઈ)■



રાજકોટમાં અશાંત ધારાના નિયમનો ભંગ થતો હોવાની ફરિયાદોને પગલે ગાંધીગ્રામ પોલીસ જરૂરી બંદોબસ્ત સાથે રૈયારોડ પર સુભાષનગર, નહેરૂનગરમાં ઊતરી હતી અને જયાં ફરિયાદો મળી હતી ત્યાં ડેલીઓ ખખડાવીને ચેકિંગ કરાયું હતું અને મિલકતનોના દસ્તાવેજી પુરાવાઓ મગાયા હતા. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છ રણોત્સવમાં પ્રવાસીઓને જેમીનીડસ ઉલ્કાવર્ષાનો અભૂતપૂર્વ લહાવો જોવા મળ્યો



(તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભૂજ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ એક તરફ નાતાલ નજીક આવી ચૂકી છે અને ઠેર-ઠેર બરફવર્ષાથી 'વ્હાઇટ ક્રિસમસ'નો થીમ તૈયાર થઇ ચૂક્યો છે ત્યારે સાન્ટા ક્લોઝને વધાવવા નભોમંડળમાં 'જેમીનીડસ' ઉલ્કાવર્ષાનો નઝારો ધીમે-ધીમે રંગ પકડી રહ્યો છે. કચ્છમાં ચાલી રહેલા રણોત્સવમાં જે પ્રવાસીઓ રણ રિસોર્ટમાં રાત્રી રોકાણ કરી રહ્યા છે, તેમને આ ઉલ્કાવર્ષા જોવાનો અભૂતપૂર્વ લહાવો મળ્યો હતો અને ગત તારીખ ૧૩થી ૧૬ દરમ્યાન અંદાજે ૬૦ જેટલી ઉલ્કાવર્ષા તેઓ સ્પષ્ટપણે જોઈ શક્યા હતા. આ પ્રકારની ઉલ્કાવર્ષા જીવનમાં પહેલીવાર જોવા મળી છે. અમે તેને નરી આંખે જોઈ અને તે પીળા રંગની ઝળહળતી જોવા મળી હતી તેમ રણ વિસ્તારમાં ફરી રહેલા પ્રવાસીઓએ જણાવ્યું હતું. ઉત્તર દિશામાં રાત્રીના દસ કલાકથી આ ઉલ્કાવર્ષા શરૂ થાય છે જે આગામી પાંચ દિવસ સુધી હજુ જોઈ શકાશે. આ અદ્ભુત જેમીનીડસ ઉલ્કાવર્ષાથી રાત્રી આકાશ ઝળહળી ઊઠે છે અને તેમાં પણ આ વખતની ઉલ્કાવર્ષાને 'ઉલ્કા તોફાન' સાથે સરખાવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જેમીનીડસ ઉલ્કાવર્ષા ૧૭મી સદીની મધ્યમાં પ્રથમવાર જોવા મળી હતી, પણ એ સમયે કલાકની ૧૦થી ૨૦ ઉલ્કાઓ જોવા મળી હતી, પણ હવે પ્રતિ કલાકે ૧૨૦ની સંખ્યામાં જોવા મળે છે. તેમાં પીળો રંગ પણ દેખાય છે. આ ઉલ્કાવર્ષા આમતો રાત્રીના નવ વાગ્યાથી શરૂ થઇ જાય છે. નવી પેઢીએ આ ઉલ્કાવર્ષા જોવી જ જોઈએ. આ વખતે આનંદની વાત એ છે કે જે લોકો ૧૩મી ડિસેમ્બરથી શરૂ કરીને ૧૭મી ડિસેમ્બર સુધીના સમયગાળા દરમ્યાન આ ઉલ્કાવર્ષા જોવાથી વંચિત રહ્યા હોય તેમને માટે આગામી શનિ-રવિવાર દરમ્યાન ફરીથી ઉલ્કાવર્ષા જોઈ શકવાના ઉજળા સંજોગો ઊભા થયા છે તેથી આગામી ૨૧મી તારીખે ઉલ્કાવર્ષા નિહાળવાનો આનંદ લેવાનું ભૂલાય નહિ. મોટાભાગની ઉલ્કાવર્ષા એ ધૂમકેતુનો કાટમાળ છે. એકમાત્ર જેમીનીડસ એ સૂર્યની ફરતે પ્રદક્ષિણા કરતા 'ઉલ્કાપિંડ ૩૨૦૦-ફેઇથોન'નો કાટમાળ છે. ■

# કચ્છમાં વીજતંત્રના વ્યાપક દરોડાઃ ભુજ શહેરમાં ૨૨.૪૪ લાખની ગેરરીતિ પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતમાં કરોડો રૂપિયાની બેરોકટોક થઇ રહેલી વીજચોરી પર લગામ લગાડવા માટે, વીજતંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવેલી રાજ્યવ્યાપી ઝુંબેશ આગળ વધી છે અને સીમાવર્તી જિલ્લા કચ્છમાં વ્યાપક સરપ્રાઈઝ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પશ્ચિમ ગુજરાત વીજ કંપનીની રાજકોટ સ્થિત કોર્પોરેટ ઑફિસમાંથી આવેલી ટુકડીઓ દ્વારા ભુજ શહેરમાં કરેલા વીજ ચેકિંગમાં માત્ર એક જ દિવસમાં રૂ. ૨૨.૪૪ લાખની ગેરરીતિ પકડી પાડવામાં આવી હતી.

પીજીવીસીએલની કોર્પોરેટ કચેરી પાસેથી મળેલી માહિતી પ્રમાણે ભુજ સિટી-૧, સિટી-૨ અને પેટા વિભાગમાં ઉતારવામાં આવેલી ૨૩ ટુકડીઓ દ્વારા ૬૬૪ જેટલા વીજ જોડાણો તપાસવામાં આવ્યાં હતાં. આ તમામ સ્થળે ચેકિંગ બાદ ૩૭ જોડાણોમાં જુદી-જુદી રીતે વીજચોરી થતી હોવાનું માલૂમ પડતાં રૂ. ૨૨.૪૪ લાખના દંડ સહિતના બિલ આપવામાં આવ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીજચોરીની વ્યાપક ફરિયાદો વચ્ચે સમયાંતરે આ પ્રકારની ચેકિંગ ઝુંબેશ છેડવામાં આવતી હોય છે અને તાજેતરમાં કરોડોની વીજ તસ્કરી ઝડપી લેવામાં આવી હતી. આ ઝુંબેશ હજુ ચાલુ રહેવાનું જાણવા મળી રહ્યું છે. ■

# ભાવનગરમાં લોકોમાં ભય ફેલાવે તેવી પોસ્ટ અપલોડ કરનાર યુવાનને પોલીસે ઝડપી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં પોલીસના સોશ્યલ મીડીયા મોનિટરિંગ સેલ દ્વારા વિવિધ સોશ્યલ મીડીયા પર ભય ફેલાવે તેવી પોસ્ટ મૂકનારા શખ્સો પર વોચ રાખવામાં આવી રહી છે ત્યારે એસઓજીએ આજે વધુ એક શખ્સને છરી સાથે પોસ્ટ મૂકનાર શખ્સને ઝડપી પાડયો હતો.આ શખ્સ હાથમાં છરી લઇને કેક કાપવા માટે ઉભો રહીને તેની પાછળ આતશબાજી થતી હોવાનો વિડીયો ઈન્સ્ટાગ્રામમાં અપલોડ કર્યો હતો.

ભાવનગરમાં ભાવેશ બાબુભાઈ મકવાણા (રહે.અકવાડા, બંસી હોટલ પાસે) નામના શખ્સે ઇન્સ્ટાગ્રામ પર જે વીડિયો અપલોડ કર્યો હતો તેમાં તેણે એક્ટીવાની સીટ પર કેક મૂકી હતી અને તેના હાથમાં ઘાતક છરો હતો અને તે જગ્યાએ ઊભો હતો તેની પાછળ આતશબાજી થતી હોય તે રીતનો વીડિયો બનાવ્યો હતો. આ વીડિયો લોકોમાં ભય ફેલાય તે પ્રકારનો હોવાના કારણે ભાવનગર એસઓજી પોલીસે આ શખ્સને ઝડપી પાડી તેની પાસેથી છરી કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. ■



મેનેજમેન્ટ કોટાની શિષ્યવૃત્તિ બંધ કરાતા રાજકોટમાં આદિવાસી વિદ્યાર્થીઓ દ્વારા રેલી કાઢવામાં આવી હતી, આદિવાસી વિદ્યાર્થીઓએ રેલી કાઢી આદિજાતિ વિભાગમાં આવેદન આપ્યું હતું. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# પીએમજેએવાય-મા યોજનામાં ગેરરીતિ બદલ રાજકોટની બે હૉસ્પિટલ સસ્પેન્ડઃ ૯૦ લાખનો ફટકાર્યો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની વધુ બે હોસ્પિટલ પીએમજેએવાય-મા યોજનામાં ગેરરીતિ બદલ સસ્પેન્ડ કરવામાં આવી હતી. ભરૂચ અને વડોદરાની હોસ્પિટલ સામે ગેરરીતિ બદલ પેનલ્ટી ફટકારવામાં આવી હતી. ટ્યુબર બોર્ડના સર્ટિફિકેટના સહીસિક્કામાં છેડછાડ, સર્જરી માટેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન,બી.યુ. અને ફાયરસેફટી સર્ટિફિકેટના અભાવ અને સોનોગ્રાફીની પ્લેટ સાથેના છેડછાડ સહિતના કારણોસર હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઇ તેમજ દંડ ફડકારવામાં આવ્યો હતો. બે હોસ્પિટલમાં કુલ રૂ. ૯૦ લાખથી વધુની રકમની પેનલ્ટી અને ક્ષતિઓની પૂર્તતા ન થાય ત્યાં સુધી યોજનામાંથી સસ્પેન્ડની કાર્યવાહી કરવામાં આવી હતી.

રાજકોટની સ્વસ્તિક મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઇન્સ્યોરન્સ કંપની દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૯૬ કેસમાં અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી પ્લેટ અને હિસ્ટોપેથોલોજિકલ એક્ઝામિનેશન રિપોર્ટમાં છેડછાડ જોવા મળેલ હતી. જેના પરિણામે હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવી હતી અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જો કોઈ અન્ય હોસ્પિટલ કાર્યરત હશે તો તેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

યોજનાની માર્ગદર્શિકા મુજબ કુલ રૂ.૨,૯૪,૯૦,૦૦૦ પેનલ્ટી કરવામાં આવી હતી. ઉક્ત ક્ષતિઓ સાથે સંલગ્ન સ્પેશ્યાલિસ્ટ ડો. રાજેશ કંડોરીયાને યોજનામાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. રાજકોટની જ ક્રિષ્ના સર્જિકલ હોસ્પિટલનું બી. યુ. સર્ટિફિકેટ અને ફાયર એન.ઓ.સી. એક્સપાયર્ડ થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું હતું. તદઉપરાંત હોસ્પિટલ પાસે આઈઆરબી સર્ટિફિકેટ પણ ન હતું. યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પિટલમાં જરૂરી મેનપાવર હાજર ન હતા. હોસ્પિટલમાં આઈસીયુમાં સ્વચ્છતા બાબતે અભાવ જોવા મળ્યો હતો. ઓટી નોટ અને એનેસ્થેસિયા નોટમાં ડોકટર દ્વારા દર્શાવેલી માહિતીમાં વિસંગતા જોવા મળી હતી. જે બદલ ક્રિષ્ના સર્જિકલ હોસ્પિટલ - ઉપલેટા ને યોજના અંતર્ગત ઉક્ત ક્ષતિઓની પૂતર્તા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી હતી.

ભરૂચ ખાતેની જયાબેન મોદી હોસ્પિટલમાં હોસ્પિટલ તંત્ર દ્વારા ટ્યુમર બોર્ડ સર્ટિફિકેટમાં સહી અને સિક્કામાં ગેરરીતિ આચરીને ટીએમએસ સોફટવેરમાં અપલોડ કર્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેના પરિણામે હોસ્પિટલ દ્વારા આચરવામાં આવેલ ક્ષતિને ધ્યાને લઈ હાલમાં પ્રી-ઓથની કુલ રૂ.૩૩,૪૪,૦૩૧ રકમ રિકવરી કરવામાં આવશે. તેની પેનલ્ટી અંગેનો નિર્ણય આગામી સમયમાં થનારી સ્ટેટ ગ્રિવેન્સ રિડ્રેશલ કમિટીમાં લેવામાં આવશે. વડોદરા ખાતેની બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઓન્કોલોજી સર્જરીમાં આયુષ્માન યોજનાની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન થતું હોવાનું ધ્યાને આવ્યું હતું. આ ગેરરીતિ બદલ હોસ્પિટલના પ્રી-ઓથની કુલ રૂ. ૫૭,૫૧,૬૮૯/- રકમ રિકવરી કરવાનું તેની પેનલ્ટી અંગેનો નિર્ણય આગામી સમયમાં થનારી સ્ટેટ ગ્રિવેન્સ રિડ્રેશલ કમિટીમાં લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી જન આરોગ્ય- મા યોજના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓના દર્દને દૂર કરવા માટેની યોજના છે, જેમાં ગેરરીતિ કોઇપણ ભોગે ચલાવવામાં આવશે નહીં. આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી રાજ્યની કોઇપણ હોસ્પિટલ કે ડોક્ટરની કામગીરીને સાંખી નહીં લેવાનો રાજ્ય સરકારનો નિર્ધાર છે.તાજેતરમાં આ યોજના અંતર્ગત ગેરરીતિ આચરતી ઘટનાઓ સામે આવી છે જેના પગલે રાજ્યના આરોગ્ય વિભાગે આવી હૉસ્પિટલ્સ અને ડોક્ટર્સ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. ■

# અંજારના પરિવારના આઠ સભ્યની બાજરાના રોટલા આરોગ્યા બાદ તબિયત લથડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અંજાર શહેરના પ્રવેશદ્વાર સમા ગંગા નાકા વિસ્તારમાં બાજરાના રોટલા આરોગ્ય બાદ આઠ લોકોની તબિયત લથડતાં તમામને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, ગંગાનાકા વિસ્તારમાં શાળા નંબર ૧૦ પાસે રહેતા પરિવારના આઠ સભ્યએ બજારમાંથી ખરીદેલા બાજરાના ગરમાગરમ રોટલા આરોગ્યા બાદમાં તેમને શરીરમાં અસહ્ય દુઃખાવો ઉપડતાં તમામને પ્રથમ અંજારની સરકારી હૉસ્પિટલમાં લઇ જવાયા હતા.

બાદમાં વધુ સારવારની જરૂરિયાત જણાતાં તમામને ભુજની જિલ્લા સરકારી હૉસ્પિટલ લઇ જવાયા હતા, જ્યાં તેમને સારવાર હેઠળ રખાયા હતા. અસરગસ્તોના લોહીના નમૂના લેવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# કચ્છના ભાતીગળ ધોરડો-હોડકો ગામ પાસે પીકઅપ જીપ અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં સાત લોકો ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ભાતીગળ ધોરડો અને હોડકો ગામને જોડનારા માર્ગ પર એક બોલેરો કેમ્પર અને કિઆ સેલ્ટોસ કાર વચ્ચે અકસ્માત સર્જાતાં મોરબી અને જામનગર બાજુના સાત લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ બનાવ અંગે ભુજની જી. કે. જનરલ હૉસ્પિટલની પોલીસ ચોકી પાસેથી મળેલી વિગતો મુજબ, ગત ૧૫મી ડિસેમ્બરની સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ધોરડો-હોડકો વચ્ચે અકસ્માત સર્જાતા બોલેરોમાં રહેલા આદમ ઓસમાણ સુમરા (રહે. સુમરાપોર-કુરન) અને કિઆમાં સવાર મોરબીના આસીફ હબીબ રાઉમા, આસીફ લાખાણી, આફતાબ ગની રાઉમા, ઈમ્તિયાઝ રહેમાન રાઉમા અને જામનગરના હુસેન અસલમ સંધી તથા યાસીમ અલી રાઉમા ઘાયલ થતા તેઓને તાત્કાલિક જી. કે. જનરલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. આ બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. ■

# સુરેન્દ્રનગરમાં ડુક્કર પકડવા મુદ્દે બે જૂથો વચ્ચે અથડામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં ડુક્કર પકડવા મુદ્દે બે જૂથો વચ્ચે અથડામણ થઇ હતી. સામાન્ય બોલાચાલી બાદ મામલાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. આ જૂથ અથડામણમાં ૯ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બન્ને પક્ષના લોકો લાકડી, ધારીયા, ધોકા, તલવાર લઈને જાહેર રસ્તા પર ઉતરી આવ્યા હતા અને સામ સામે મારામારી કરી હતી.

બે જૂથો વચ્ચે અથડામણનો લાઈવ વીડિયો પણ આવ્યો સામે આવ્યો હતો.. શહેરના હેલિપેડ નજીક આ ફિલ્મી દશ્યો સર્જાયા હતા. જેને લઈ ફરી એક વખત સુરેન્દ્રનગર શહેરમાં જાહેરમાં કાયદો અને વ્યવસ્થાના લીરા ઉડ્યા હતા. ■

# રાજકોટમાં અશાંત ધારાનો યોગ્ય અમલ થતો ન હોવાના ધારાસભ્ય દર્શિતા શાહના આરોપ બાદ તંત્ર દોડતું થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં અશાંત ધારા અંગે ધારાસભ્ય દર્શિતા શાહે યોગ્ય અમલ ન થતો હોવાનો આરોપ લગાવતા પોલીસ એક્શનમાં આવી હતી.

રાજકોટ પોલીસે જે સ્થળોએ અશાંતધારો લાગુ છે તે સ્થળોએ તપાસ હાથ ધરી હતી. યોગ્ય કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી છે કે નહીં તેની તપાસ હાથ ધરી હતી.

પોલીસે વોર્ડ નંબર ૨, સુભાષનગર સહિતના વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. આ અંગે ધારાસભ્ય દર્શિતા શાહે જણાવ્યું કે મારા મતવિસ્તારમાં અનેક લોકોની અશાંત ધારાના ભંગ સંદર્ભે રજૂઆત મળી હતી. આ વાત ધ્યાને આવતા મે કલેક્ટરને રજૂઆત કરી હતી અને કલેક્ટરે પણ તેને ગંભીરતાથી લીધી હતી. જે બાદ પોલીસે આજે સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જે જગ્યાએ અશાંત ધારાનો ભંગ થયો છે. તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. પૂર્વ મંજૂરી લીધા વિના ભંગ કરનારા સામે કડક હાથે કામ લેવામાં આવશે.

વધુમાં દર્શિતા શાહે જણાવ્યું હતું કે, કેટલાક એવા કિસ્સાઓ હોય છે જેમા એક જ કોમના બે વ્યક્તિઓ વચ્ચે કરાર થયો હોય અને અશાંત ધારામાં તેના દસ્તાવેજ પણ થઈ ગયા હોય. જ્યારે જમીની હકીકત એવી હોય કે ત્યાં કોઈ બીજી જ વ્યક્તિ રહેતી હોય આવા કેસની પણ કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. જેમના નામે કરાર કે દસ્તાવેજ થયેલો હોય એ વ્યક્તિ ન રહેતી હોય અને અન્ય વ્યક્તિ રહેતી હોય તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. હાલ અશાંત ધારા ભંગનો એક કેસ સામે આવ્યો છે. જેની પોલીસ કમિશનરને પણ સૂચના આપવામાં આવી હતી. ■

# રોડ પંદર દિવસમાં બનાવવા મુદ્દે તળાજા ડે.કલેક્ટરે કર્મીને ફોન કરી ઉધડો લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગતિશીલ ગુજરાતની દુહાઈઓ વચ્ચે રસ્તાના મામલે વાસ્તવિકતા દૂર હોય તેવો અહેસાસ તળાજાના ગાધેસર ગામના લોકોએ સંગઠિત થઈ ઉચ્ચ અધિકારીઓને કરાવ્યો હતો. ગાધેસર ગ્રામજનોએ ભૂખ હડતાળ, રસ્તા રોકો આંદોલન અને પંદર દિવસમાં રોડ ન બને તો અમારે જરૂર નથી અમો જેસીબી મારી દઈશું તેવા શબ્દો ઉચ્ચારતા તળાજા ડે.કલેકટર એ સંબધિત વિભાગમાં ફોન કરી ચાર વર્ષથી રસ્તો શા કારણે નથી બનતો? જેવા સવાલો કરી ઉધડો લીધો હતો.

ગ્રામજનોએ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની લાલીયાવાડી કેવી ચાલે છે તેની પોલ ખોલતા જણાવ્યું હતું કે પસ્વી વાયા ગાધેસર દાઠા રોડ મંજૂર થયા અને તેના પર પથર નાખ્યા ને ચાર વર્ષ થયાં. આજ સુધીમાં ત્રણ વખત કપચા કોકરેટ નખાઈ પેવર રોડ ન બન્યો.જેના કારણે રોડપરથી પશુ,માણસ કે વાહન ચલાવવું અતિ મુશ્કેલ પડે છે. ચારચાર વર્ષથી કામ થતું નથી.

પંદર દિવસ આપીએ છીએ નહિતર અમો અમારી મશીનરી લાવી ને કપચા હટાવી દઈશું. ગ્રામજનો એટલી હદે ત્રાસી ગયા હતા કે અમારે રસ્તો નથી જોઈતો પહેલાની મૂળ સ્થિતિમાં લાવી આપો. ગ્રામજનો ની જાગૃતતા અને આક્રોશભર્યા શબ્દો, ડે.કલેકટર એ પણ અંગત રસ દાખવી ઉધડો લેતા સંબધિત અધિકારી એ પખવાડિયામાં રોડ બનવાનું શરૂ થઈ જશે ની ખાત્રી આપી હતી. ■

# સુરેન્દ્રનગરમાં ચાર પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગરમાં ચાર પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડાએ ચાર પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરતાં પોલીસ બેડામાં ફફડાટ ફેલાયો હતો. લીંબડી સબજેલમાં સરપ્રાઈઝ ચેકીંગ દરમિયાન જેલ પર ગાર્ડ તરીકે મુકવામાં આવેલા ૪ પોલીસ કર્મીઓ હાજર જોવા મળ્યા નહોતા.

લીંબડી સબજેલમાં ખૂનખાર કેદીઓ માટે ગાર્ડ મુકવામાં હતા. પોલીસ ગાર્ડ ચેકીંગ દરમ્યાન હાજર ન મળતા તેમને સસ્પેન્ડ કરાયા હતા. ફરજ પર ગેરહાજર મળતા જિલ્લા પોલીસ વડાએ કાર્યવાહી કરી હતી.

સબજેલમાં સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન નટવરભાઈ લાલજીભાઈ, હરપાલસિંહ સુખદેવસિંહ, વિરેન્દ્રસિંહ દિલાવરસિંહ, વિરેન્દ્રસિંહ ધનુ નામના ચાર પોલીસ કર્મી ગેરહાજર હતા. જેના પગલે જિલ્લા પોલીસ વડાએ કાર્યવાહી કરી હતી. ■